(ગુજરાતી તથા ઈંગલીશ અર્થ સાથે)

# નવસ્મરણ




વિવેચક
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી પ્રેમ-ભુવન-ભાનુ-પદ્મ-જયઘોષસૂરિ સદ્ગુરુભ્યો નમઃ

ગુજરાતી તથા ઇંગ્લીશમાં મૂળ ગાથાઓ તેમજ

ગુજરાતી અને ઇંગ્લીશમાં સુંદર ગાથાર્થો સાથે

મહાપ્રભાવયુક્ત

# શ્રી
# નવસ્મરણ

: પ્રેરણા તથા મંગળ આશિષદાતા :

પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવેશ

**શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

■

: ગુજરાતીમાં અર્થ કરનાર :

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

■

: ઇંગ્લીશમાં અર્થ કરનાર :

**ડૉ. શ્રી અમૃતભાઇ ઉપાધ્યાય**

(એમ. એ., પીએચ. ડી.)

■


: ૫૦૦ નકલના પ્રકાશક :

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

બી. સી. જરીવાલા, શોપ નં. ૫, ભદ્રિકેશ્વર સોસાયટી,

મરીન ડ્રાઇવ, ઈ રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૨.

ફોન : ૨૦૧૮૩૯૦, ૩૬૨૫૭૯૬, ૩૬૪૧૩૩૭

: ૫૦૦ નકલના પ્રકાશક :
**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
બી.સી. જરીવાળા
શોપ નં. ૫, ભદ્રિકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઇવ, ઇ રોડ,
મુંબઇ-૪૦૦ ૦૦૨. ફોન : (O.) ૨૦૧૮૩૯૦, ૨૦૧૮૪૨૦

## પ્રાપ્તિસ્થાન

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
બી. સી. જરીવાળા
શોપ નં. ૫, ભદ્રિકેશ્વર સોસાયટી,
મરીન ડ્રાઇવ, ઇ રોડ, મુંબઇ-૨
ફોન : (O.) ૨૦૧૮૩૯૦, ૨૦૧૮૪૨૦

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
C/o ચંદ્રકાન્તભાઇ સંઘવી
૬/ અશોક કોમ્પ્લેક્ષ, રેલ્વે ગરનાળા પાસે,
પાટણ (ઉ.ગુ.)

**શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે,
મહેસાણા. (ઉ. ગુ.) ફોન : ૫૧૩૨૭

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
૭૦૨, રામસા ટાવર,
ગંગા-જમના એપાર્ટમેન્ટ પાસે,
અડાજણ પાટીયા, સુરત-૯.
(INDIA) ફોન : ૬૮૮૯૪૩

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧.
ફોન : ૫૩૫૬૬૯૨

**સુઘોષા કાર્યાલય**
શેખનો પાડો, ઝવેરીવાડની સામે, રિલીફ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૩૧૪૧૮

**સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી,
ઝવેરી બજાર, મુંબઇ

વિ. સં. ૨૦૫૬
વીર સં. ૨૫૨૬

**કિં. રૂા. ૫૦-૦૦**

પ્રથમ આવૃત્તિ
ઇ.સન્ ૨૦૦૦

૫૦૦ કોપીના પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ-મુંબઇ.

**ભરત ગ્રાફીક્સ** : ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફરોડ, અમદાવાદ-૧.
ફોન : (O.) ૨૧૩૪૧૭૬, (R.) ૨૧૨૪૭૨૩.

# પ્રકાશકીય નિવેદન

પ. પૂ. વર્ધમાન તપોનિધિ સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના પ્રશિષ્યરત્ન પ. પૂ. વૈરાગ્ય દેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયહેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજની પ્રેરણા તથા માર્ગદર્શન અને આશિષથી **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ** દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી શ્રીસંઘના સાતે ક્ષેત્રના અનેકવિધ કાર્યો ચાલી રહ્યાં છે. જીર્ણપ્રાયઃ થયેલા આગમગ્રંથો, અને શાસ્ત્રગ્રંથોને પુનર્જીવિત કરવાનું કાર્ય મોટા પાયે ચાલી રહ્યું છે.

પૂજયપાદ સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર પ. પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા** પટ્ટાલંકાર, સમતાસાગર પ. પૂ. પંન્યાસજી **શ્રી પદ્મવિજયજી ગણિવર્ય**ના દિવ્ય આશિષથી પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આ. ભ. **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.** તથા પૂ. મુનિરાજ **શ્રી કલ્યાણબોધિવિજયજી મ.સા.**ના સતત અને ભગીરથ પ્રયાસથી તથા સદુપદેશથી આજ દિન સુધી ૨૦૦ થી વધુ શાસ્ત્રગ્રંથોની ૪૦૦-૪૦૦ નકલ કરાવીને ભારતભરના સંઘોમાં તથા જ્ઞાનભંડોરમાં ઘેર બેઠા પહોંચાડવાનું કાર્ય આ ટ્રસ્ટ દ્વારા થઇ રહ્યું છે.

અનેક શ્રુતપ્રેમી શ્રાદ્ધવર્યો તથા શ્રીસંઘના અખુટ સહકારથી શ્રુતના ઉદ્ધારનું વિરાટ કાર્ય ખૂબ સહજતાથી થઇ રહ્યું છે. હજુ સેંકડો-હજારો શ્રુતગ્રંથોને પુનર્જીવિત કરી ભાવિ પેઢીને શ્રુતનો અમૂલ્ય વારસો પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરવાની અમારી ખેવના છે. જે દેવ ગુરુ અને શાસનદેવના પ્રભાવથી જરૂર પૂર્ણ થશે.

સમયનો પ્રવાહ ઝડપથી દિશા બદલી રહ્યો છે. સર્વ ભાષાની માતા અને મૂળ સમી સંસ્કૃત ભાષા દિવસે દિવસે લુપ્ત થઇ જાય છે. વિદેશી એવી અંગ્રેજી ભાષાનો વ્યાપ વધતો જાય છે. ત્યારે આપણી પાછલી પેઢી ધર્મસંસ્કારોથી વંચિત ન રહી જાય એ એક માત્ર આશયથી ન છૂટકે નવસ્મરણ સૂત્રનું અંગ્રેજીકરણ થઇ રહ્યું છે.

પંડિતવર્ય શ્રી ધીરૂભાઇ મહેતાએ નવસ્મરણનો સરળ ભાવાનુવાદ કર્યો છે. તેનું અંગ્રેજી લીપીમાં ઉચ્ચારણ તથા ભાષાનુવાદનું અંગ્રેજીકરણ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય મુનિશ્રી કલ્યાણબોધિવિજયજી મ. ની પ્રેરણા પામી વિદ્વાન્ પ્રો. અમૃતલાલ ઉપાધ્યાયે કરેલ છે. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ તથા જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ દ્વારા આ પુસ્તકનું પ્રકાશન થઇ રહ્યું છે.

આ નવસ્મરણના પઠન પાઠન દ્વારા અનેક પુણ્યાત્માઓ કર્મ નિર્જરા સાધી શીઘ્ર મુક્તિને વરે એજ એક અભ્યર્થના

લિ.

**પ્રકાશક**

# દિવ્ય-કૃપા

પરમ પૂજ્ય સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવેશ
**શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા**
પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ
**શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**
પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવર
**શ્રી પદ્મવિજયજી ગણિવરજી મહારાજા**

# પ્રેરણા તથા માર્ગદર્શન

પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવેશ
**શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

## આર્થિક સહકાર

'શ્રી નવસ્મરણ' સાર્થ (અંગ્રેજી અનુવાદયુક્ત)
નામક ગ્રંથની ૫૦૦ નકલનો લાભ
પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્
**વિજય હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા
તથા
પૂ. મુનિરાજશ્રી
**કલ્યાણબોધિવિજયજી** મહારાજની
મંગલ પ્રેરણાથી
**શ્રી નવજીવન શ્વેતામ્બર**
**મૂર્તિપૂજ જૈન સંઘ મુંબઇ**
તરફથી તેઓના જ્ઞાનનિધિમાંથી લીધેલ છે શ્રી
સંઘે કરેલ આ શ્રુતસુકૃતની અમો ભૂરિ ભૂરિ
અનુમોદના કરીએ છીએ.

લિ.
શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ
ચંદ્રકુમારભાઇ ઝરીવાલા
લલિતભાઇ આર. કોઠારી
પુંડરિકભાઇ એ. શાહ

# શ્રુતસમુદ્ધારક

૧ ભાણબાઇ નાનજી ગડા, મુંબઇ.
(પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરિ મ. સા.ના ઉપદેશથી)

૨ શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

૩ શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પ. પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્ વિજયહિમાંશુસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

૪ શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઇ.
(પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિ મ. સા.ની દિવ્ય-કૃપા તથા) (પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂ. મ. સા.ની પ્રેરણાથી)

૫ શ્રી લાવણ્ય સોસાયટી શ્વે. મૂ. જૈન સંઘ, અમદાવાદ.
(પ. પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬ નયનબાળા બાબુભાઇ સી. જરીવાલા, હ. ચંદ્રકુમારભાઇ, મનીષભાઇ, કલ્પનેષભાઇ, (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિ. મ.સાની પ્રેરણાથી)

૭ કેશરબેન રતનચંદ કોઠારી હ : લલિતભાઇ.
(પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૮ શ્રી શ્વેતામ્બર મૂ. ત. જૈન પૌષધશાળા ટ્રસ્ટ, દાદર, મુંબઇ.

૯ શ્રી મુલુંડ શ્વે. મૂ. ત. જૈન સંઘ, મુલુંડ, મુંબઇ.
(પૂજ્યપાદ આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)

૧૦ શ્રી સાંતાક્રુઝ શ્વે. મૂ. ત. જૈન સંઘ, સાંતાક્રુઝ, મુંબઇ.
(પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૧૧ શ્રી દેવકરણ મૂળજીભાઇ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઇ.
(પ. પૂ. મુનિરાજશ્રી સંયમબોધિ વિ. મ. સા.ની પ્રેરણાથી)

૧૨ સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.
(પૂ. સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે.)

૧૩ બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરિટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઇ.
(પ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ., પૂ. મુનિરાજશ્રી મહાબોધિ વિ. મ. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિ. મ. ની પ્રેરણાથી)

૧૪ શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઇ.
(પૂ. મુનિશ્રી હેમદર્શન વિ. મ. તથા પૂ. મુનિશ્રી રમ્યઘોષ વિ. મ.ની પ્રેરણાથી)

૧૫ શ્રી જૈન શ્વે. મૂ. સંઘ, મંગળ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ.
(પ. પૂ. આચાર્યદેવ શ્રી રુચકચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી)

૧૬ શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂ. જૈન સંઘ, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ.
(પૂ. મુનિશ્રી કલ્યાણબોધિ વિ. મ.ની પ્રેરણાથી)

૧૭ શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઇ.
(પૂ. મુનિશ્રી અક્ષયબોધિ વિ. મ.ની પ્રેરણાથી)

૧૮ શ્રી કલ્યાણજી સોભાગચંદ જૈન પેઢી, પિંડવાડા-રાજસ્થાન.
(સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.ની સંયમની અનુમોદનાર્થે)

૧૯ શ્રી ઘાટકોપર જૈન શ્વે. મૂ. ત. સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ.
(વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૦ શ્રી આંબાવાડી શ્વે. મૂ. ત. સંઘ, અમદાવાદ.
(પૂ. મુનિ શ્રી કલ્યાણબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૨૧ શ્રી જૈન શ્વે. મૂ. સંઘ, વાસણા, અમદાવાદ.
(પૂ. આ. શ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂ. તપસ્વીરત્ન આ. શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૨૨ શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણીધર દેરાસર, પાલડી, અમદાવાદ.

(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિવિજયજી મ.ની પ્રેરણાથી)

૨૩ શ્રી મહાવીર જૈન શ્વે. મૂ. સંઘ, પાલડી, અમદાવાદ. શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય. (પ. પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૪ શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. ત. સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઇ.

૨૫ શ્રી જીવીત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા (રાજસ્થાન) (પૂ. ગણિ શ્રી અક્ષયબોધિ વિ. મ. સા. તથા પૂ. મુનિશ્રી મહાબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૨૬ શ્રી વિશા ઓશવાળ તપગચ્છ જૈન સંઘ, ખંભાત. (વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૭ શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર, મુંબઇ. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૨૮ શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ (પૂ. આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.ના સં. ૨૦૫૩ના ચાતુર્માસ પ્રસંગે)

૨૯ શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટ. અંધેરી (ઇ.) (પૂ. મુનિશ્રી નેત્રાનંદવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૦ શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે. મૂ. સંઘ, જૈનનગર, અમદાવાદ.
(પ. પૂ. મુનિશ્રી સંયમબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૧ શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂ. સંઘ, સૈજપુર, અમદાવાદ. (પ. પૂ. આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજય મ. સા.ની પ્રેરણાથી)

૩૨ શ્રી બાબુભાઇ સી. જરીવાળા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૩૩ શ્રી ગોડી પાર્શ્વનાથ ટેમ્પલ ટ્રસ્ટ, પુના,
(પ્રેરક : પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ. સા.)

૩૪ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મંદિર ટ્રસ્ટ-ભવાની પેઠ, પૂના.
(પ્રેરક : પૂ. મુનિશ્રી અનંતબોધિવિજયજી મ. સા.)

૩૫ શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય-ખંભાત.
(પૂ. પ્રવર્તિની સાધ્વી શ્રી રંજનશ્રીજી મ. સા. તથા પ્રવર્તિની સાધ્વીશ્રી ઈન્દ્રશ્રીજી મ. સા.ના સંયમ જીવનની અનુમોદનાર્થે પૂ. સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી મ. સા. તથા પૂ. સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ. સા.)

૩૬ શ્રી જવાહરનગર જૈન શ્વે. મૂ. સંઘ-ગોરેગામ-મુંબઈ
(પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૩૭ શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાળા ટ્રસ્ટ
(પૂ. મુનિશ્રી અપરાજિતવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૮ શ્રી માટુંગા જૈન શ્વે. પૂ. તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ-માટુંગા મુંબઈ
(પૂ. પંન્યાસપ્રવર શ્રી જયસુંદરવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૩૯ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે. મૂ. જૈન સંઘ. ૬૦ ફૂટ રોડ, ઘાટકોપર (ઇ.)
(પૂ. પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

●●●

## શ્રુતોદ્ધારક બનતા પુણ્યાત્માઓ તથા જૈન સંઘ

૧ શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ, પાલડી, અમદાવાદ.
(પ. પૂ. મુનિરાજશ્રી નિપુણચંદ્રવિજય મ. સા.ની પ્રેરણાથી)

૨ શ્રી નડીયાદ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નડીયાદ.
(પ. પૂ. મુનિ શ્રી વરબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩ શ્રી સાયન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાયન, મુંબઈ.

૪ શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ.
સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ) મુંબઈ.

## શ્રુતભક્ત બનતા પુણ્યાત્માઓ તથા જૈન સંઘ

૧ શ્રી બાબુભાઈ સી. જરીવાલા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા.

૨ શ્રી બાપુનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિવિજયજી મ. સા. તથા
પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩ શ્રી સુમતિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક-જૈન સંઘ, મેમનગર, અમદાવાદ.
(પૂ. મુનિરાજશ્રી ધર્મરક્ષિત વિ. મ. તથા પૂ. મુનિરાજશ્રી હેમદર્શન વિ. મ.ની પ્રેરણાથી)

૪ સ્વ. શ્રી સુંદરલાલ દલપતભાઈ ઝવેરી.
હા. જાસુદબેન, પુનમચંદભાઈ, જસવંતભાઈ વગેરે.

૫ શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંદિર ટ્રસ્ટ, કોલ્હાપુર.

૬ શ્રી અરવિંદકુમાર કેશવલાલ ઝવેરી જૈન રિલિજીયસ ટ્રસ્ટ, ખંભાત.

# શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ-મુંબઇ દ્વારા પ્રકાશિત થયેલા ગ્રંથોની સૂચિ

૧) જીવવિચાર પ્રકરણ સટીક દંડક પ્રકરણ સટીક કાર્યસ્થિતિ સ્તોત્રાભિધાન સટીક.
૨) ન્યાયસંગ્રહ સટીક.
૩) ધર્મસંગ્રહ સટીક ભાગ-૧.
૪) ધર્મસંગ્રહ સટીક ભાગ-૨.
૫) ધર્મસંગ્રહ સટીક ભાગ-૩.
૬) જીવસમાસ ટીકાનુવાદ
૭) જંબુદ્વીપ સંગ્રહણી સટીક.
૮) સ્યાદ્વાદમંજરી સાનુવાદ.
૯) સંક્ષેપ સમરાદિત્ય કેવળી ચરિત્ર.
૧૦) બૃહત્ક્ષેત્રસમાસ સટીક.
૧૧) બૃહત્ સંગ્રહણી સટીક.
૧૨) બૃહત્ સંગ્રહણી સટીક.
૧૩) ચેઈયવંદણ મહાભાસ.
૧૪) નયોપદેશ સટીક.
૧૫) પુષ્પમાળા (મૂળ અનુવાદ)
૧૬) મહાવીરચરિયં.
૧૭) મલ્લિનાથ ચરિત્ર
૧૮) વાસુપૂજ્ય ચરિત્ર.
૧૯) શાંતસુધારસ સટીક.
૨૦) શ્રાદ્ધગુણ વિવરણ.
૨૧) તત્ત્વજ્ઞાન તરંગિણી.
૨૨) ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ ૩/૪.
૨૩) ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ ૫/૬.
૨૪) અષ્ટસહસ્રી તાત્પર્ય વિવરણ.
૨૫) મુક્તિપ્રબોધ.
૨૬) વિશેષણવતીવંદન પ્રતિક્રમણ અવચૂરી.
૨૭) પ્રવ્રજ્યા વિધાન કુલક સટીક.
૨૮) ચૈત્યવંદન ભાષ્ય (સંઘાચાર ભાષ્ય સટીક.)
૨૯) વર્ધમાનદેશના પદ્ય (ભા.૧ છાયા સાથે.)
૩૦) વર્ધમાનદેશના પદ્ય (ભા.૨ છાયા સાથે)
૩૧) વ્યવહાર શુદ્ધિ પ્રકાશ.
૩૨) અનેકાન્ત વ્યવસ્થા પ્રકરણ.
૩૩) પયરણ સંદોહ.
૩૪) ઉત્પાદાદિસિદ્ધિ પ્રકરણ સટીક.
૩૫) અભિધાનવ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ ભા.-૧ (ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન.)
૩૬) અભિધાનવ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ ભા. ૨. (ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન.)
૩૭) પ્રશ્નોત્તર રત્નાકર (સેનપ્રશ્ન.)
૩૮) સંબોધસમતિ સટીક.
૩૯) પંચવસ્તુ સટીક.
૪૦) શ્રી જંબૂસ્વામી ચરિત્ર.
૪૧) શ્રી સમ્યક્ત્વ સપ્તતિ સટીક.
૪૨) ગુરુ ગુણ ષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા સટીક.

૪૩) સ્તોત્ર રત્નાકર.
૪૪) ઉપદેશ સપ્તતિ.
૪૫) ઉપદેશ રત્નાકર.
૪૬) શ્રી વિમલનાથ ચરિત્ર.
૪૭) સુબોધા સમાચારિ.
૪૮) શાંતિનાથ ચરિત્ર ગ્રંથ.
૪૯) નવપદ પ્રકરણ સટીક ભા.-૧.
૫૦) નવપદ પ્રકરણ સટીક ભા.-૨.
૫૧) નવપદ પ્રકરણ લઘુ વૃત્તિ.
૫૨) શ્રાદ્ધ પ્રકરણ વૃત્તિ.
૫૩) શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.
૫૪) વિજયપ્રશસ્તિ ભાષ્ય (વિજયસેનસૂરિચરિત્ર.)
૫૫) કુમારપાળ મહાકાવ્ય સટીક (પ્રાકૃત દ્વયાશ્રય)
૫૬) ધર્મરત્ન પ્રકરણ સટીક ભા.-૧.
૫૭) ધર્મરત્ન પ્રકરણ ભા-૨.
૫૮) ઉપદેશ પદ ભા-૧.
૫૯) ઉપદેશ પદ ભા-૨.
૬૦) શ્રાદ્ધદિનકૃત્ય ભા-૧.
૬૧) શ્રાદ્ધદિનકૃત્ય ભા-૨.
૬૨) પાર્શ્વનાથ ચરિત્ર.
૬૩) વિચારરત્નાકર.
૬૪) ઉપદેશ સપ્તતિકા
૬૫) દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણ
૬૬) પુષ્પ પ્રકરણમાળા.
૬૭) ગુર્વાવલી.
૬૮) પુષ્પ પ્રકરણ.
૬૯) નેમિનાથ મહાકાવ્ય.
૭૦) પાંડવ ચરિત્ર ભા-૧.
૭૧) પાંડવ ચારિત્ર ભાગ-૨.
૭૨) પાર્શ્વનાથ ચરિત્ર ગદ્ય.
૭૩) હીર પ્રશ્નોત્તરાણિ.
૭૪) ધર્મવિધિ પ્રકરણ
૭૫) સુપાર્શ્વનાથ ચરિત્ર ભા-૧.
૭૬) દેવધર્મ પરીક્ષાદિ ગ્રંથો.
૭૭) સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. -૨-૩.
૭૮) પ્રકરણત્રયી.
૭૯) સમતાશતક (સાનુવાદ)
૮૦) ઉપદેશમાળા-પુષ્પમાળા.
૮૧) પૃથ્વીચંદ્ર ચરિત્ર.
૮૨) ઉપદેશમાળા.
૮૩) પાઈયલચ્છી નામમાલા.
૮૪) દોઢસો સવાસો ગાથાના સ્તવનો.
૮૫) દ્વિવર્ણ રત્નમાલા.
૮૬) શાલિભદ્ર ચરિત્ર.
૮૭) અનંતનાથચરિત્ર પૂજાષ્ટક
૮૮) કર્મગ્રંથ અવચૂરી.
૮૯) ઉપમિતિ ભવ પ્રપંચ કથા ભા.-૧.
૯૦) ધર્મબિન્દુ સટીક.
૯૧) પ્રશમરતિ સટીક.
૯૨) માર્ગણાદ્વાર વિવરણ.
૯૩) કર્મસિદ્ધિ.
૯૪) જંબુસ્વામી ચરિત્ર અનુવાદ.
૯૫) ચૈત્યવંદન ભાષ્ય સાનુવાદ.
૯૬) ગુણવર્મા ચરિત્ર સાનુવાદ.
૯૭) સવાસો દોઢસો ગાથાના સ્તવનો.
૯૮) દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા.
૯૯) કથાકોષ.

૧૦૦) જૈન તીર્થ દર્શન.
૧૦૧) જૈન કથા સંગ્રહ ભા-૧.
૧૦૨) જૈન કથા સંગ્રહ ભા-૨.
૧૦૩) જૈન કથા સંગ્રહ ભા-૩.
૧૦૪) રયણસેહર નિવકહા.
૧૦૫) આરંભસિદ્ધિ સટીક.
૧૦૬) નેમિનાથ ચરિત્ર ગદ્ય.
૧૦૭) મોહોન્મુલમ્ (વાદસ્થાનમ્)
૧૦૮) શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર (અનુવાદ)
૧૦૯) શ્રી ચંદ્રપ્રભસ્વામી ચરિત્ર (અનુવાદ)
૧૧૦) આપણા જ્ઞાનમંદિરો.
૧૧૧) પ્રમાણલક્ષણ.
૧૧૨) આચાર પ્રદીપ.
૧૧૩) વિવિધ પ્રશ્નોત્તર.
૧૧૪) આચારોપદેશ અનુવાદ.
૧૧૫) પટ્ટાવલી સમુચ્ચય ભા-૧.
૧૧૬) પટ્ટાવલી સમુચ્ચય ભા-૨.
૧૧૭) રત્નાકરાવતારિકા અનુવાદ ભા.-૧.
૧૧૮) રત્નાકરાવતારિકા અનુવાદ ભા.-૨.
૧૧૯) ચૈત્યવંદન ચોવીસી તથા પ્રશ્નોત્તર ચિંતામણી
૧૨૦) નિરયાવલિ સૂત્ર.
૧૨૧) કલ્યાણ મંદિર-લઘુશાંતિ સટીક.
૧૨૨) ઉપદેશ સપ્તતિકા (ટીકાનુવાદ) પુસ્તક
૧૨૩) પ્રતિક્રમણ હેતુ (પુસ્તક).
૧૨૪) જૈન કુમારસંભવ મહાકાવ્ય.
૧૨૫) દેવચંદ્ર સ્તવનાવલિ.
૧૨૬) આનંદકાવ્ય મહોદધિ ભા-૧. (શાલિભદ્ર-કુસુમશ્રી-રોહિણી પ્રેમલાવછી રાસ)
૧૨૭) શ્રી પર્યંત આરાધના સૂત્ર (અવચૂરી અનુવાદ સાથે.)
૧૨૮) જિનવાણી (તુલનાત્મકદર્શન વિચાર)
૧૨૯) પ્રશ્નોત્તર પ્રદીપ ગ્રંથ.
૧૩૦) પ્રાચીન કોણ શ્વેતામ્બર કે દિગમ્બર (ગુજરાતી)
૧૩૧) જંબૂદ્વીપ સમાસ (અનુવાદ.)
૧૩૨) સુમતિ ચરિત્ર (અનુવાદ.)
૧૩૩) તત્ત્વામૃત (અનુવાદ.)
૧૩૪) ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ-૨.
૧૩૫) ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ-૧.
૧૩૬) જૈન કથા સંગ્રહ ભા.-૪. પ્રતાકાર સંસ્કૃત.
૧૩૭) જૈન કથા સંગ્રહ ભા.-૫.
૧૩૮) જૈન કથા સંગ્રહ ભા.-૬.
૧૩૯) જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ) ભા.-૧.
૧૪૦) જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ) ભા.-૨.
૧૪૧) શ્રીમોક્ષપદ સોપાન (ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ)
૧૪૨) રત્નશેખર રત્નવતી કથા (પર્વતિથિ માહાત્મ્ય પર)

૧૪૩) ષષ્ઠિશતકમ્ (સાનુવાદ.)
૧૪૪) નમસ્કાર મહામંત્ર (નિબંધ.)
૧૪૫) જૈન ગૌત્ર સંગ્રહ (પ્રાચીન જૈન ઈતિહાસ સહિત)
૧૪૬) નયમાર્ગદર્શક યાને સાતનયનું સ્વરૂપ.
૧૪૭) મહોપાધ્યાયશ્રી વીરવિજયજી મહારાજા ચરિત્ર.
૧૪૮) મુક્તિ માર્ગદર્શન ધર્મપ્રાપ્તિના હેતુઓ.
૧૪૯) ચેતાદૂતમ્
૧૫૦) મૂર્તિમંડન પ્રશ્નોત્તર
૧૫૧) પિંડવિશુદ્ધિ અનુવાદ.
૧૫૨) નંદિસૂત્ર (મૂળ.)
૧૫૩) નંદિસૂત્ર સટીક (બીજી આવૃત્તિ)
૧૫૪) નંદિસૂત્ર ચૂર્ણિ સટીક
૧૫૫) અનુયોગ દ્વાર સટીક.
૧૫૬) દશવૈકાલિક સટીક.
૧૫૭) દશવૈકાલિક સટીક.
૧૫૮) ઓઘનિર્યુક્તિ સટીક.
૧૫૯) પિંડનિર્યુક્તિ.
૧૬૦) આવશ્યક સૂત્રની ટીકા ભા.-૧.
૧૬૧) આવશ્ય સૂત્રની ટીકા ભા.-૨.
૧૬૨) આવશ્ય સૂત્રની ટીકા ભા.-૩.
૧૬૩) આવશ્ય સૂત્રની ટીકા ભા.-૪.
૧૬૪) આવશ્ય સૂત્રની ટીકા ભા.-૧.
૧૬૫) આવશ્ય સૂત્રની ટીકા ભા.-૨.
૧૬૬) આવશ્યક સૂત્રની ટીકા ભા.-૩.
૧૬૭) આવશ્યક સૂત્રની દીપિકા ભા.-૧.
૧૬૮) આવશ્યક સૂત્રની દીપિકા ભા.-૨.
૧૬૯) આવશ્યક સૂત્રની દીપિકા ભા.-૩.
૧૭૦) ઉત્તરાધ્યયન સટીક ભા. -૧.
૧૭૧) ઉત્તરાધ્યયન સટીક ભા. -૨.
૧૭૨) ઉત્તરાધ્યયન સટીક ભા. -૩.
૧૭૩) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ-૧.
૧૭૪) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ-૨.
૧૭૫) જીવાજીવાભિગમ સૂત્ર ભા.-૧.
૧૭૬) જીવાજીવાભિગમ સૂત્ર ભા.-૨.
૧૭૭) રાજપ્રશ્નીય.
૧૭૮) આચારાંગ દીપિકા
૧૭૯) ભગવતી સૂત્ર ભાગ-૧.
૧૮૦) ભગવતી સૂત્ર ભાગ-૨.
૧૮૧) ભગવતી સૂત્ર ભાગ-૩.
૧૮૨) પન્નવણા સૂત્ર સટીક ભાગ-૧.
૧૮૩) પન્નવણા સૂત્ર સટીક ભાગ-૨.
૧૮૪) ઋષિભાષિસૂત્ર.
૧૮૫) હરિભદ્રીય આવશ્યક ટીપ્પણક.
૧૮૬) સૂર્યપ્રજ્ઞપ્તિ સટીક.
૧૮૭) આચારાંગ દીપિકા ભાગ-૧.
૧૮૮) સૂત્રકૃતાંગ દીપિકા ભાગ--૨.
૧૮૯૦ ઠાણાંગ સટીક ભાગ-૧.
૧૯૦) ઠાણાંગ સટીક ભાગ-૨.
૧૯૧) અનુયોગદ્વાર મૂળ.
૧૯૨) સમવાયાંગ સટીક.
૧૯૩) આચારાંગ દીપિકા ભાગ-૨.
૧૯૪) સૂત્રકૃતાંગ સટીક ભાગ-૧.

૧૯૫) સૂત્રકૃતાંગ સટીક ભાગ-૨.
૧૯૬) ભગવતી સૂત્ર.
૧૯૭) કલ્પસૂત્ર પ્રદીપિકા.
૧૯૮) કલ્પસૂત્ર કૌમુદિ
૧૯૯) આનંદ કાવ્ય મહોદધિ ભા.-૩. ભરત બાહુબલી રાસ, જયાનંદકેવળી રાસ, સુરસુંદરી રાસ, વચ્છરાજ દેવરાજ રાસ, નળદમયંતી રાસ, હરિબળ માછીરાસ.
૨૦૦) શ્રી શ્રુતજ્ઞાન અમીધારા.
૨૦૧) ઉત્તરાધ્યયન સૂત્ર-મૂળ.
૨૦૨) ઉપધાન વિધિ પ્રેરક વિધિ
૨૦૩) હીરસ્વાધ્યાય ભા.-૧.
૨૦૪) હીરસ્વાધ્યાય ભા.-૨.
૨૦૫ ચૈત્યવંદનાદિ ભાષ્યત્રયં (વિવેચન)
૨૦૬) ભોજપ્રબંધ.
૨૦૭) શ્રી વસ્તુપાલ ચરિત્ર (ભાષાન્તર)
૨૦૮) શ્રી યોગબિંદુ સટીક.
૨૦૯) ગુરુ ગુણ રત્નાકર કાવ્યમ્.
૨૧૦) જગદ્ગુરુ કાવ્યમ્.
૨૧૧) યોગદૃષ્ટિસમુચ્ચય
૨૧૨) જૈન જ્યોતિર્ગ્રંથ સંગ્રહ.
૨૧૩) પ્રમાણ પરિભાષા.
૨૧૪) પ્રમેય રત્નકોષ.
૨૧૫) જૈન સ્તોત્ર.
૨૧૬) શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય (ભાવાનુવાદ)

# પ્રસ્તાવના

જૈન સમાજમાં **નવસ્મરણ** મહાન્ પ્રભાવક સ્તોત્રો તરીકે સુપ્રસિદ્ધ છે. આ સ્તોત્રોનાં પદો મંગલમય છે. મંત્રાક્ષર સ્વરૂપ છે. તેના વારંવાર ઉચ્ચારણ-પઠન પાઠનથી પણ અનેક જીવોનાં અનેકવિધ વિઘ્નો નાશ પામ્યાં હોય એવાં શાસ્ત્રમાં અનેક દૃષ્ટાન્તો છે. તે નવે સ્મરણનું કંઈક સ્વરૂપ આ પ્રમાણે છે.

## નમસ્કાર મહામંત્ર- (૧)

સર્વોત્તમ એવા પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવા સ્વરૂપ "પંચ મંગલ મહાશ્રુતસ્કંધ" તરીકે જૈન શાસ્ત્રમાં સર્વથી શ્રેષ્ઠ મંગળ તરીકે સુપ્રસિદ્ધ છે. જેના પ્રભાવથી **"અમરકુમાર"**નો યજ્ઞક્રિયા કાલે મૃત્યુમાંથી બચાવ થયાનું સર્વને સુવિદિત છે. સર્વજ્ઞ પરમાત્માની વાણીનું શ્રવણ કર્યા પછી ગણધરભગવન્તો જે દ્વાદશાંગી રૂપ શાસ્ત્રોની રચના કરે છે. તે કાળે તેની અંતર્ગત એવી આ નવકારમંત્રની પણ રચના થાય છે. પરંતુ અક્ષરમાત્રથી સર્વ તીર્થંકર પ્રભુના કાલે સમાન રચના હોવાથી આ નવકારમંત્ર શાશ્વત કહેવાય છે. જગતના ગમે તેવા ભોગસામ્રાજ્યની સામે પણ ત્યાગનું સામ્રાજ્ય ઘણું જ અધિક છે. આ કારણથી ચક્રવર્તી જેવા મહારાજાઓ પણ સંતના ચરણકમળમાં નમસ્કાર કરે છે. સંસારના ત્યાગી એવાં પાંચ પરમેષ્ઠિ પદોને નમસ્કાર સ્વરૂપ આ સ્તોત્ર છે. તેના ૬૮ અક્ષર, ૯ પદ, ૮ સંપદા, ૭ જોડાક્ષર અને ૬૧ લઘુઅક્ષર છે.

## ઉવસગ્ગહરં સ્તોત્ર :- (૨)

આ પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન છે. ચૌદપૂર્વધર આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીજી આ સ્તોત્રના કર્તા છે. રચનાનું કારણ એવું છે

કે શ્રી ભદ્રબાહુસ્વામીજીને વરાહમિહિર નામના ભાઇ હતા, જેઓ વયમાં મોટા હતા અને પ્રથમ દીક્ષિત હતા. પરંતુ બરાબર યોગ્યતા ન હોવાથી ગુરુજીએ નાના ભાઇશ્રી ભદ્રબાહુસ્વામીને આચાર્યપદ પ્રદાન કર્યું. તેથી વરાહમિહિરને માઠું લાગવાથી દીક્ષાનો ત્યાગ કરી લોકોનાં જ્યોતિષ જોઇને જીવનનિર્વાહ કરતા હતા. જ્યોતિષ જોવામાં તે ઘણી પ્રતિષ્ઠા પામ્યા. ને ગર્વથી જૈન સાધુસંતોની નિંદા કરતા હતા. એકદા રાજ્યસભામાં તેના બતાવેલા જ્યોતિષમાં રાજાના પૂછવાથી શ્રી ભદ્રબાહુસ્વામીએ ક્ષતિ જણાવી. તેથી વરાહમિહિર જૈનધર્મના વધારે દ્વેષી થયા. અંતે મરણ પામી તે વ્યંતર થયા. તેઓએ વિભંગજ્ઞાનથી પૂર્વનું વૈર સંભાળી સંઘમાં મરકીનો ઉપદ્રવ શરૂ કર્યો. તેથી સંઘની વિનંતિથી સંઘની શાન્તિ નિમિત્તે શ્રી ભદ્રબાહુસ્વામીએ આ ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કરી. તે સ્તોત્ર ભણવાથી ગણવાથી અને સાંભળવાથી મરકી શાન્ત થઇ. તેથી આ મહાપ્રભાવક સ્મરણ છે. આ સ્તોત્રમાં ગાથા ૫, ગુરુઅક્ષર ૨૧, લઘુ ૧૬૪, સર્વવર્ણ ૧૮૫ છે.

## સંતિકરં સ્તોત્ર-(૩)

શ્રી તપગચ્છના નાયક એવા શ્રી સોમસુંદરસૂરિના પટ્ટપ્રભાવક, સહસ્રાવધાની શિષ્ય શ્રી મુનિસુંદરસૂરિએ આ સ્તોત્રની રચના કરી છે. શ્રી શાન્તિનાથ ભગવાનનું મંત્રગર્ભિત આ સ્તવન મેવાડમાં આવેલા દેવકુલપાટક (દેલવાડા) નામના ગામને વિષે અકસ્માત્ થયેલા ઉપદ્રવની શાન્તિ માટે બનાવ્યું છે. આ સ્તોત્રના પઠન-પાઠનથી અને મંત્રિત કરેલા જળ છંટકાવથી તે કાળે તે ઉપદ્રવ શાન્ત થયો. ત્યારથી શાન્તિનિમિત્તે આ સ્તોત્ર ગણવામાં આવે છે. આ સ્તોત્ર ત્રણે કાળે અથવા સવાર-સાંજ જો ગણવામાં આવે તો ભૂત-પ્રેત-પિશાચનો તથા ડાકિણી, શાકિણીનો ઉપદ્રવ પણ શાન્ત થાય છે. પક્ખી, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં પણ

અંતે આ સ્તોત્ર બોલાય છે. આ સ્તોત્રની જો કે કુલ ૧૪ ગાથા છે. તો પણ તેર જ ગાથા બોલાય છે. તેનું કારણ એમ જાણવા મળે છે કે ગ્રંથકર્તાનું પોતાનું નામ ૧૨મી ગાથામાં આવી જાય છે. તેથી ફરીથી લખવાનું હોય નહીં અને ચૌદમી ગાથામાં તેનો ઉલ્લેખ ફરીથી છે તે, તથા તેમાં પ્રાપ્ત કરી છે ગણધરપદવી અને વિદ્યાસિદ્ધિ જેણે એવી વાક્યરચના હોવાથી આત્મપ્રશંસાસૂચક છે. જેથી આ ગાથા સ્વકર્તૃક નથી. પરંતુ પ્રક્ષિપ્ત હોય એવું અનુમાન કરાય છે. તેથી સંઘમાં આ ગાથા બોલાતી નથી.

## તિજયપહુત્ત સ્તોત્ર-(૪)

આ સ્તોત્ર કોણે બનાવ્યું? કયારે બનાવ્યું? અને કયા કારણે બનાવ્યું? એ જાણવા મળ્યું નથી. પરંતુ આ સ્તોત્રમાં અઢી દ્વીપની અંદર એક કાળે વિચરતા ઉત્કૃષ્ટથી ૧૭૦ જિનેશ્વર ભગવંતોને નમસ્કાર કરવા રૂપે મંત્રાત્મક સ્તોત્ર છે. ૐ હ્રીઁ શ્રીઁ એવા ત્રણ મંત્રાક્ષરોપૂર્વક સોળ વિદ્યાદેવીઓનાં નામો સાથે ગાથામાં લખેલા અંકોથી આલેખેલો જે યંત્ર તે **"સર્વતોભદ્ર"** યંત્ર કહેવાય છે. તેમાં સોળે ખાનામાં અંકરચના એવી કરવામાં આવી છે કે તેને ઉભી પંક્તિથી, આડીપંક્તિથી, અથવા વક્રપંક્તિથી સરવાળો કરતાં **૧૭૦** જ તીર્થંકરો થાય છે. આ સ્તોત્રમાં આવતા મંત્રાક્ષરો આ પ્રમાણે છે. **क्षि** પૃથ્વીબીજ છે. **प** અપ્બીજ છે. **ॐ** અગ્નિબીજ છે. **स्वा** પવનબીજ છે. **हा** આકાશબીજ છે **ह** દુરિતનાશક સૂર્યબીજ છે. **र** પાપદહનકારક અગ્નિબીજ છે. **हुं** ભૂતાદિત્રાસક ક્રોધબીજ આત્મરક્ષક કવચ છે. **हः** સૂર્યબીજથી યુક્ત **स** સૌમ્યતાકારક ચંદ્રબીજ, **र** તેજોદ્દીપન અગ્નિબીજ, **सुं** સર્વદુરિતને શાન્ત કરનાર, **सः** ચંદ્રબીજથી યુક્ત. આવા આવા આ મંત્રાક્ષરોના અર્થો જાણવા.

## નમિઉણસ્તોત્ર :- (૫)

આ સ્તોત્રની રચના કરનાર બૃહદ્ગચ્છીય શ્રી માનતુંગસૂરિ મહારાજ છે. આ પાર્શ્વનાથપ્રભુની સ્તુતિ સ્વરૂપ સ્તોત્ર છે. આ સ્તોત્રમાં (૧) રોગભય, (૨) જળભય, (૩) અગ્નિભય, (૪) સર્પભય, (૫) ચોરરૂપ શત્રુ ભય, (૬) સિંહભય, (૭) ગજભય, અને (૮) યુદ્ધભય એમ આઠભયોનું વર્ણન છે. આ સ્તોત્રના સ્મરણાદિના પ્રભાવે આ આઠ ભયોમાંથી જીવની રક્ષા થાય છે. ગાથા ૧૮મીમાં આ આઠભયોંનાં નામ છે. અને બીજી ગાથાથી ૨થી બે બે ગાથામાં તે એકેક ભયસ્થાનનું કાવ્યમય ભાષામાં ક્રમશઃ વર્ણન છે. ભક્તામરસ્તોત્રના પણ આ જ આચાર્યશ્રી કર્તા છે. અને ત્યાં પણ પહેલાં ભયોનું વર્ણન વિસ્તારથી અને પછી ગાથા ૪૩માં સંક્ષેપથી (નામમાત્રથી) વર્ણન કરેલ છે.

## અજિતશાન્તિસ્તવન :- (૬)

આ સ્મરણમાં પરમાત્મા શ્રી અજિતનાથ અને શ્રી શાન્તિનાથ પ્રભુની સ્તુતિ કરેલી છે. આ સ્તોત્રના કર્તા પ્રભુશ્રી મહાવીરસ્વામીના શાસનમાં થયેલા આગમધર એવા મહર્ષિ શ્રી નંદિષેણઋષિ છે. શત્રુંજયગિરિ ઉપર તીર્થયાત્રાએ ગયેલા તે મહર્ષિ દાદાશ્રી ઋષભદેવનાં દર્શન કરીને તે જ પ્રાસાદમાં સામ-સામે રહેલા એવા શ્રી અજિતનાથ તથા અને શાન્તિનાથ પ્રભુની સ્તુતિ કરવા માટે બન્ને પ્રાસાદની વચ્ચે ઉભા રહી કાયોત્સર્ગ કરી પાળીને ક્રમશઃ બન્ને પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. શત્રુંજય લઘુકલ્પમાં આ નંદિષેણમહર્ષિને શ્રી નેમિનાથ પ્રભુના શિષ્ય છે એમ કહેલું છે.

**नेमिवयणेण जत्तागएण, जहिं नंदिषेणगणिवइणा ।**
**विहिओ अजिअसंतिथओ, जयउ तयं पुंडरियं तित्थं ॥ १ ॥**

શ્રી નેમિનાથ પ્રભુના વચનથી યાત્રા માટે ત્યાં (પુંડરીકગિરિ)

ગયેલા નંદિષેણ નામના ગણપતિએ (ગણધરે) ત્યાં રહીને અજિતનાથ અને શાન્તિનાથ પરમાત્માનું આ સ્તવન બનાવ્યું. તે પુંડરિકગિરિ તીર્થ જય પામો. આ પ્રમાણે નંદિષેણમહર્ષિ નેમનાથપ્રભુના શિષ્ય હોવાનો પણ ઉલ્લેખ મળે છે. માટે તત્ત્વ શ્રી કેવલિગમ્ય જાણવું.

આ સ્તોત્ર પ્રાકૃતભાષામાં છે ભિન્ન-ભિન્ન દેશીઓ વાળું છે. દરેક દેશીનો ગાથાના અંતે ઉલ્લેખ છે. એક વાર અજિતનાથ પ્રભુની સ્તુતિ અને બીજીવાર શાન્તિનાથ પ્રભુની સ્તુતિ, પુનઃ અજિતનાથ પ્રભુની સ્તુતિ એમ ક્રમશઃ સ્તુતિ કરેલ છે.

## ભક્તામર સ્તોત્ર :- (૭)

લઘુશાન્તિના કર્તા આચાર્યદેવશ્રી માનદેવસૂરિજીની પાટે થયેલા આચાર્ય શ્રી માનતુંગસૂરિજી આ ભક્તામરના કર્તા છે. માલવદેશમાં ઉજ્જયિણી નગરીમાં ભોજરાજાની સભામાં મયૂર, બાણ વગેરે પાંચસો પંડિતો ચૌદવિદ્યામાં પ્રવીણ, ષટ્શાસ્ત્રના જાણ, દૈવની સાન્નિધ્યતાવાળા અને ગર્વિષ્ટ હતા. એકદા મયૂર પંડિતે પોતાની પુત્રી કે જે બાણ પંડિતને પરણાવી હતી તેના ઘર પાસેથી જતાં તે દંપતીનો પરસ્પરનો ક્લેશ સાંભળ્યો, તે સાંભળી મુખ ઉપર હાંસીના ભાવ આવ્યા. તે દેખી તેની પુત્રીએ મયૂર પંડિતને શ્રાપ દીધો. તે શ્રાપથી મયૂર પંડિતને આખા શરીરે કોઢ રોગ થયો. મયૂરપંડિતે સ્તુતિ દ્વારા સૂર્યદેવને પ્રસન્ન કરી કોઢ રોગ દૂર કર્યો. તેની દૈવિકશક્તિની પ્રસિદ્ધિ વધી. તેની ઇર્ષ્યાથી બાણ પંડિતે લોકસમક્ષ પોતાના હાથ-પગ કાપી ચંડીદેવીને પ્રસન્ન કરી પુનઃ હાથ-પગ મેળવ્યા. તેથી તેની પણ સવિશેષ પ્રસિદ્ધિ થઇ. આવા પ્રસંગોથી લોકોમાં શૈવધર્મની પ્રશંસા થઇ.

એકવખત ભોજરાજાએ જૈનશ્રાવકોને પૂછ્યું કે તમારામાં આવી વિદ્યાવાળા શું કોઇ છે? શ્રાવકોએ કહ્યું કે અમારામાં

શ્રીમાનતુંગસૂરિજી આવા મહા પ્રભાવક છે. તે સાંભળી રાજાએ સૂરિજીને બોલાવ્યા, પ્રવેશ વખતે બ્રાહ્મણોએ ઘીથી ભરેલું કચોળું ધર્યું. સૂરિજીએ અંદર એક સળી નાંખી. શ્રાવકોના પૂછવાથી તેનો અર્થ સમજાવ્યો કે બ્રાહ્મણોનો કહેવાનો આશય એ હતો કે ઘીથી ભરેલા કચોળાની જેમ આ નગરી પંડિતોથી ભરેલી છે. તેમાં સળી નાંખીને મેં એમ સૂચવ્યું કે જેમ કચોળામાં સળી ભલી જાય તેમ અમે આ નગરીમાં પ્રવેશ કરીશું.

ત્યારબાદ પાંચસો પંડિતોથી ભરપૂર ભરેલી સભામાં બેઠેલા રાજાએ શ્રી માનતુંગસૂરિજીને પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરવા સૂચના કરી. આચાર્ય મહારાજશ્રીએ "જગત્કર્તૃત્વ" વિષે તે પંડિતો સાથે વાદ કરી તેઓને જીતી લીધા. ત્યારબાદ રાજાએ સૂરિજીને કહ્યું કે બાણ અને મયૂર પંડિતની જેમ તમારામાં કોઇ દૈવિક શક્તિ હોય તો બતાવો. ત્યારબાદ સૂરિજીના કહેવાથી રાજાએ સૂરિજીને તાળાં વાળી ૪૪ (+૪) બેડીઓ પહેરાવી એક ઓરડામાં પૂર્યા, અને દરવાજા દઢ રીતે બંધ કરી તેને સાત તાળાં માર્યાં તથા ચોકી માટે બ્રાહ્મણોને અને ચોકીદારોને રોક્યા, પછી સૂરિજીએ આ ભક્તામરસ્તોત્રની રચના કરવા માંડી ભક્તિભાવપૂર્વક એક એક શ્લોક રચતા ગયા અને એક એક બેડી અને તાળાં તૂટતાં ગયાં, અંતે તે ઓરડાનાં દ્વારો આપ મેળે જ ખુલી ગયાં. તે ચમત્કાર જોઇ રાજાએ ગુરુજીનું અને જૈનધર્મનું બહુમાન કર્યું. તથા તેનાથી રાજા જૈનધર્મ ઉપર અતિશય પ્રીતિવાળો થયો. આ સૂરિજી શ્રી વીરપ્રભુની વીસમી પાટે થયા છે. આજે પણ ગામે ગામ આ ભક્તામરસ્તોત્ર સવારમાં સમૂહરૂપે બોલાય છે.

## કલ્યાણમંદિર સ્તોત્ર : (૮)

આ સ્તોત્રના કર્તા શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી છે. કે. જેઓ વૃદ્ધવાદિસૂરિજીના શિષ્ય હતા. તેઓની કથા આ પ્રમાણે છે-

ઉજ્જયિણી નગરીમાં વિક્રમરાજાના પુરોહિતનો પુત્ર **મુકુંદ** નામનો હતો, તે મુકુંદ વાદવિવાદ માટે ભરૂચ જતો હતો. ત્યાં રસ્તામાં તેને વૃદ્ધવાદિસૂરિજી મળ્યા, ગોવાળીયાઓને સાક્ષી રાખી મુકુંદે તેઓની સાથે વાદ કર્યો, તેમાં તે હાર્યો, પછી રાજ્યસભામાં વાદ કર્યો તો પણ હાર્યો, તેથી પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે દીક્ષા લઇ વૃદ્ધવાદીજીનો શિષ્ય બન્યો, તે વખતે તેનું નામ કુમુદચંદ્ર પાડ્યું, કાળાન્તરે સૂરિ થયા એટલે "સિદ્ધસેનદિવાકર" નામ પડ્યું, એકદા ત્યાં વાદ કરવા આવેલા ભટ્ટને નવકારને બદલે "**नमोऽर्हत्**" સંભળાવ્યું, તથા પ્રતિક્રમણમાં રહેલાં બધાંજ સૂત્રો પ્રાકૃતમાંથી સંસ્કૃત બનાવું એવી ઇચ્છા થઇ, અને ગુરુને કહી, ત્યારે ગુરુએ ઠપકો આપ્યો. બાલ, સ્ત્રી અને મંદબુદ્ધિવાળા આદિના ઉપકાર માટે ગણધરોએ સૂત્રો પ્રાકૃતમાં બનાવ્યાં છે. તેઓની તમે આવા વિચારમાત્રથી પણ આશાતના કરી છે. તેથી ગચ્છ બહાર મૂકવાની જાહેરાત કરી, સંઘની ઘણી વિનંતિથી "અઢાર રાજાને પ્રતિબોધીને આવે તો જ પાછા લેવાનું કહ્યું" ગુરુજીની આજ્ઞા સ્વીકારી સિદ્ધસેનજી ઉજ્જયિણી નગરીમાં આવ્યા.

તે સૂરિ મહાકાળના મંદિરમાં જઇ શિવલિંગ ઉપર પગ રાખી સૂતા. તે જોઇ ઘણા શિવભક્ત લોકોએ ક્રોધપૂર્વક ત્યાંથી ઉઠવા માટે કહ્યું. સૂરિજી ઉઠ્યા નહીં, સેવકોએ રાજાને વાત કરી. રાજાએ બળજબરીથી સૂરિને ઉઠાડવા રાજસેવકોને હુકમ કર્યો, રાજસેવકોએ સૂરિજીને ચાબૂકથી પ્રહારો કર્યા, વિદ્યાના બળથી તે પ્રહારો રાજાની રાણીઓને વાગવા લાગ્યા, મોટો કોલાહલ થયો, રાજા પોતે ત્યાં આવ્યો, સૂરિજીને નમસ્કાર કરી પગે પડીને કહ્યું કે તમે આ **મહાદેવ** ઉપર પગ કેમ મૂક્યા છે? ભક્તલોકોનાં મન દુઃખાય છે. સૂરિજીએ કહ્યું કે આ મહાદેવ નથી, મહાદેવ તો બીજા જ છે. એમ કહી આ કલ્યાણમંદિર સ્તોત્રની રચના કરી. તેનો અગિયારમો શ્લોક બનાવતાં

ધરતી કંપી. તિરાડ પડી અને અંદરથી ધરણેન્દ્રસહિત પાર્શ્વનાથ પરમાત્માની સુંદર મૂર્તિ પ્રગટ થઇ. કલ્યાણમંદિરની રચના પૂર્ણ કરી સૂરિજીએ કહ્યું કે ભદ્રા શેઠાણીનો પુત્ર અવંતીસુકુમાલ અનશનપૂર્વક કાયોત્સર્ગ કરી કાળ કરી નલિનીગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયો છે. તે જ સ્થાને તેની યાદી માટે તેના પુત્રે **મહાકાળ** નામનું નવીન ચૈત્ય બંધાવી તેમાં આ પાર્શ્વનાથપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. કેટલાક કાળ પછી મિથ્યાત્વીઓએ તેના ઉપર શિવલિંગ સ્થાપી આ પ્રતિમા ભંડારી હતી તે પ્રતિમાજી આ સ્તુતિથી પ્રગટ થયાં છે.

આ વાર્તા સાંભળી રાજા જૈનધર્મ પામ્યો સમ્યક્ત્વ પામ્યો. ત્યારબાદ શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજીએ વિક્રમરાજાના અનુયાયી એવા બીજા અઢાર રાજાને પ્રતિબોધી ગુરુજી પાસે આવી પુનઃગચ્છની અંદર આવ્યા. આવા પ્રકારના પ્રતિષ્ઠિત એવા મહાન્ આચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી વડે આ કલ્યાણમંદિર સ્તોત્રની રચના કરાઇ છે. આ જ વિક્રમ રાજાથી વિક્રમસંવત ચાલુ થયો છે-

## શ્રી બૃહચ્છાન્તિ સ્તોત્ર :- (૯)

બૃહચ્છાન્તિના પ્રારંભિક શ્લોકમાં અને પાછળના શ્લોકોમાં વારંવાર વપરાયેલા શાન્તિપદથી આ સ્તોત્રના કર્તા વાદિવેતાલ શ્રીશાન્તિસૂરિજી હોવા જોઇએ એમ સંભાવના કરાય છે. "**अहं तित्थयर माया**" આ પદવાળી ગાથાથી એમ લાગે છે કે તીર્થંકરની માતા શિવાદેવી કે જે નેમિનાથ પ્રભુની માતા છે તે આ સ્તોત્રના કર્તા હશે. પરંતુ તે અર્થ સંગત થતો નથી. કારણ કે શિવાદેવી નેમિનાથ પ્રભુના કાળે થયાં અને આ બધાં સ્તોત્રો મહાવીરપ્રભુના શાસનમાં રચાયાં છે. તથા આ બૃહચ્છાન્તિ સંસ્કૃતભાષામાં છે. જ્યારે આ એક ગાથા માત્ર પ્રાકૃત ભાષામાં છે. માટે પ્રક્ષિપ્ત હોય એમ પણ કલ્પના કરાય છે. તથા આ ગાથાનો અર્થ એવો પણ થઇ

શકે છે કે તીર્થંકર પરમાત્મા પ્રત્યે માતાની જેમ વાત્સલ્ય રાખનારી અને તમારા જ ગામમાં રહેનારી "શિવા=કલ્યાણ કરનારી એવી હું દેવી છું. તમારું પણ કલ્યાણ થાઓ અને અમારું પણ કલ્યાણ થાઓ તથા સર્વ અશિવોની ઉપશાન્તિ થાઓ. એટલે શિવાદેવી માતા કર્તા હોય આ વાત બરાબર સંગત લાગતી નથી.

આ પ્રમાણે આ નવે સ્મરણો કયારે રચાયાં? કયાં રચાયાં? અને કોણે રચ્યાં? ઇત્યાદિ માહિતી જેટલી પ્રાપ્ત થઇ શકી છે. તેટલી લખી છે. વિશેષ જ્ઞાની ગીતાર્થો પાસેથી સમજી લેવી.

આ નવે સ્મરણોનું મૂળગાથાનું તથા ગુજરાતી અર્થનું ઇંગ્લીશ તૈયાર કરી આપવાનું કામ **ડૉ. શ્રી અમૃતભાઇ ઉપાધ્યાયે** કર્યું છે. તેથી તેઓનો આ સમયે આભાર માનું છું. તથા આગળથી કેટલીક બૂકો નોંધાવી આ પુસ્તક પ્રકાશનના કાર્યમાં સહયોગ આપવા બદલ યુ. એસ. એ.માં ચેરિહિલ્લ (ન્યુજરસી સાઉથ)માં રહેતા **ડૉ. શ્રી વિનોદભાઇ** તથા **રસિલાબેન**નો હું આભાર માનું છું. તથા ન્યુજરસી નોર્થમાં રહેતા **શ્રી કિરણભાઇ ઘડીયાળી** તથા તેમનાં માતુશ્રી આદિ પરિવારનો પણ આભાર માનું છું.

ઇંગ્લીશ ભાષાન્તર સાથે પુસ્તક પ્રકાશન કરવાનો આ પ્રથમ પ્રયાસ છે. જો આ કાર્યમાં સફળતા મળશે તો બીજા પુસ્તકોનાં ઇંગ્લીશ ભાષાન્તરનો વિચાર કરીશું. આ પુસ્તક પ્રકાશનમાં પુરેપુરું ધ્યાન રાખવા છતાં પ્રમાદવશ કોઇ કોઇ ભૂલો આવી હોય તો તે બદલ ક્ષમા માગું છું તથા તે સુધારીને વાંચવા ભલામણ છે. અને તે ભૂલો અમને જણાવવા વિનંતિ છે.

ઠે. ૭૦૨, રામસા ટાવર્સ,
ગંગા-જમના એપાર્ટમેન્ટ પાસે,
અડાજણ પાટીયા, **સુરત-૯.**
( INDIA )

**લિ.**
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
**ફોન : ૬૮૮૯૪૩**

# પ્રા. ડૉ. શ્રી અમૃતભાઇ ઉપાધ્યાય

(M. A, Ph. D.)

મુંબઇ યુનિવર્સિટીની એમ. એ (ફર્સ્ટકલાસ)ની તથા ગુજરાત યુનિવર્સિટીની પી. એચ. ડી.ની ડીગ્રી ધરાવે છે. મુંબઇની પ્રસિદ્ધ એવી ભવન્સ કોલેજ ઑફ આટ્ર્સ એન્ડ સાયન્સમાં પ્રાધ્યાપક તથા વિભાગાધ્યક્ષ તરીકે સેવા આપી છે. મુંબઇ યુનિવર્સિટીના માન્ય અનુસ્નાતક અધ્યાપક તથા ગુજરાત યુનિવર્સિટીના માન્ય અનુસ્નાતક અધ્યાપક તથા પી. એચ. ડી. ગાઈડ રહી ચૂક્યા છે.

**શ્રી હેમચંદ્રાચાર્યકૃત** શાસ્ત્રીય સંસ્કૃત ગ્રંથ **"કાવ્યાનુ-શાસન"** તથા સ્વોપજ્ઞવૃત્તિ **"અલંકાર ચૂડામણિ વૃત્તિ"** તેમજ **"વિવેક"** વ્યાખ્યાના સર્વગ્રાહી અધ્યયનરૂપ ગ્રંથ અંગ્રેજીમાં (૧૯૮૭) તથા ગુજરાતીમાં (૧૯૯૪) પ્રગટ કર્યો છે. ભારતનાં વિવિધ વિદ્યાધામોની તથા અમેરિકાની વિખ્યાત વિદ્યા સંસ્થાઓની મુલાકાતે જઇ આવ્યા છે. અનેક પરિસંવાદો, પરિષદો, વિદ્યાકીય કાર્યક્રમોમાં હાજરી આપી નિબંધો-શોધપત્રો રજૂ કર્યા છે. ૧૯૯૫થી નિવૃત્તિ સ્વીકારી છે પણ જ્ઞાનસેવા ચાલુ છે. આજે પણ સંશોધન-વિવેચનનાં મહત્ત્વનાં કામો હાથ પર છે. અંગ્રેજી, હિન્દી તથા ગુજરાતી ભાષામાં પુસ્તકો, લેખો તથા શોધપત્રો આલેખ્યાં છે. જાણીતાં સામયિકો તથા સંપાદનોમાં એમના શોધલેખો સંગ્રહિત થયા છે. અંગ્રેજી માધ્યમથી અધ્યાપન-લેખન-પ્રવચનનો વર્ષોનો અનુભવ છે.

-પ્રકાશક

## અમારાં લખાયેલ પ્રકાશિત થયેલ પુસ્તકો

(૧) **યોગવિંશિકા** :- ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

(૨) **યોગશતક** :- સ્વોપજ્ઞ ટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

(૩) **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત** :- નવકારથી સામાઈયવયજુત્તો સુધીના સૂત્રો ઉપર વિવેચન, નવતત્ત્વ, ચૌદ ગુણસ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

(૪) **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ** :- દેવસી-રાઈઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

(૫) **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોશ** :- જૈનશાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો. ધાર્મિક શબ્દકોશ.

(૬) **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા** :- પ્રૌઢ સ્ત્રી-પુરુષોને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

(૭) **પ્રથમ કર્મગ્રંથ** (કર્મવિપાક) :- સરળ ગુજરાતી વિવેચન.

(૮) **દ્વિતીયકર્મગ્રંથ** (કર્મસ્તવ) :- સરળ ગુજરાતી વિવેચન.

(૯) **તૃતીયકર્મગ્રંથ** (બંધસ્વામિત્વ) :- સરળ ગુજરાતી વિવેચન.

(૧૦) **ચતુર્થકર્મગ્રંથ** (ષડશીતિ) :- સરળ ગુજરાતી વિવેચન.

(૧૧) **પૂજાસંગ્રહ સાર્થ** :- પંચકલ્યાણક, અંતરાયકર્મનિવારણ, પિસ્તાલીસ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

(૧૨) **સ્નાત્રપૂજા સાર્થ** :- પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સહિત.

(૧૩) **સમ્યક્ત્વના સડસઠ બોલની સજઝાય** :- ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વસપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

(૧૪) **નવસ્મરણ** :- મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઇંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઇંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

(૧૫) **રત્નાકરાવતારિકા** (ભાગ પહેલો) :- પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

(૧૬) **રત્નાકરાવતારિકા** (ભાગ બીજો) :- પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણ નયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

(૧૭) **આઠ દૃષ્ટિની સજ્ઝાય** :- પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

(૧૮) **યોગદૃષ્ટિ સમુચ્ચય** :- પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

## હાલ લખાતા ગ્રંથો

(૧) **રત્નાકરાવતારિકા** (ભાગ ત્રીજો) :- પ્રમાણ નયતત્ત્વાલોક ઉપરની ટીકાના પરિચ્છેદ ૬-૭ અને ૮નું સરળ ગુજરાતી વિવેચન.

(૨) **શતકનામા પંચમકર્મગ્રંથ** :- પૂ. દેવેન્દ્રસૂરીશ્વરજી કૃત પાંચમા કર્મગ્રંથનું સરળ ગુજરાતી વિવેચન.

(૩) **તત્ત્વાર્થાધિગમસૂત્ર** - સરળ, બાલભોગ્ય ભાષાયુક્ત, પરિમિત વિવેચન.

## નીચેના ગ્રંથોના અર્થો લખવાની ભાવના છે.

(૧) **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ** :- પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત


(૨) **સમ્મતિતર્ક** :- પૂ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજી કૃત.

(૩) **જૈન દર્શન પરિચય** :- જૈન દર્શનને માન્ય તત્ત્વો, આચારસંહિતા, આત્મવિકાસક્રમ, ક્ષેત્રવિચાર આદિ વિષયોનો સુંદર પરિચય.

લિ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| પ્રથમ સ્મરણ | |
| નમસ્કાર મહામંત્ર | ૧-૨ |
| દ્વિતીય સ્મરણ | |
| ઉવસગ્ગહરં સ્તોત્ર | ૩-૭ |
| તૃતીય સ્મરણ | |
| સંતિકરં સ્તોત્ર | ૮-૨૧ |
| ચતુર્થ સ્મરણ | |
| તિજયપહુત્ત સ્તોત્ર | ૨૨-૩૬ |
| પંચમ સ્મરણ | |
| નમિઊણ સ્તોત્ર | ૩૭-૬૦ |
| ષષ્ઠ સ્મરણ | |
| અજિતશાંતિ સ્તોત્ર | ૬૧-૧૦૭ |
| સપ્તમ સ્મરણ | |
| ભક્તામર સ્તોત્ર | ૧૦૮-૧૫૧ |
| અષ્ટમ સ્મરણ | |
| કલ્યાણ મંદિર સ્તોત્ર | ૧૫૨-૨૦૩ |
| નવમ સ્મરણ | |
| બૃહચ્છાન્તિ સ્તોત્ર | ૨૦૪-૨૨૪ |


ન
ઉવસગ્ગહરં સ્તોત્ર
વ
તિજયપહુત્ત સ્તોત્ર
સ્મ
અજિતશાંતિ સ્તોત્ર
ભક્તામર સ્તોત્ર
ર
કલ્યાણમંદિર સ્તોત્ર
ણ
બૃહચ્છાંતિ સ્તોત્ર

# નવ સ્મરણો

## શ્રી નમસ્કાર મહામંત્ર

### પ્રથમ સ્મરણ

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंचनमुक्कारो
सव्वपावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं

અરિહંત પરમાત્માને મારા નમસ્કાર થાઓ
સિદ્ધ પરમાત્માને મારા નમસ્કાર થાઓ
આચાર્ય ભગવંતોને મારા નમસ્કાર થાઓ
ઉપાધ્યાયજી મહારાજાઓને મારા નમસ્કાર થાઓ
લોકવર્તી સર્વ સાધુ-સાધ્વીજી ભગવંતોને મારા નમસ્કાર થાઓ
પંચ પરમેષ્ઠીને કરાયેલો આ નમસ્કાર
સર્વ પાપમલનો ક્ષય કરનાર છે
અને સર્વ મંગળોમાં
શ્રેષ્ઠ (પ્રથમ) મંગલ સ્વરૂપ છે.

# NINE INVOCATION

## Invocation One
## Namaskār Mahāmantra

Namō Arihantāṇaṃ

Namō Siddhāṇaṃ

Namō Āyariyāṇaṃ

Namō Uvajjhāyaṇaṃ

Namō Lōē Savvasāhūṇaṃ

Ēsō pañca namukkārō

Savvapāvappaṇāsaṇō

Maṅgalāṇaṃ Ca Savvēsiṃ

Paḍhamaṃ Havaī Maṅgalaṃ

I bow to Arihanta, the supreme soul.
I bow to Sidha, the perfect soul.
I bow to Acharya, the leader of the Sangh.
I bow to Upadhaya, who teaches all monks and nuns.
I bow to all monks and nuns in the world.
These five bows to these five revered souls will destroy bad deeds.
These are the foremost among all auspicious deeds.

## શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર (સ્મરણ)

### બીજું સ્મરણ

उवसग्गहरं पासं,
पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं,
मंगलकल्लाणआवासं ।।१।।

સર્વ લોકોના ઉપસર્ગોને હરનાર પાર્શ્વ નામનો યક્ષ સેવક છે જેમને એવા, કર્મોના સમૂહથી મુકાયેલા, મિથ્યાત્વરૂપી વિષને ધારણ કરનારા કમઠના (તથા સર્પના) વિષનો નાશ કરનારા, અને સર્વ મંગલોના ભંડાર સ્વરૂપ એવા પાર્શ્વનાથ પરમાત્માને હું નમસ્કાર કરું છું. ॥૧॥

## Invocation Two
## Uvasaggharam Stotra (Invocation)

Uvasaggaharaṃ Pāsaṃ,
Pāsaṃ Vandāmi Kammadhaṇamukkaṃ ||
Visaharavisaninnāsaṃ,
Maṅgala Kallāṇa Aāvāsaṃ || 1 ||

May my obeisance be to Lord Pārśvanātha, who removes the trobules of all the people, who has a guard called Pārśvayaksha, who is free from the group of eight Karmas, and who removes the poison of false doctrines and the venom of Kamath, the demon by his special power and who is a rapositiry of all auspiciousness. || 1 ||

विसहर-फुलिंग-मंतं
कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-
दुट्ठजरा जंति उवसामं ।।२।।

મિથ્યાત્વના અને સર્પના ઝેરને ઉતારવામાં પ્રગટ પ્રભાવક એવા અઢાર અક્ષરના બનેલા **"નમિઉણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ"** આવા પ્રકારના વિષધર સ્ફુલિંગ નામના મંત્રને જે મનુષ્યો હંમેશાં કંઠમાં ધારણ કરે છે. (એટલે કે કંઠસ્થ કરીને ગાય છે. અથવા તેનું માદળીયું બનાવી કંઠમાં રાખે છે) તેને પીડતા ગ્રહો, રોગો, મરકી અને દુષ્ટ (ભયંકર આકરો) તાવ પણ શાન્તિને પામે છે. ॥૨॥

**Visaharaphuliṅga mantaṃ**
**Kaṇṭhē Dhārēī Jō Sayā Maṇuō ।**
**Tassa Gaha Rōga Mārī**
**Duṭṭha Jarā Janti Uvasāmaṃ ॥ 2 ॥**

Those people who wear on their necks/throats (i.e. who recite regularly, or wear it as an armlet) the spell called Visadhara Sfullinga - "Namiuṇa Pāsa Visahara Vasaha Jiṇā Phuliṅga", and which is instantly effective in removing the poison the false doctrines as well as of serpents, and have their evil and tormenting planets, plague as well as severe afflictions such as fever etc., pacified and removed. ॥ 2 ॥

चिट्ठउ दूरे मंतो,
तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा,
पावंति न दुक्खदोगच्चं ।।३।।

તમારો પ્રભાવશાલી મંત્ર તો દૂર રહો, પરંતુ તમને કરેલો પ્રણામ પણ બહુ ફલવાળો થાય છે. જે પ્રણામના પ્રતાપથી જીવો મનુષ્ય અને તિર્યંચોના ભવોમાં દુઃખ અને દૌર્ભાગ્ય પામતા નથી ॥૩॥

**Citṭhau Dūrē Mantō**
**Tujjha Paṇāmō Vi Bahuphalō Hōī ।**
**Naratiriēsu Vi Jīvā,**
**Pāvanti Na Dukkhadōgaccaṃ ॥ 3 ॥**

Leave aside the powerful mantra dedicated to you, even an obeissance offered to you yields more fruits. Living beings do not fall prey to misery and poverty when they go through the lives of human beings as well as animals and birds through the power of such an obeissance. ॥ 3 ॥

तुह सम्मत्ते लद्धे,
चिंतामणि- कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं,
जीवा अयरामरं ठाणं ।।४।।

ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારૂં સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે જીવો કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના અજરામર (મોક્ષ) સ્થાનને પામે છે. ॥૪॥

**Tuha Sammattē Laddhē,**
**Cintāmaṇi Kappapāyavabbhahiaē I**
**Pāvanti Avigdhēṇaṃ,**
**Jīvā Ayarāmaraṃ Ṭhāṇaṃ II 4 II**

Human beings when they attain the right faith which is superior to 'Cintāmaṇi' jewel and desire-fulfilling 'Kalpa' tree, will not have any obstacles in attaining liberation. II 4 II

इअ संथुओ महायस
भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव दिज्झ बोहिं,
भवे भवे पास जिणचंद ॥५॥

મહા યશવાળા એવા હે પાર્શ્વનાથ પ્રભુ ! તમે આ પ્રમાણે ભક્તિના સમૂહથી ભરેલા હૈયા દ્વારા મારા વડે સ્તવાયા છો (સ્તુતિ કરાયા છો). તેથી હે પાર્શ્વનાથ જિનેશ્વર ! ભવોભવમાં તમારા ચરણોની સેવા કરવા સ્વરૂપ બોધિબીજ મને આપજો. ॥૫॥

**Ia Santhuō Mahāyaśa**
**Bhattibbharanibbharēṇa Hiyaēṇa ।**
**Tā Dēva Dijjha Bōhiṃ,**
**Bhavē Bhavē Pāsa Jiṇacanda ॥ 5 ॥**

O Lord Pārśvanātha, you who are possessed of great glory; you are thus praised and invoked by me with a devoted heart. Hence, O glorious Pārśvanātha, Kindly grant me the Spiritual Wisdom (Bodhibija) life after life. ॥ 5 ॥

## શ્રી સંતિકરં સ્તોત્ર (સ્મરણ)

### ત્રીજું સ્મરણ

संतिकरं संतिजिणं,
जगसरणं, जयसिरीइ दायारं ।
समरामि भत्तपालग,
निव्वाणीगरुडकयसेवं ।।१।।

શાન્તિના કરનારા, જગતને શરણ આપનારા, વિજયરૂપી લક્ષ્મીનું દાન કરનારા, ભક્ત જીવોનું પાલન કરનારા, અને નિર્વાણી નામની દેવી તથા ગરૂડ નામના દેવ વડે કરાયેલી છે સેવા જેમની એવા શાન્તિનાથ પરમાત્માને (પ્રતિદિન) સ્મરૂં છું. ॥૧॥

## Invocation Three
## Santikaram Stotra (Invocation)

Santikaraṃ Santijiṇaṃ,
Jagasaraṇaṃ, Jayasirīī Dāyāraṃ I
Samarāmi Bhattapālaga,
Nivvāṇī Garūḍakaya Sēvaṃ II 1 II

I remember and chant the name of Lord Sānatināthā, who is (1) peaceful, (2) protector, (3) victorious, (4) donates wealth, (5) supports all devotees, and (6) who is served by godess Niravānī as well as god Garuda. II 1 II

ॐ स नमो विप्पोसहि - पत्ताणं संतिसामिपायाणं ।
झ्रौं स्वाहा मंतेणं सव्वासिवदुरिअहरणाणं ॥२॥

વિપ્રૂડૌષધિ (આદિ) લબ્ધિઓને પામેલા, અને ઝ્રૌં તથા સ્વાહા જેવા મંત્રાક્ષરો દ્વારા સર્વ ઉપદ્રવ અને પાપને હરનારા એવા શ્રી શાન્તિનાથ પરમાત્માના ચરણકમળોને ૐ એવા મંત્રાક્ષરપૂર્વક (વારંવાર) નમસ્કાર હોજો ॥ ૨ ॥

જેનાં વિષ્ટા અને મૂત્ર ઔષધિરૂપ છે. વિષ્ટા અને મૂત્રના સ્પર્શમાત્રથી જીવના સર્વ રોગો ચાલ્યા જાય છે. તે વિપ્રૂડૌષધિલબ્ધિ કહેવાય છે.

**Auṃ Sa Namō Vippōsahi - Pattāṇaṃ**
**Santisāmi Pāyāṇaṃ I**
**Zrauṃ Svāhā Mantēṇaṃ**
**Savvāsiva Duriaharaṇāṇaṃ II 2 II**

I repeatedly offer my obeisance, chanting Aum, to Lord Sāntinātha, who has spiritual powers (Labdhi) such as Viprudausadhi, etc., and endowed with the power of removing all calamities when they are propitiated with the chanting of 'Zraum' and 'Svāha'.

Note : He is called 'Viprudausadhilabdhi' whose excreta and urine have medicinal powers to remove physical ailments of living beings. II 2 II

**ॐ संति नमुक्कारो,**
**खेलोसहिमाइलद्धिपत्ताणं ।**
**सौँ ह्रीं नमो सव्वोसहि-**
**पत्ताणं च देइ सिरिं ।।३।।**

ૐ એવા મંત્રાક્ષર પૂર્વક શાન્તિનાથ ભગવાનને કરાયેલો નમસ્કાર શ્લેષ્મૌષધિ આદિ લબ્ધિઓને પામેલા મહર્ષિઓને અને સૌઁ તથા હ્રીં એવા બે મંત્રાક્ષરો પૂર્વક શાન્તિનાથ ભગવાનને કરાયેલો નમસ્કાર સર્વૌષધિ આદિ લબ્ધિઓને પામેલા મહર્ષિઓને તુરત આત્મલક્ષ્મી (કેવલજ્ઞાનાદિ રૂપ આત્મલક્ષ્મી) આપે છે ॥૩॥
જેનું થૂક ઔષધિ રૂપ હોય તે શ્લેષ્મૌષધિ, અને શરીરમાંથી નીકળતા સર્વ પદાર્થો જેના ઔષધિ રૂપ હોય તે સર્વૌષધિ કહેવાય છે.

**Auṃ Santi Namukkārō,**
**Khēlōsahi Māī Ladhdhipattāṇaṃ I**
**Sauṃ Hrīṃ Namō Savvōsahi,**
**Pattāṇaṃ Ca Dēī Siriṃ II 3 II**

I bow to Lord Sānatinātha by chanting Aum, which instantly bestows upon the great sages, who are blessed with spiritual powers that make their phlegmatic humour to serve the purpose of curative medicines, the grace or glory of the Soul (in the form of Supreme knowledge) and the obeisance offered to Lord Sānatinātha with the utterance of the two mystical syllables, viz. "Saum" and "Hrim", imparts such grace of the soul to those great sages who have obtained the miraculous powers of all herbal remedies in their body excreta. II 3 II

Note : Those men whose cough has turned into medicines are called sleshmoshadhi and whose excreta has become a remedy are called as 'Sarvaushadhi'.

वाणी तिहुअण-सामिणी,
सिरिदेवी-जक्खराय-गणिपिडगा ।
गह-दिसिपाल-सुरिंदा,
सया वि रक्खंतु जिणभत्ते ।।४।।

(૧) સરસ્વતી દેવી (૨) ત્રિભુવનસ્વામિની દેવી (૩) લક્ષ્મી દેવી (૪) યક્ષરાજ ગણિપિટક (૫) ગ્રહો (૬) દશદિગ્પાલ દેવો અને (૭) સર્વ ઈન્દ્રો જિનેશ્વરના ભક્તોનું હંમેશાં રક્ષણ કરો. ॥૪॥

સૂરિમંત્રની અધિષ્ઠાયિકા દેવી તે ત્રિભુવનસ્વામિની દેવી અને દ્વાદશાંગીના અધિષ્ઠાયક જે દેવ તે સર્વ યક્ષોમાં તેજસ્વી અને સર્વોપરી હોવાથી યક્ષરાજ કહેવાય છે. ॥૪॥

**Vāṇī Tihuaṇ-sāmiṇī,**
**Siridēvī Jakkharāya-gaṇipiḍagā I**
**Gaha Disi Pāla Surindā,**
**Sayā Vi Rakkhantu Jiṇabhattē II 4 II**

May (1) Goddess Sarasvatī (2) Goddess Trībhuvanasvāminī (3) Goddess Lakṣmī (4) Yaksarājā Gannipitaka (5) The Planets (6) The ten gods who quard the ten directions and (7) All of the God Indras, protect, at all times, the devotees of the Lord of the Jinas. II 4 II

Note : The presiding deity or goddess of the spell of right wisdom (surimantra) is known as the Trībhuvanasvāminī Devi, while the presiding god or deity of the twelve-fold Jain scripture is called the Yaksarājā, the best and supreme among the demigods (Yaksas)

रक्खंतु मम रोहिणी,
पन्नत्ती वज्जसिंखला य सया ।
वज्जंकुसि चक्केसरि,
नरदत्ता काली महाकाली ।।५।।

(૧) રોહિણી (૨) પ્રજ્ઞપ્તિ (૩) વજ્રશૃંખલા (૪) વજ્રાંકુશી (૫) ચક્રેશ્વરી (૬) નરદત્તા (૭) કાલીદેવી (૮) મહાકાલી નામની દેવી, (તથા હવે પછીની ગાથામાં કહેવાતી બીજી આઠ એમ કુલ ૧૬ વિદ્યાની અધિષ્ઠાયિકા દેવીઓ) હંમેશાં મારૂં રક્ષણ કરો. ।।૫।।

**Rakkhantu Mama Rōhiṇī,**
**Pannattī Vajjasiṅkhalā Ya Sayā I**
**Vajjaṅkusi Cakkēsari,**
**Naradattā Kālī Mahākālī II 5 II**

May these eight goddessess, (1) Rōhinī (2) Prajñaptī (3) Vajrasruṅkhalā (4) Vajrāṅkuśī (5) Cakrēśvarī (6) Naradattā (7) Kālīdēvī (8) Mahākālī (along with the other eight goddesses mentioned later totalling to 16, who are all the presiding deities of knowledge), protect us at all times. II 5 II

गोरी तह गंधारी,
महजाला माणवी अ वइरुट्टा ।
अच्छुत्ता माणसिआ,
महामाणसियाउ, देवीओ ।।६।।

(પૂર્વની ગાથામાં કહેલી આઠ વિદ્યાદેવીઓ તથા) (૯) ગૌરી દેવી (૧૦) ગાન્ધારી દેવી (૧૧) મહાજ્વાલા દેવી (૧૨) માનવી દેવી (૧૩) વૈરૂટ્યા દેવી (૧૪) અચ્છુપ્તાદેવી (૧૫) માનસીદેવી તથા (૧૬) મહામાનસી દેવી એમ કુલ વિદ્યાની અધિષ્ઠાયિકા એવી ૧૬ વિદ્યાદેવીઓ મારું સદા રક્ષણ કરો ॥૬॥

**Gōrī Taha Gandhārī,**
**Mahājālā Māṇavī a Vaīrūṭṭā |**
**Acchuttā Māṇasiā,**
**Mahamāṇasiyāu, Dēvīō || 6 ||**

May (The eight goddesses of knowledge mentioned earlier together with these eight goddesses, (9) Gaurī (10) Gāndhārī (11) Mahājvālā (12) Māṇavī (13) Vairūṭyā (14) Acchuptā (15) Mānasī and (16) Mahāmānasī, who constitute the 16 goddesses or deities of education, protect us all, at all times. ||6||

जक्खा गोमुह-महजक्ख-
तिमुह-जक्खेस-तुंबरू कुसुमो ।
मायंग-विजय-अजिआ,
बंभो मणुओ सुरकुमारो ।।७।।

ચોવીસે તીર્થંકર ભગવન્તોના શાસનની રક્ષા કરનારા ૨૪ યક્ષદેવો અને ૨૪ યક્ષિણી દેવીઓ છે. તેમાં યક્ષદેવોનાં નામો અનુક્રમે આ પ્રમાણે છે. (૧) ગોમુખ (૨) મહાયક્ષ (૩) ત્રિમુખ (૪) યક્ષેશ (૫) તુંબરૂ (૬) કુસુમ (૭) માતંગ (૮) વિજય (૯) અજિત (૧૦) બ્રહ્મ (૧૧) મનુજ (૧૨) સુરકુમાર ॥૭॥

**Jakkhā Gōmuha Mahajakkha,**
**Timuha Jakkhēsa Tumbarū Kusumō |**
**Māyaṅga Vijaya Ajiā,**
**Bambhō Maṇuō Surakumārō || 7 ||**

There are 24 demigods called Yakshadevas and 24 demigoddesses called Yakshinis, who are constantly engaged in guarding the precepts and the religion of the 24 Tirthankaras. The names of the demigods or Yakshadevas are as follows :
(1) Gaumukha (2) Mahāyakṣa (3) Trimukha (4) Yakṣēśa (5) Tumbarū (6) Kusuma (7) Mātaṅga (8) Vijaya (9) Ajita (10) Brahma (11) Manuja (12) Surakumāra ||7||

छम्मुह-पयाल-किन्नर,-
गरुलो गंधव्व तहय जक्खिंदो ।
कूबर वरुणो भिउडी,
गोमेहो पास-मायंगा ॥८॥

(૧૩) ષડ્મુખ (૧૪) પાતાલ (૧૫) કિન્નર (૧૬) ગરૂડ (૧૭) ગંધર્વ (૧૮) યક્ષેન્દ્ર (૧૯) કુબર (૨૦) વરુણ (૨૧) ભૃકુટી (૨૨) ગોમેધ (૨૩) પાર્શ્વ અને (૨૪) માતંગ એમ કુલ ૨૪ યક્ષદેવો છે. ॥૮॥

**Chammuha Payāla Kinnara,**
**Garūlō Gandhavva Tahaya Jakikhandō I**
**Kubara Varūṇō Bhiuḍī,**
**Gōmēhō Pāsa Māyaṅgā II 8 II**

(13) Ṣaḍmukha (14) Pātāla (15) Kinnara (16) Garūda (17) Gandharva (18) Yakṣēndra (19) Kubara (20) Varūṇa (21) Bhrakuṭī (22) Gōmēdha (23) Pārśva (24) Mātaṅga these 24 are the names of the demigods. ||8||

देवीओ चक्केसरी,
अजिआ दुरिआरी काली महाकाली ।
अच्चुअ-संता जाला,
सुतारया-सोय-सिरिवच्छा ।।९।।

ચોવીસે તીર્થંકર પરમાત્માની શાસનરક્ષિકા દેવીઓ આ પ્રમાણે છે. (૧) ચક્રેશ્વરી (૨) અજિતા (૩) દુરિતારિ (૪) કાલી (૫) મહાકાલી (૬) અચ્યુતા (૭) શાન્તા (૮) જ્વાલા (૯) સુતારકા (૧૦) અશોકા અને (૧૧) શ્રીવત્સા

**Dēviō Cakkēsarī,**
**Ajiā Duriāri Kālī Mahākālī I**
**Accua Santā Jālā,**
**Sutārayā Sōya Sirivacchā II 9 II**

The 24 goddesses of the faith of the 24 Tirthankaras are as follows :

(1) Cakrēśvarī (2) Ajitā (3) Duritāri (4) Kālī (5) Mahākālī (6) Acyutā (7) Śāntā (8) Jvālā (9) Sutārakā (10) Aśōkā (11) Śrīvatsā ||9||

चंडा विजयंकुसि,
पन्नइत्ति निव्वाणी अच्चुआ धरणी ।
वइरुट्ट-छुत्तगंधारी,
अंब-पउमावई सिद्धा ।।१०।।

(૧૨) ચંડા (૧૩) વિજયા (૧૪) અંકુશા (૧૫) પ્રજ્ઞપ્તિ (૧૬) નિર્વાણી (૧૭) અચ્યુતા (૧૮) ધારિણી (૧૯) વૈરૂટ્યા (૨૦) અચ્છુપ્તા (૨૧) ગાંધારી (૨૨) અંબા (૨૩) પદ્માવતી અને (૨૪) સિધ્ધાયિકા આ ચોવીસે દેવીઓ ચોવીસે તીર્થંકર ભગવાનના શાસનનું રક્ષણ કરનારી છે. ||૧૦||

**Caṇḍā Vijayaṅkusi,**
**Pannaītti Nivvāṇī Acyuā Dharaṇī ।**
**Vaīruṭṭa Chuttagandhāri,**
**Aṃba Paumāvaī Sidhdhā ॥ 10 ॥**

(12) Caṇḍā (13) Vijyā (14) Aṃkuśā (15) Prajñaptī (16) Nirvāṇī (17) Acyutā (18) Dhāriṇī (19) Vairūṭyā (20) Acchuptā (21) Gāndhārī (22) Aṃbā (23) Padmāvatī (24) Sidhdhāyikā. These are the names of the 24 goddesses which guard the faith founded by the 24 Tirthankaras. ||10||

इअ तित्थरक्खणरया,
अन्ने वि सुरासुरी य चउहा वि ।
वंतर-जोइणी-पमुहा,
कुणंतु रक्खं सया अम्हं ।।११।।

આ પ્રમાણે ચતુર્વિધ સંઘ રૂપી તીર્થની રક્ષા કરવામાં ઓતપ્રોત એવાં પૂર્વોક્ત યક્ષ-યક્ષિણીઓ, તથા બીજા પણ ચારે પ્રકારના શાસનરક્ષક દેવો અને દેવીઓ, તથા વ્યંતર દેવો અને યોગિની વગેરે દેવીઓ હંમેશાં અમારૂં રક્ષણ કરો. ॥૧૧॥

Īa Tittharakkhaṇarayā,
Annē Vi Surāsurī Ya Cauhāvi |
Vantara Jōīṇi Pamuhā,
Kuṇantu Rakkhaṃ Sayā Amhaṃ || 11 ||

May the above mentioned Yaksas and Yakṣinis (Demigods and Demigoddesses) and also the other guardian deities together with the supernatural beings or gods and goddesses such as Vyantaradevas and Yoginidevis etc. protect us at all times. ||11||

एवं सुदिट्ठि-सुर-गण -
सहिओ संघस्स संति-जिणचंदो ।
मज्झ वि करेउ रक्खं,
मुणिसुंदरसूरि-थुअ-महिमा ।।१२।।

આ પ્રમાણે સમ્યગ્દષ્ટિ દેવો અને દેવીઓના સમૂહથી પરિવરેલા (સેવાયેલા), તથા શ્રી મુનિસુંદર સૂરિજી નામના આચાર્ય વડે સ્તવાયો છે મહિમા જેનો એવા શ્રી શાન્તિનાથ ભગવાન ચતુર્વિધ શ્રી સંઘની, અને મારી પણ રક્ષા કરો ॥૧૨॥

**Ēvaṃ Sudiṭiṭhasuragaṇa,**
**Sahiō Saṅghassa Santi Jiṇacandō ।**
**Majajha Vi Karēu Rakkhaṃ,**
**Muṇi Sundara Suri Thua Mahimā ॥ 12 ॥**

May Lord Śāntināthā, who is served by gods and godesses who have attained right faith and who is praised by Muni Sundara Suriji Acārya, protect the four-fold Jain congregation as well as me. ॥12॥

इअ संतिनाह-सम्मद्दिट्ठि,
रक्खं सरइ तिकालं जो ।
सव्वोवद्दवरहिओ,
स लहइ सुहसंपयं परमं ।।१३।।

આ પ્રમાણે શાન્તિનાથ ભગવાન સંબંધી સમ્યગ્દષ્ટિ દેવો વડે કરાતી રક્ષાને (રક્ષા કરવાનું સૂચવનારા આ સ્મરણને) જે મનુષ્ય ત્રણે કાળ સ્મરે છે. તે મનુષ્ય સર્વ ઉપદ્રવોથી રહિત થયો છતો પરમ એવી સુખસંપદાને પામે છે. ॥૧૩॥

**Īa Santināha Sammaddiṭṭhi,**
**Rakkhaṃ Saraī Tikālaṃ Jō |**
**Savvōvaddavarahiō,**
**Sa Lahaī Suhasampayaṃ Paramaṃ || 13 ||**

One who chants this invocation at all times to Lord Śāntināthā, who is guarded by the right seeing Gods, becomes free from all calamaties, attains the highest bliss as well as prosperity. ||13||

[1]तवगच्छ-गयण-दिणयर,
जुगवर - सिरिसोमसुंदरगुरूणं ।
सुपसाय - लद्धगणहर-
विज्जासिद्धी भणइ सीसो ।।१४।।

તપગચ્છ રૂપી આકાશમાં સૂર્યસમાન અને યુગપ્રધાન એવા શ્રી સોમસુંદરસૂરિજી નામના ગુરુજીની સુપ્રસન્નતા વડે પ્રાપ્ત કરી છે ગણધર પદવી અને વિદ્યાસિદ્ધિ જેણે એવો તેઓનો શિષ્ય (શ્રી મુનિસુંદરસૂરિ) આ પ્રમાણે કહે છે. ॥૧૪॥

**Tavagaccha Gayaṇa Diṇayara,**
**Jugavara - Sirisōma Sundara Gurūṇaṃ I**
**Supasāya Ladhdhagaṇahara,**
**Vijjāsidhdhī Bhaṇaī Sīsō II 14 II**

I, Muni Sundarasurī, disciple of Śrī Sōmasundarasuri, who is like the sun from sect Tapagaccha and who is prominent saint of his times, have obtained the status of a Ganaḍhara, also acquired the mastery of learning through the great grace and pleasure of my (above) teacher (Guruji) I would like to say like this. II14II

---

૧. આ ગાથા કેટલાક કારણોસર બોલવાની પરંપરા નથી.

## શ્રી તિજયપહુત્ત (સ્મરણ)

### ચોથું સ્મરણ

तिजय-पहुत्त-पयासय-
अट्ठ-महापाडिहेर-जुत्ताणं ।
समय-किखत्त-ठिआणं,
सरेमि चक्कं जिणिंदाणं ।।१।।

ત્રણે ભુવનની પ્રભુતાને પ્રગટ કરનારા આઠ મહા પ્રાતિહાર્યોથી યુક્ત, અને સમયક્ષેત્ર (અઢીદ્વીપ)માં રહેલા એવા ૧૭૦ જિનેશ્વર ભગવંતોના યંત્રને હું વારંવાર સ્મરું છું. ॥૧॥

## Invocation Four

## Tijay Pahutta Samarana (Invocation)

**Tijya Pahutta Payāsaya,**
**Aṭṭha Mahāpāḍihēra Juttāṇaṃ I**
**Samaya Kkhitta Thiāṇaṃ,**
**Sarēmi Cakkaṃ Jiṇmdāṇaṃ II 1 II**

I repeatedly remember the mystical diagram (Yantra) of the 170 revered great Jinas or spiritual Lords who inhabit the mythical region called Samayakṣetra which is equal to 21/2 'DWEEP', who are accompained by eight mighty guards or servants (Lit. door-keepers), and who bring out or display the power of sovereignty of the three worlds. ||1||

पणवीसा य असीया,
पनरस पन्नास जिणवरसमूहो ।
नासेउ सयल-दुरिअं,
भवियाणं भत्ति-जुत्ताणं ।।२।।

પચ્ચીસ, એંશી, પંદર અને પચ્ચાસ આ પ્રમાણે યંત્રોમાં આલેખાયેલો તીર્થંકર ભગવન્તોનો સમુદાય ભક્તિયુક્ત એવા ભવ્ય જીવોનાં સર્વ પાપોનો નાશ કરો. ।।૨।।

**Paṇavīsā Ya Asīyā,**
**Pannarasa Pannāsa Jinavarasamuhō I**
**Nāsēu Sayaladuriaṃ,**
**Bhaviyāṇaṃ Bhattijuttāṇaṃ II 2 II**

May the groups of the revered Tīrthaṅṅkarāsa who have been mentioned in the spiritual mystical diagrams (as 25 Twentyfive, 80 Eighty, 15 Fifteen and 50 Fifty), remove all the sins of the devoted and pious souls. ||2||

वीसा पणयाला विय,
तीसा पन्नत्तरी जिणवरिंदा ।
गह-भूअ-रक्ख-साइणी,
घोरुवसग्गं पणासंतु ।।३।।

વીસ, પીસ્તાલીસ, ત્રીસ, અને પંચોતેર આવી સંખ્યાપૂર્વક યંત્રમાં આલેખાયેલા જિનેશ્વર ભગવંતો ગ્રહો-ભૂતો-રાક્ષસો અને શાકિણીઓ-ડાકિણીઓના ઘોર ઉપસર્ગનો (પણ) નાશ કરો. ॥૩॥

**Vīsā Paṇayālā Viya,**
**Tīsā Pannattarī Jiṇavarindā ।**
**Gaha-bhūa-rakkha-sāiṇī,**
**Ghōruvasaggaṃ Paṇāsantu ॥ 3 ॥**

May the holy lords called Jinas, who have been depicted in the mystical diagrams by means of numbers like twenty (20), forty-five (45), thirty (30) and seventy-five (75), destroy grave troubles caused by evil planets, ghosts, goblins as well as witches.॥3॥

सत्तरि पणतीसा विय,
सट्ठी पंचेव जिणगणो एसो ।
वाहि-जल-जलण-हरि-करि,
चोरारि-महाभयं हरउ ।।४।।

સીત્તેર, પાંત્રીસ, સાઠ, તથા પાંચ આ પ્રમાણેની સંખ્યાથી યંત્રમાં આલેખાયેલો તીર્થંકર ભગવન્તોનો સમૂહ (અમારા) વ્યાધિ-જલ-અગ્નિ-સિંહ-હાથી-ચોર અને શત્રુઓના મહાભયને પણ દૂર કરો. ।।૪।।

**Sattari Paṇatīsā Viya,**
**Saṭṭhī Pañcēva Jiṇagaṇō Ēsō ।**
**Vāhi-jala-jalaṇa-hari-kari,**
**Cōrāri Mahābhayaṃ Harau ।। 4 ।।**

May the group of the Lord Jinas, who have been depicted in the mystical diagram with numeral figures such as seventy, thirty-five, sixty and five, completely remove our great fears and dangers arising from water, fire, lion, elephant, thieves as well as our enemies. ।।4।।

पणपन्ना य दसेव य,
पन्नट्ठि तह य चेव चालीसा ।
रक्खंतु मे सरीरं,
देवासुर-पणमिआ सिद्धा ।।५।।

પંચાવન, દશ, પાંસઠ તથા ચાલીસ આવા પ્રકારની સંખ્યાથી યંત્રમાં આલેખાયેલા, દેવ-દાનવો વડે પ્રણામ કરાયેલા, અને સિધ્ધિ પદને પામેલા એવા તીર્થંકર ભગવન્તો અમારા શરીરની સદા રક્ષા કરો. ।।૫।।

**Paṇapannā Ya Dasēva Ya,**
**Pannaṭṭhi Taha Ya Ēva Cālīsā ।**
**Rakkhantu Mē Śarīraṃ,**
**Dēvāsura-paṇamiā Sidhdhā ।। 5 ।।**

May the holy lords Jinas who have been depicted in the mystical diagrams as fifty five, ten, sixty five and forty, who have been respected by the gods as well as the demons and have attained iberation, protect our physical bodies at all times. ।।5।।

ॐ हरहुंहः सरसुंसः,
हरहुंहः तह य चेव सरसुंसः ।
आलिहिय-नाम-गब्भं,
चक्कं किर सव्वओभद्दं ॥६॥

ૐ એવા મન્ત્રાક્ષરપૂર્વક હરહુંહઃ, સરસુંસઃ, હરહુંહઃ તથા સરસુંસઃ આવા પ્રકારના બીજભૂત મંત્રાક્ષરો સહિત આલેખેલાં છે નામો મધ્યભાગે જે યંત્રમાં તે યંત્ર "સર્વતોભદ્ર" યંત્ર કહેવાય છે. ॥૬॥

**Auṃ Harahuṃhaḥ Sarasuṃsaḥ,**
**Harahuṃhaḥ Taha Ya Cēva Sarasuṃsaḥ ।**
**Ālihiya Nāmagabbhaṃ,**
**Cakkaṃ Kira Savvaō Bhaddaṃ ॥ 6 ॥**

The mystical diagram (Chakra) in the centre with mystical syllables and spells such as 'Auṃ Harahumhaḥ', 'Auṃ Sarasumsaḥ', 'Auṃ Harahumhaḥ', and 'Auṃ Sarasumsaḥ', is known as the mystical diagram Sarvatobhadra (i.e. Fully beneficial). ॥6॥

ॐ रोहिणी पन्नत्ती,
वज्जसिंखला तहय वज्जअंकुसिआ ।
चक्केसरी नरदत्ता,
काली महाकाली तह गोरी ।।७।।

તે સર્વતોભદ્ર યંત્રમાં ૐ (પ્રણવબીજ), હ્રીં (માયાબીજ), અને શ્રીં (લક્ષ્મીબીજ) એવા ત્રણ મંત્રાક્ષરો પૂર્વક સોળ વિદ્યાદેવીઓનાં નામો આલેખવાનાં હોય છે. તે દેવીઓનાં નામો આ પ્રમાણે છે. (૧) રોહિણી (૨) પ્રજ્ઞપ્તિ (૩) વજ્રશૃંખલા (૪) વજ્રાંકુશી (૫) ચક્રેશ્વરી (૬) નરદત્તા (૭) કાલી (૮) મહાકાલી (૯) ગૌરી તથા ॥૭॥

**Auṃ Rōhiṇī Pannattī,**
**Vajjasiṅkhalā Tahaya Vajja- aṃkusiā ।**
**Cakkēsarī Naradattā,**
**Kālī Mahākālī Taha Gōrī ॥ 7 ॥**

It is essential to depict the names of the sixteen deties or goddesses of education preceded by the sacred or mystical syllables - 'Auṃ' (the symbol of life), Hrīṃ (the symbol of universe) and 'Srim' (the symbol of wealth). The names of these sixteen deities are as follows :

(1) Rōhiṇī (2) Prajñaptī (3) Vajraśraṅkhalā (4) Vajrāṅkuśī (5) Cakrēśvarī (6) Naradattā (7) Kālī (8) Mahākālī (9) Gaurī ॥7॥

गंधारी महज्जाला,
माणवी वइरुट्ट तह य अच्छुत्ता ।
माणसी महमाणसिआ,
विज्जादेवीओ रक्खंतु ॥८॥

(૧૦) ગાંધારી (૧૧) મહાજ્વાલા (૧૨) માનવી (૧૩) વૈરૂટ્યા (૧૪) અચ્છુપ્તા (૧૫) માનસી અને (૧૬) મહામાનસી આ સોળ વિદ્યાદેવીઓ હંમેશાં અમારૂં રક્ષણ કરો. ॥૮॥

**Gandhārī Mahajjālā,**
**Māṇavī Vaīruṭṭa Taha Ya Acchuttā ।**
**Māṇasī Mahāmāṇasiā,**
**Vijjādēvīō Rakakhantu ॥ 8 ॥**

(10) Gandhārī (11) Mahājvālā (12) Mānavī (13) Vairūṭyā (14) Acchuptā (15) Mānasī and (16) Mahāmānasī. May these sixteen goddesses of knowledge protect us, forever. ॥8॥

पंचदस कम्मभूमिसु,
उप्पन्नं सत्तरि जिणाण सयं ।
विविह-रयणाइ-वन्नो-,
वसोहिअं हरउ दुरिआइं ।।९।।

પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા, વિવિધ પ્રકારના રત્નાદિની જેવા વર્ણોથી સુશોભિત એવા એકસો સીત્તેર જિનેશ્વર પરમાત્માઓ અમારા પાપોનો નાશ કરનારા થાઓ ॥૯॥

**Pañcadasa Kammabhūmisu,**
**Uppannaṃ Sattari Jiṇāṇa Sayaṃ I**
**Viviha Rayaṇāī Vannō-**
**Vasōhiaṃ Harau Duriāīṃ II 9 II**

May the one hundred and seventy Jineshwar Lords who have risen from the fifteen Karma lands and who are as handsome as gems, remove our bad deeds. ||9||

चउतीस-अइसय-जुआ,
अट्ठ-महापडिहेर-कय-सोहा ।
तित्थयरा गयमोहा,
झाएअव्वा पयत्तेणं ।।१०।।

ચોત્રીસ અતિશયોથી યુક્ત, આઠ મહાપ્રાતિહાર્યોથી કરાઈ છે શોભા જેઓની એવા, અને ચાલ્યો ગયો છે મોહ જેઓનો એવા (૧૭૦) તીર્થંકર ભગવન્તો બહુમાન પૂર્વક ધ્યાન કરવા યોગ્ય છે. ॥૧૦॥

**Cautīsa Aīsaya Juā,**
**Aṭṭha Mahāpaḍihērakayasōhā ।**
**Titthayarā Gayamōhā,**
**Jhāēavvā Payattēṇaṃ ॥ 10 ॥**

The Lord Tīrthaṅkaras, who have thirty-four miraculous spiritual powers (Atishayas), who are served by eight faithful servants (guards) and who do not have any attachment, are worthy of a great deal of reverance and respecte i.e. meditation. ॥10॥

ॐ वर-कणय-संख-विद्दुम-
मरगय-घण-सन्निहं विगय-मोहं ।
सत्तरिसयं जिणाणं,
सव्वामर-पूइअं वंदे-स्वाहा ।।११।।

ઉત્તમ સુવર્ણ, શંખ, પરવાળાં, મરકતમણિ, અને મેઘના સરખા વર્ણવાળા, (અર્થાત્ પાંચે વર્ણવાળા), ચાલ્યો ગયો છે મોહ જેઓનો એવા, અને સર્વે દેવો વડે પૂજાયેલા એવા એકસો સીત્તેર જિનેશ્વર ભગવંતોને હું પ્રણામ કરૂં છું. અહીં ૐ અને સ્વાહા એ બન્ને મંત્રાક્ષરો જાણવા. ॥૧૧॥

**Auṃ Varakaṇayasaṅkhavidduma**
**Maragayaghaṇasanniham̩ Vigayamōham̩ ।**
**Sattari Sayaṃ Jiṇāṇaṃ,**
**Savvāmara-pūīaṃ Vandē Svāhā ॥ 11 ॥**

I bow down to the one hundred and seventy lords jineshwars who have the complexion of excellent gold, conch-shell, coral, emerald-jewel and the rainy cloud (i.e. who are five - complexioned), who do not have any attachment and whom all gods worship. It must be noted that 'Aum' and 'Svāhā' are both mystic syllables. ॥11॥

ॐ भवण-वइवाण-वंतर,
जोइसवासी विमाणवासी य ।
जे के वि दुट्ठदेवा,
ते सव्वे उवसमंतु ममं स्वाहा ।।१२।।

ભવનપતિ, વ્યંતર વાણવ્યંતર, જ્યોતિષ્ક, અને વૈમાનિક નિકાયમાં વસનારા, જે કોઈ દુષ્ટદેવ હોય (જૈન શાસનના દ્વેષી અથવા અમારા ઉપર દ્વેષી હોય) તે સર્વે દેવો શાન્ત થાઓ, શાન્ત થાઓ, (દ્વેષ વિનાના થાઓ) ॥૧૨॥

**Auṃ Bhavaṇavaī Vāṇavantara,**
**Jōīsavāsī Vimāṇavāsī Ya ।**
**Jē Kē Viduṭṭha Dēvā,**
**Tē Savvē Uvasamantu Mamaṃ Svāhā ॥ 12 ॥**

Let those evil gods (who are inimical to the Jain), who inhibit the house, supernatural bodies or the bodies of spirit and the bodies in the form of luminaries and the celestial sphere, become peaceful again and again (i.e. become hateless). This is our prayer. ॥12॥

चंदण-कप्पूरेणं,
फलए लिहिऊण खालिअं पीअं ।
एगंतराइ-गह-भूअ,
साइणीमुग्गं पणासेइ ॥१३॥

ચંદન અને કર્પૂર વડે પાટીયા ઉપર આ સર્વતોભદ્ર યંત્રનું આલેખન કરીને ધોઈને પીવાયું છતું એકાંતરીયો તાવ, ગ્રહો, ભૂતો અને શાકિનીના ઉગ્ર ઉપસર્ગોનો નાશ કરે છે. ॥૧૩॥

**Candaṇakappurēṇaṃ,**
**Phalaē Lihiuṇa Khāliaṃ Pīaṃ I**
**Aēgantarāīgahabhūa,**
**Sāīṇīmuggaṃ Paṇāsēī ॥13॥**

After the mystical diagram called the "Sarvatobhadra" Yantra has been drawn in a board with sandle and camphor (Sticks or paste), (thereafter) it is washed with water and that water is drunk, it will destroy afflictions such as intermittten fever, intense troubles caused by unfavorable planets and by evil spirits of gosts and witches. ॥13॥

इअ सत्तरिसयं जंतं,
सम्मं मंतं दुवारि - पडिलिहिअं ।
दुरिआरि-विजयवंतं,
निब्भंतं निच्चमच्चेह ।।१४।।

આ પ્રમાણે એકસો અને સીત્તેર જિનેશ્વર પરમાત્માઓનો આ સર્વતોભદ્ર યંત્ર એ સમ્યગ્મંત્ર છે. ઘરના દ્વાર ઉપર લખાયેલો તે મંત્ર પાપ અને શત્રુઓનો વિજય કરાવનારો છે. તેથી કોઈ પણ પ્રકારની શંકા વિના તે મંત્રને તમે હંમેશાં પૂજો ॥૧૪॥

**Īa Sattarisayaṃ Jantaṃ,**
**Sammaṃ Mantraṃ Duvāri - Paḍilihiaṃ I**
**Duriārivijayavantaṃ,**
**Nibbhantaṃ Niccamaccēha II 14 II**

Thus, this mystical diagram (Yantṛa) is a spell of the right faith. When this diagram is depicted on the door of the house, it ensures a victory over one's sins and enemies. For this reason, one should always worship this spell without any scepticism. II14II

# શ્રી સર્વતોભદ્ર યંત્ર Shri Sarvatobhadra Yantra

## The Myshical Diagram Called "SARVATOBHADRA"

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫<br>હ<br>ૐ હ્રીં શ્રીં<br>રોહિણ્યૈ નમઃ<br>25<br>Ha<br>Auṃ Harīṃ<br>Shrīṃ Rōhiṇyai<br>Namaḥ | ૮૦<br>ર<br>ૐ હ્રીં શ્રીં<br>પ્રજ્ઞપ્ત્યૈ નમઃ<br>80<br>Ra<br>Auṃ Harīṃ<br>Shrīṃ Prajñaptyai<br>Namaḥ | ક્ષિ<br>Kṣi | ૧૫<br>હું<br>ૐ હ્રીં શ્રીં<br>વજ્રશૃંખલાયૈ નમઃ<br>15<br>Huṃ<br>Auṃ Harīṃ<br>Shrīṃ<br>Vajraśṛṅkhalāyai<br>Namaḥ | ૫૦<br>હ<br>ૐ હ્રીં શ્રીં<br>વજ્રાંકુશ્યૈ નમઃ<br>50<br>Ha<br>Auṃ Harīṃ<br>Shrīṃ<br>Vajrāṅkuśyai<br>Namaḥ |
| ૨૦<br>સ<br>ૐ હ્રીં શ્રીં<br>ચક્રેશ્વર્યૈ નમઃ<br>20<br>Sa<br>Auṃ Harīṃ<br>Shrīṃ<br>Cakraiśvaryai<br>Namaḥ | ૪૫<br>ર<br>ૐ હ્રીં શ્રીં<br>નરદત્તાયૈ નમઃ<br>45<br>Ra<br>Auṃ Harīṃ<br>Shrīṃ<br>Naradattāyai<br>Namaḥ | પ<br>Pa | ૩૦<br>સું<br>ૐ હ્રીં શ્રીં<br>કાલ્યૈ નમઃ<br>30<br>Suṃ<br>Auṃ Harīṃ<br>Shrīṃ Kālyai<br>Namaḥ | ૭૫<br>સઃ<br>ૐ હ્રીં શ્રીં<br>મહાકાલ્યૈ નમઃ<br>75<br>Saḥ<br>Auṃ Harīṃ<br>Shrīṃ<br>Mahākālyai<br>Namaḥ |
| ક્ષિ<br>Kṣi | પ<br>Pa | ૐ<br>Auṃ | સ્વા<br>Swā | હા<br>Hā |
| ૭૦<br>હ<br>ૐ હ્રીં શ્રીં<br>ગૌર્યૈ નમઃ<br>70<br>Ha<br>Auṃ Harīṃ<br>Shrīṃ Gauryai<br>Namaḥ | ૩૫<br>ર<br>ૐ હ્રીં શ્રીં<br>ગાંધાર્યૈ નમઃ<br>35<br>Ra<br>Auṃ Harīṃ<br>Shrīṃ<br>Gāndhāryai<br>Namaḥ | સ્વા<br>Swā | ૬૦<br>હું<br>ૐ હ્રીં શ્રીં<br>મહાજ્વાલાયૈ નમઃ<br>60<br>Huṃ<br>Auṃ Harīṃ<br>Shrīṃ<br>Mahājvālāyai<br>Namaḥ | ૫<br>હઃ<br>ૐ હ્રીં શ્રીં<br>માનવ્યૈ નમઃ<br>5<br>Haḥ<br>Auṃ Harīṃ<br>Shrīṃ Mānavyai<br>Namaḥ |
| ૫૫<br>સ<br>ૐ હ્રીં શ્રીં<br>વૈરુટ્યાયૈ નમઃ<br>55<br>Sa<br>Auṃ Harīṃ<br>Shrīṃ<br>Vairuṭyāyai<br>Namaḥ | ૧૦<br>ર<br>ૐ હ્રીં શ્રીં<br>અચ્છુપ્તાયૈ નમઃ<br>10<br>Ra<br>Auṃ Harīṃ<br>Shrīṃ<br>Acchuptāyai<br>Namaḥ | હા<br>Hā | ૬૫<br>સું<br>ૐ હ્રીં શ્રીં<br>માનસ્યૈ નમઃ<br>65<br>Suṃ<br>Auṃ Harīṃ<br>Shrīṃ Mānasyai<br>Namaḥ | ૪૦<br>સઃ<br>ૐ હ્રીં શ્રીં<br>મહામાનસ્યૈ નમઃ<br>40<br>Saḥ<br>Auṃ Harīṃ<br>Shrīṃ<br>Mahāmānasyai<br>Namaḥ |

# શ્રી નમિઉણ સ્તોત્ર (સ્મરણ)

## પાંચમું સ્મરણ

नमिऊण पणय-सुर-गण,-
चूडामणि-किरण-रंजिअं मुणिणो ।
चलण-जुअलं महाभय-
पणासणं संथवं वुच्छं ।।१।।

અતિશય નમેલા એવા દેવોના મુકુટના મણિઓના કિરણોથી રંજિત થયેલું એવું પાર્શ્વનાથ મુનીશ્વરનું જે ચરણયુગલ છે. તેને નમસ્કાર કરીને મહાભયનો નાશ કરનારા એવા સ્તવનને હું કહીશ. ॥૧॥

## Invocation Five
## Namiuna Stotra (Invocation)

Namiuṇa Paṇayasuragaṇa,
Cuḍāmaṇi Kiraṇa Rañjiaṃ Muṇiṇō ।
Calaṇa Jualaṃ Mahābhaya,
Paṇāsaṇaṃ Santhavaṃ Vucchaṃ ॥ 1 ॥

After bowing down to Lord Pārśvanātha, the lord of the ascetics, whose feet have become red by the jewel rays fitted into the crests which have bent very low in obeisance (to Lord Pārśvanātha), I shall recite the verse, which is capable of destroying fears. ॥1॥

सडियकर-चरण-नह-मुह,-
निबुड्ड-नासा विवन्न-लायन्ना ।
कुट्ठ-महारोगानल,-
फुलिङ्ग-निदड्ढ-सव्वंगा ।।२।।

સડી ગયા છે હાથ-પગ-નખ અને મુખ જેઓનું તે, તથા બેસી ગઈ છે નાસિકા જેઓની તે, તથા નાશ પામ્યું છે લાવણ્ય (સૌંદર્ય) જેઓનું તે, તથા કોઢ જેવા મહા રોગોરૂપી અગ્નિના તણખાઓ વડે બળી ગયાં છે સર્વ અંગો જેઓનાં એવા મનુષ્યો પણ....॥૨॥

**Saḍiyakara Caraṇa Naha Muha,**
**Nibuḍḍanāsā Vivannalāyannā ॥**
**Kuṭṭha Mahārōgānala,**
**Phuliṅg Nidaḍḍha Savvaṅgā ॥ 2 ॥**

Even those people whose hands, feet, nails and mouths or faces have decayed and who have flat noses, who are ugly and have burnt limbs like tepers..... ॥2॥

ते तुह चलणाराहण -
सलिलंजलि-सेय-वुड्ढिय-च्छाया ।
वण-दव-दड्ढा गिरि,-
पायव व्व पत्ता पुणो लच्छिं ।।३।।

તમારા ચરણોની આરાધના રૂપી પાણીની અંજલિના સિંચનથી વધી છે શોભા જેની એવા તે મનુષ્યો દાવાનલથી બળેલાં પર્વત ઉપરનાં વૃક્ષોની જેમ ફરીથી શોભાને પામે છે. જેમ પર્વત ઉપરનાં વૃક્ષો દાવાનલથી ભલે બળી ગયાં હોય તો પણ વરસાદના પાણીના સિંચનથી ફરીથી શોભા પામે છે. તેમ રોગોથી શોભા વિનાનું બનેલું શરીર પણ તમારા ચરણોની આરાધના કરવાથી નવપલ્લવિત થાય છે. ॥3॥

**Tē Tuha Calaṇārāhaṇa-**
**Salilañjali Sēya Vuḍḍhiya Cchāyā ।**
**Vaṇadava Daḍḍhā Giri,-**
**Pāyaya Vva Pattā Puṇō Lacchiṃ ॥3॥**

also once again attain growth, like the trees on a mountain that were burnt to ashes by the wild-fire. They have increased their attractiveness by sprinkling the water to worship your feet. ॥3॥

Note : Just as burnt down trees regain growth with rain water so also their disease stricken bodies shine out again by virtue of their worship to the Lord.

दुव्वाय-खुभिय-जलनिहि,-
उब्भड-कल्लोल-भीसणारावे ।
संभंत-भय-विसंठुल,-
निज्झामय-मुक्क-वावारे ।।४।।

તોફાની વાયુથી ખળભળેલા એવા, તથા વિકરાળ એવા મોજાંઓના ભયંકર અવાજો વાળા તથા ચારેબાજુથી આવી પડેલા ભયોથી આકુલવ્યાકુલ બનેલા ખલાસીઓ વડે તજી દેવાયો છે. વહાણ ચલાવવાનો વ્યાપાર જેમાં એવા ભયંકર તોફાની બનેલા દરીયામાં પણ....... ॥૪॥

**Duvvāya-Khubhiya-Jalanihi,**
**Ubbhaḍa Kallōla Bhīsaṇārāvē I**
**Sambhanta Bhaya Visaṇṭhula,**
**Nijjhāmaya Mukka Vāvārē II 4 II**

Even in the midst of the stormy sea, the terrified sailors, who are encircled by dangers from all sides, have abandoned their boats..... ||4||

अविदलिअ - जाणवत्ता,
खणेण पावंति इच्छिअं कूलं ।
पासजिण-चलण-जुअलं,
निच्चं चिअ जे नमंति नरा ।।५।।

જે મનુષ્યો પાર્શ્વનાથ પ્રભુના ચરણયુગલને નિત્ય નમસ્કાર કરે છે તેઓ નથી ભાંગ્યું વહાણ જેમનું એવા થયા છતા ઈચ્છિત કિનારાને ક્ષણવારમાં પ્રાપ્ત કરે છે. ।।૫।।

**Avidalia - Jāṇavattā,**
**Khaṇēṇa Pāvanti Icchiaṃ Kūlaṃ I**
**Pāsajiṇa Calaṇa - Jualaṃ,**
**Niccaṃ Cia Jē Namanti Narā II 5 II**

... those people (i.e. men) who always bow down before Lord Pārśvanātha, have their ships or boats restored to them intact, and reach their desired shores in no time. ||5||

खर-पवणुद्धुय-वणदव-
जालावलि-मिलिय-सयल-दुम-गहणे ।
डज्जंत-मुद्ध-मय-वहु,-भीसण-रव-भीसणंमि वणे ।।६।।

પ્રચંડ પવન વડે ફેલાયેલા વનના દાવાનલની જ્વાલાઓની શ્રેણીથી પકડાઈ ગયેલાં સર્વ વૃક્ષોથી ભયંકર બનેલા એવા, તથા અગ્નિથી બળતી ભોળી હરિણીઓની અસહ્ય ચીસો વડે ભયંકર બનેલા એવા (અર્થાત્ જે વનમાં ચારેબાજુ ભયંકર આગ લાગી છે અને દાઝેલા પશુ-પંખીઓ ચીસો પાડતાં પાડતાં જ્યાં ત્યાં દોડા-દોડી કરી રહ્યાં છે એવા) અગ્નિથી વ્યાપ્ત વનમાં પણ.... ॥૬॥

**Khara-Pavaṇudhdhuya-**
**Vaṇadava-Jālāvalimiliya Sayaladumagahaṇē I**
**Ḍajjanta Muddhamayavahu, Bhīsaṇa Rava**
**Bhīsaṇammi Vaṇē II 6 II**

Even in a forest, which is engulfed in fire, has become very awesome on account of the entire groves having been put on flames of wild fire, has become fierce on account of the stormy wind, the timid she-deer who are caught in the wild fire are screaming..... ||6||

जगगुरुणो कम-जुअलं,
निव्वाविअ-सयल-तिहुअणाभोअं ।
जे संभरंति मणुआ,
न कुणइ जलणो भयं तेसिं ।।७।।

શાન્ત કર્યો છે (અર્થાત્ ઉપદ્રવો ટાળવાથી સુખી કર્યો છે) સકલ ત્રણે ભુવનનો વિસ્તાર જેણે એવા જગદ્‌ગુરૂ શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણયુગલને જે મનુષ્યો સંભાળે છે તેઓને આવા પ્રકારનો તોફાની અગ્નિ પણ ભય કરતો નથી. ॥૭॥

**Jagaguruṇō Kamajualaṃ,**
**Nivvāvia-Sayala-Tihuaṇābhōaṃ I**
**Jē Sambharanti Maṇuā,**
**Na Kuṇai Jalaṇō Bhayaṃ Tēsiṃ II 7 II**

.....No danger is posed by such a wild and stormy fire to those people who remember (=worship) the Lord Pārśvanātha who is the preceptor of the entire world and has made the whole expanse of the three worlds peaceful and happy by averting their fears, calamaties and disturbances. ||7||

विलसंत-भोग-भीसण,-
फुरिआरूण-नयण-तरल-जीहालं ।
उग्ग-भुअंगं नव-जलय,-
सत्थहं भीसणायारं ।।८।।

સુશોભિત ઉંચી ફણા વડે (અથવા શરીર વડે) ભયંકર, ચંચળ અને ક્રોધાયમાન નેત્રવાળા, ડંખ મારવા માટે લપલપતી જીભવાળા, આકાશમાં ચડી આવેલા નવીન મેઘ સરખા કાળાભમ્મર, તથા ભયંકર આકૃતિવાળા એવા ઉગ્ર સર્પને પણ...... ॥૮॥

**Vilasanta Bhōga Bhīsaṇa,**
**Phuriārūṇa-Nayaṇa-Taralajīhālaṃ I**
**Ugga-Bhuaṃgaṃ Navajalaya,**
**Satthahaṃ Bhīsaṇāyāraṃ II 8 II**

Even a deadly and frightful cobra with raised head and impatient and angry eyes and who is ready to bite by throwing his tongue out, who is jet black like a new cloud rising in the sky with terrifying appearance..... II 8 II

मन्नंति कीड-सरिसं,
दूर-परिच्छूढ-विसम-विस-वेगा ।
तुह नामक्खर-फुड-सिद्ध,-
मंतगुरुआ नरा लोए ।।९।।

તમારા (પાર્શ્વનાથ એવા) નામ રૂપી અક્ષરો વડે પ્રગટપ્રભાવવાળો સિધ્ધ થયો છે (ગારુડિક આદિ) મંત્ર જેને એવા ગૌરવવંત, તથા દૂરથી જ નાશ પામ્યો છે ભયંકર વિષનો વેગ જેનો એવા તે મનુષ્યો આ લોકમાં (આવા સર્પને) એક નાના કીડા સમાન ગણે છે. ॥૯॥

**Mannanti Kīḍa Sarisaṃ,**
**Dūra-Paricchūḍha-Visama-Visa-Vēgā I**
**Tuha Nāmakkhara Phuḍasiddha,**
**Mantaguruā Narā Lōē II 9 II**

.....Man is considered as a tiny insect in this world by those people who have mastered the great spell (Called a snake-charmer's spell) calling your name (=Pārśvanātha) and neutralized the power of the deadly poison (of the cobra) (destroyed) from a distance. II9II

अडवीसु भिल्ल-तक्कर,-
पुलिंद-सद्दूल-सद्द-भीमासु ।
भय-विहुर-वुन्न-कायर-
उल्लूरिय-पहिय-सत्थासु ।।१०।।

ભિલ્લલોકો (પલ્લિવાસી), ચોરલોકો, વનવાસી પ્રાણીઓ, તથા વાઘ, સિંહ વગેરે પશુઓના ભયજનક શબ્દોથી ભયંકર બનેલી એવી અટવીઓમાં, તથા ભયથી આકુલવ્યાકુલ થયેલા, કંપતા (થરથરતા), અને કાયર (બીકણ) એવા મુસાફરોના સાર્થો જેમાં લુંટાયા છે એવી ભયંકર અટવીઓમાં પણ...... ॥૧૦॥

**Aḍavīsu Bhilla-Takkara,**
**Pulinda-Saddula-Sadda-Bhīmāsu I**
**Bhaya-Vihura-Vunna-Kāyara**
**Ullūriya-Pahiya-Satthāsu II 10 II**

O Lord ! Even in the midst of dangerous forests, which are made frightful by the terrifying cries of the forest dwelling tribes; of thieves, wild-animals like liger, the lion, etc. and in which the groups of timid and trembling travellers are looted..... ||10||

अविलुत्त-विहव-सारा,
तुह नाह पणाम-मत्त-वावारा ।
ववगय-विग्घा सिग्घं,
पत्ता हिय-इच्छियं ठाणं ।।११।।

તમને પ્રણામ માત્રનો વ્યવહાર કરનારા, નથી લુંટાયો વૈભવનો સાર જેનો એવા અને દૂર થયાં છે વિઘ્નો જેનાં એવા તે મનુષ્યો હે નાથ ! તત્કાળ પોત-પોતાના હૃદયને ઈચ્છિત સ્થાનને પામે છે. ॥૧૧॥

**Avilutta-Vihava-Sārā,**
**Tuha Nāha Paṇāma-Matta-Vāvārā |**
**Vavagaya Vigghā Siggham̩,**
**Pattā Hiya-Īcchiyam̩ Ṭhāṇam̩ || 11 ||**

.....People who have merely tried to pray you, people whose essential prosperity is not stolen away and people whose obstacles have been removed, attain to the desired place. ||11||

पज्जलिआनल-नयणं,
दूर-वियारिअ-मुहं महाकायं ।
नह-कुलिस-घाय-वियलिअ,-
गइंद-कुंभत्थलाभोअं ।।१२।।

पणय-ससंभम-पत्थिव,
नह-मणि-माणिक्क-पडिअ-पडिमस्स ।
तुह वयण-पहरणधरा,
सीहं कुद्धं पि न गणंति ।।१३।।

પ્રજ્વલિત અગ્નિ સરખા લાલચોળ નેત્રવાળા, અત્યંત ફાડ્યું છે મુખ જેણે એવા, પ્રચંડ છે કાયા જેની એવા, નખો રૂપી વજ્રના ઘા વડે વિશેષે વિદાર્યો છે હાથીઓના ગંડસ્થળનો વિસ્તાર જેણે એવા...... ॥૧૨॥

ક્રોધાયમાન સિંહને પણ, હે પ્રભુ ! તમને નમસ્કાર કરનારા અને તે નમસ્કાર માટે અધીરા બનેલા એવા રાજાઓના નખરૂપી મણિ અને માણેકમાં પડ્યું છે પ્રતિબિંબ જેનું એવા તમારાં વચનો રૂપી શસ્ત્રોને ધારણ કરવાવાળા મનુષ્યો ગણકારતા નથી. સારાંશ કે તમારાં વચનો જેના હૈયે વસ્યાં છે તેઓ આવા પ્રકારના ક્રોધાયમાન સિંહને પણ ગણતા નથી. ॥૧૩॥

Pajjaliānala-Nayaṇaṃ,
Dūra-Viyāria Muhaṃ Mahākāyaṃ I
Naha-Kulisa-Ghāya-Viyalia,
Gaiṃda Kumbhatthalā Bhōaṃ II 12 II

Paṇaya-Sasambhama-Patthiva,
Naha-Maṇi-Māṇikka-Paḍia-Paḍimassa I
Tuha-Vayaṇa-Paharaṇadharā,
Sīhaṃ Kudhdhaṃ Pi Nagaṇanti II 13 II

O Lord, those people who are equipped with the weapons in the form of your teachings (words) - You who are reflected in the jewels and pearls in the form of the nails of the kings who are desperate to fall at your feet and who offer obeisance to you, do not care for or fear even an angry lion, who is possessed of eyes as red as burning fire, who has opened his jaws even when he is at a distance, who has a fierce appearance and who has torn apart the entire expanse of the temples of the elephants by means of the assault of the thunerbolt in the form of its claws.
In short, those people who have assimilated your teachings, within their hearts, (they) do ot fear even an angry lion. (12-13)

सिस-धवल-दंतमुसलं,
दीह-करुल्लाल-वुड्ढि-उच्छाहं ।
महुपिंग-नयण-जुअलं,
ससलिल-नवजलहरारावं ।।१४।।

भीमं महागइंदं,
अच्चासन्नंपि ते न वि गणंति ।
जे तुम्ह चलण-जुअलं,
मुणिवई तुंगं समल्लीणा ।।१५।।

ચંદ્રના જેવા ધોળા દંતુશલવાળા, લાંબી લાંબી સુંઢને ઉછાળવા વડે વધ્યો છે ઉત્સાહ જેનો એવા, મધના જેવાં (રક્ત-પિત્ત અર્થાત્) લાલ-પીળાં છે નેત્રયુગલ જેનાં એવા, પાણીથી ભરપૂર નવીન મેઘ જેવી ગર્જના વાળા, તથા...... ॥૧૪॥

ભયંકર (ક્રોધાયમાન) દેખાતા, અતિશય નજીક આવી પહોંચેલા એવા મોટા હાથીને પણ હે મુનિપતિ ! તે મનુષ્યો ગણકારતા નથી કે જેઓ તમારા ઉન્નત એવા ચરણયુગલને આશ્રયે સમ્યગ્ પ્રકારે આવ્યા છે. ॥૧૫॥

Sasi-Dhavala-Dantamusalaṃ,
Dīha-Karullāla-Vuḍḍhi-Ucchāhaṃ I
Mahupiṅga-Nayaṇa-Jualaṃ,
Sasalila-Navajalaharārāvaṃ II 14 II

Bhīmaṃ Mahāgaiṃdaṃ,
Accāsannampi Tē Na Vi Gaṇanti I
Jē Tumha Calaṇa-Jualaṃ
Muṇi Vaī Tuṅgaṃ Samallīṇā II 15 II

O Best of monks : Those people who have taken shelter with your exalted feet in the right way, do not fear even a huge elephant, which has tuska as white as the moon, whose energy is enhanced on account of its tossing trunk, whose eyes are variegated (red and yellow) like honey, which resemble a fresh cloud in its rumbling (sound), which appears angry and which has come very close to him. ||14-15||

समरम्मि तिक्ख-खग्गा,-
भिग्घाय-पविद्ध-उद्धुय-कबंधे ।
कुंत-विणिभिन्न-करि-कलह,-
मुक्क-सिक्कार-पउरंमि ।।१६।।

निज्जिअ-दप्पुद्धर-रिउ,
नरिंद-निवहा भडा जसं धवलं ।
पावंति पाव-पसमिण,
पासजिण ! तुह-प्पभावेण ।।१७।।

અણીદાર ખડ્ગોના પ્રહારોથી છુટાં છવાયાં જ્યાં ત્યાં પડતાં છે ધડો જેમાં તેવા, તથા ભાલાઓથી વિશેષે કરીને ભેદાયેલાં હાથીઓના બચ્ચાંઓ વડે મુકાયેલી (અર્થાત્ કરાયેલી) ચિચિયારીઓ વડે ભયંકર બનેલા યુધ્ધમાં પણ...... ॥૧૬॥

પાપને અતિશય શાન્ત કરનારા એવા હે પાર્શ્વનાથ પ્રભુ ! તમારા પ્રભાવથી અભિમાનથી ઉધ્ધત બનેલા શત્રુ રાજાઓના સમૂહને જિત્યો છે જેમણે એવા સુભટો નિર્મળ યશને પામે છે. ॥૧૭॥

Samarammi Tikkha-Khaggā,
Bhigghāya Paviddha Uddhuya Kabandhē I
Kunta-viṇibhinna-kari-kaha,
Mukka-Sikkāra-Paurammi II 16 II

Nijjia-dappudhdha-riu,
Narinda-nivahā Bhaḍā Jasaṃ Dhavalaṃ I
Pāvanti Pāva-pasamiṇa,
Pāsajiṇa ! Tuhappabhāvēṇa II 17 II

O Lord Pārśvanātha, those good warriors, who have vanquished the group of enemies that have become haughty due to pride, attain spotless glory through your grace and prowess, even in a battle, in which torsos of dead human bodies are lying scattered all around because they are struck with swords, and which has become horrible due to the shrill sounds produced by the cubs of the elephants which are severely hurt by spears. ||16-17||

रोग-जल-जलण-विसहर,-
चोरारि-मइंद-गय-रण-भयाइं ।
पास-जिण-नाम-संकित्तणेण,
पसमंति सव्वाइं ।।१८।।

રોગજન્ય, જલથી જન્ય, અગ્નિથી જન્ય, સર્પજન્ય, ચોરથી જન્ય, શત્રુજન્ય, સિંહજન્ય, હાથીજન્ય અને યુધ્ધથી જન્ય જે જે ભયો છે તે સર્વ ભયો હે પાર્શ્વનાથ પ્રભુ ! તમારા નામ માત્રનું સંકીર્તન કરવાથી જ અતિશય શાન્ત થઈ જાય છે. અર્થાત્ ફરીથી કદાપિ ન આવે તેવા તે ભયો શાન્ત થાય છે. ॥૧૮॥

**Rōga-jala-jalaṇa-visahara,**
**Cōrāri-maiṃda-gaya-raṇa-bhayāiṃ ।**
**Pāsa-jiṇa-nāma-saṅkittāṇēṇa,**
**Pasamanti Savvāiṃ ॥ 18 ॥**

O Lord Pārśvanātha ! All the dangers arising out of disease, water, fire, serpents, thieves, enemies, the lion, the elephent and wars, are extinguished-as soon as one recites your name.

The idea is that all the abovementioned dangers and fears are extinguished in such a manner that they never trouble us again. ॥18॥

एवं महा-भयहरं,
पास-जिणिंदस्स संथवमुआरं ।
भविअ - जणाणंदयरं,
कल्लाण-परंपर-निहाणं ।।१९।।

આ પ્રમાણે મહાભયોને હરનારૂં એવું, ભવ્ય આત્માઓને આનંદ આપનારૂં એવું, તથા કલ્યાણની પરંપરાઓના ભંડારતુલ્ય એવું પાર્શ્વનાથ પરમાત્માનું ઉદાર આ સ્તવન....... ॥૧૯॥

**Ēvaṃ Mahābhayaharaṃ,**
**Pāsa jiṇindassa Santhavamuāraṃ I**
**Bhavia - jaṇāṇandayaraṃ,**
**Kallāṇa-parampara-nihāṇaṃ II 19 II**

Thus, this noble hymn of Lord Pārśvanātha, which destroys great dangers, which provides joy to the spiritually exalted souls and which is a store-house of a series of blisses..... II19II

रायभय-जक्ख-रक्खस,-
कुसुमिण-दुस्सउण-रिक्ख-पीडासु ।
संझासु दोसु पंथे,
उवसग्गे तहय रयणीसु ।।२०।।

રાજ્યભય આવે ત્યારે, યક્ષ-રાક્ષસ-કુસ્વપ્ન-દુઃસ્વપ્ન, અને ગ્રહો સંબંધી પીડાઓ આવે ત્યારે, બન્ને સંધ્યાના સમયે, અરણ્યાદિ ભયજનક માર્ગ આવે ત્યારે, ઉપસર્ગો આવે ત્યારે, તથા રાત્રિના સમયે...... ॥૨૦॥

**Rāyabhaya Jakkha Rakkhasa,**
**Kusumiṇa-dussauṇa-rikkha Pīḍāsu ।**
**Sañjhāsu Dōsu Panthē,**
**Uvasaggē Tahaya Rayaṇīsu ॥ 20 ॥**

When danger arises from the state (Rājā), when calamities caused by the demagods, the goblins, night-mares, evil dreams as well as the stars, arrive, at the time of both the twilights, when we are faced with a dangerous road or forest, when troubles arise from the external world, at the time of the night... ॥20॥

जो पढइ जो अ निसुणइ,
ताणं कइणो य माणतुंगस्स ।
पासो पावं पसमेउ,
सयल-भुवण-च्चिय-चलणो ।।२१।।

જે મનુષ્યો (આ સ્તવનને) ભણે છે અને જે મનુષ્યો ધ્યાનપૂર્વક સાંભળે છે. તે બન્નેના, તથા કવિરાજ શ્રી માનતુંગસૂરિ મહારાજના પાપો સંપૂર્ણ ત્રણ ભુવન વડે પૂજાયા છે ચરણો જેનાં એવા પાર્શ્વનાથ પ્રભુ શાન્ત કરો (દૂર કરો). ॥૨૧॥

**Jō Paḍhaī Jō A Nisuṇai,**
**Tāṇaṃ Kaiṇō Ya Māṇatuṅgassa I**
**Pāsō Pāvaṃ Pasamēu,**
**Sayala-bhuvaṇa-cciya-calaṇō II 21 II**

.....(On all such occasions) those men who recite or chant this hymn as well as those men who listen to it attentively, when it is recited or chanted, both of them, as well as the poet of this hymn, Shri Mānaṭuṅgāsuri, have all their sins extinguished by Lord Pārśvanātha whose feet have been worshipped by all the three worlds. ||21||

उवसग्गंते कमठा-सुरम्मि
जाणाओ जो न संचलिओ ।
सुर-नर-किन्नर-जुवइहिं,
संथुओ जयउ पासजिणो ।।२२।।

કમઠ નામના દાનવ વડે કરાયેલા ઉપસર્ગમાં પણ જે પાર્શ્વનાથ પ્રભુ ધ્યાનથી ચલાયમાન થયા નથી તે દેવ-માનવ અને કિન્નર દેવ-દેવીઓ વડે સ્તવાયેલા એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ જય પામો વિજય પામો. ।।૨૨।।

**Uvasaggantē Kamaṭhā-surammi**
**Jāṇāō Jō Na Sañcaliō I**
**Sura-nara-kinnara-juvaihiṃ,**
**Santhuō Jayau Pāsajiṇō II 22 II**

May Lord Pārśvanātha remain victorious - the Lord who is not disturbed or ruffled from his meditation even by the troubles and tormentations caused by the demon called Kamatha and who is praised with hymns by gods, men, the semi-human beings as well as goddesses. ll22ll

एअस्स मज्झयारे,
अट्ठारस-अक्खरेहिं जो मंतो ।
जो जाणइ सो झायइ,
परम-पयत्थं फुडं पासं ।।२३।।

આ નમિઊણ નામના સ્મરણની અંદર "**નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ**" એ અઢાર અક્ષરોનો બનેલો જે ગુપ્ત મંત્ર છે. તેને જે જાણે છે. તે પરમપદને પામેલા એવા પાર્શ્વનાથ પ્રભુનું સ્પષ્ટપણે ધ્યાન કરે છે. ॥૨૩॥

**Eassa Majjhayārē,**
**Aṭṭhārasa-akkharēhiṃ Jō Mantō ।**
**Jō Jāṇai Sō Jhāyai,**
**Parama payatthaṃ Phuḍaṃ Pāsaṃ ॥ 23 ॥**

One who knows the sacret spell consisting of eighteen syllables contained in the invocation called the Namiuna, clearly performs the meditation of Lord Pārśvanātha who has attained to the highest status. ॥23॥

पासह समरण जो कुणइ,
संतुट्ठेण हियएण ।
अट्ठुत्तर-सय-वाहि-भय,
नासइ तस्स दूरेण ।।२४।।

જે મનુષ્ય પ્રસન્ન હૃદયથી પાર્શ્વનાથ પ્રભુનું (આ) સ્મરણ કરે છે. તેના એકસો આઠ પ્રકારના વ્યાધિઓના ભયો દૂરથી જ અત્યંત નાશ પામે છે. ॥૨૪॥

**Pāsaha Samaraṇa Jō Kuṇai,**
**Santuṭṭhēṇa Hiyaēṇa I**
**Aṭṭhuttara-saya-vāhi-bhaya,**
**Nāsaī Tassa Dūrēṇa II 24 II**

A man with a devotional heart, who recites this invocation of Lord Pārśvanātha has all his 108 dangers and fears destroyed. ॥24॥

## શ્રી અજિતશાન્તિ સ્તોત્ર (સ્મરણ)

### છટ્ઠું સ્મરણ

अजिअं जिअ-सव्व-भयं,

संतिं च पसंत-सव्व-गय-पावं ।

जयगुरू संति-गुण-करे,

दो वि जिणवरे पणिवयामि ।।१।। गाहा ।।

જિત્યા છે સર્વ ભયો જેમણે એવા અજિતનાથ ભગવાન તથા અતિશય નાશ કર્યા છે સર્વ રોગો અને પાપો જેમણે એવા શાન્તિનાથ ભગવાન, તથા જગતના ગુરૂ અને સર્વત્ર શાન્તિ રૂપ ગુણના કરનારા આ બન્ને જિનેશ્વર પરમાત્માને હું (ભાવપૂર્વક) પ્રણામ કરૂં છું. ॥૧॥

### Invocation Six

## Hymn of Ajitashanti (Invocation)

Ajiaṃ Jiasavvabhayaṃ,

Santtiṃ Ca Pasantasavvagayapāvaṃ I

Jaya Gurū Santi Guṇa Karē,

Dō Vi Jiṇavarē Paṇivayāmi II 1 II Gāhā II

I bow down (with devotion) to Lord Ajitanath, who has conquered all the fears and to Lord Shāntināth who has totally destroyed all the diseases. These Lords are the preceptors and generators of peace in the universe. ||1||

ववगय-मंगुल-भावे,
ते हं विउल-तव-निम्मल-सहावे ।
निरुवम-महप्पभावे,
थोसामि सुदिट्ठ-सब्भावे ।।२।। गाहा ।।

ચાલ્યા ગયા છે અશુભ ભાવો જેમનામાંથી એવા, તથા વિશાલ તપ આદરવા વડે નિર્મળ કર્યા છે સ્વભાવો જેમણે એવા, તથા અનુપમ અને મહાન છે પ્રભાવ જેમનો એવા, તથા સારી રીતે (કેવલજ્ઞાન દ્વારા) જોયા છે યથાર્થ ભાવો જેમણે એવા તે બન્ને પરમાત્માની હું (નંદિષેણ મુનિ) સ્તુતિ કરીશ. ॥૨॥

**Vavagayamaṅgulabhāvē,**
**Tē haṃ Viulatavanimmalasahāvē I**
**Niruvamamahappabhāvē,**
**Thōsāmi Suditṭ̣ha Sabbhāvē II 2 II Gāhā II**

I, the monk Nandishena, shall sing the praise of these two Lords, who do not have any evil thoughts, have purified their natures by great penance, whose impact is incomparable and great and who have seen very clearly the true nature of things by means of true and highest knowledge (i.e. enlightenment). II2II

सव्व-दुक्ख-प्पसंतीणं,
सव्व-पाव-प्पसंतीणं ।
सया अजिय-संतीणं,
नमो अजिअ-संतीणं ।।३।। सिलोगो ।।

સર્વ દુઃખો વિશેષે શાન્ત થયાં છે (ચાલ્યાં ગયાં છે) જેમનાં એવા, સર્વ પ્રકારના પાપોને શાન્ત કરનારા (અર્થાત્ નાશ કરનારા), તથા સદાકાળ કોઈનાથી ન જિતાય તેવા તથા શાન્ત પ્રકૃતિવાળા એવા અજિતનાથ અને શાન્તિનાથ ભગવાનને અમારા નમસ્કાર હોજો ॥૩॥

**Savvadukkhappasantīṇaṃ,**
**Savvapāvappasantiṇaṃ I**
**Sayā Ajiyasantīṇaṃ,**
**Namō Ajiasantiṇaṃ II 3 II Silōgō II**

May our obeisance be to Lord Ajitanatha and Lord Shantinatha, whose miseries have disappeared in their totality, who have destroyed all the sins, are unconquerable and peaceful. ॥3॥

अजिय-जिण-सुह-प्पवत्तणं,
तव पुरिसुत्तम-नामकित्तणं ।
तह य धिइ-मइ-प्पवत्तणं,
तव य जिणुत्तम संति कित्तणं ।।४।। मागहिआ ।।

પુરુષોત્તમ એવા હે અજિતનાથ ભગવાન્ ! તમારું નામકીર્તન સુખને આપનારું છે તથા ધૃતિ અને મતિને પણ આપનારું છે. તથા જિનોત્તમ એવા હે શાન્તિનાથ ભગવાન ! તમારું નામકીર્તન પણ ઉપરોક્ત સર્વ ગુણવાળું છે. ॥૪॥

**Ajiyajiṇa Suhappavattaṇaṃ,**
**Tava Purisuttama Nāmakittaṇaṃ I**
**Taha Ya Dhiimaippavattaṇaṃ,**
**Tava Ya Jiṇuttama Santi Kittaṇaṃ II 4 II**
**II Māgahiā II**

O Lord Ajitanatha, you who are the best of all men, your name, when chanted and praised repeatedly with devotion, is capable of giving happiness, calmness and knowledge. O Lord Shantinatha ! You who are foremost among the Jinas (lit. 'Conquerers' of Passions, etc.) your name too has the above merits when praised and chanted. ||4||

किरिआविहिसंचिअ-कम्मकिलेस-विमुक्खयरं ।
अजिअं निचिअं च गुणेहिं महामुणि-सिद्धिगयं ।।
अजिअस्स य संति-महामुणिणो वि अ संतिकरं ।
सययं मम निव्वुइकारणयं च नमंसणयं ।।५।। आलिंगणयं ।।

મહામુનિ એવા અજિતનાથ પરમાત્મા અને શાન્તિનાથ પરમાત્માને કરેલો નમસ્કાર, કે જે નમસ્કાર મન-વચન-કાયા સંબંધી વિવિધ ક્રિયાઓ દ્વારા બાંધેલાં કર્મો અને કષાયોથી વિશેષ મુકાવનાર છે. તથા કોઈ (અન્ય દેવો) થી પરાભવ ન પામે તેવો છે. ગુણોથી ભરપૂર છે. તથા મહામુનિઓની (અણિમાદિ લબ્ધિઓ ૩૫) સિધ્ધિથી યુક્ત છે. તે નમસ્કાર મારી શાન્તિને કરનારો થાઓ અને મુક્તિદાયક થાઓ ॥૫॥

Kiriāvihisañcia Kammakilēsa Vimukkhayaraṃ I
Ajiaṃ Niciaṃ Ca Guṇēhiṃ Mahāmuṇi Sidhdhigayaṃ II
Ajiassa Ya Santi Mahāmuṇiṇō Vi A Santikaraṃ I
Sayayaṃ Mama Nivvuikāraṇayaṃ
Ca Namaṃsaṇaṃyaṃ II 5 II Āliṅgaṇayaṃ II

The Obeisances offered to Lord Ajitanatha, the great monk, and Lord Shāntīnāth, are capable of liberating us from the various passions and Karmas (bondages) caused by the different activities pertaining to the mind, the speech and the body and who cannot be outwitted by any other god.

May these obeisances, which are possessed of merits and which contain the miraculous accomplishments of the great monks in the forms of powers (Called Labdhis, such as Aṇima, etc.), generate for me peace and liberation. II5II

पुरिसा जइ दुक्ख-वारणं,
जइ य विमग्गह सुक्ख-कारणं ।
अजिअं संतिं च भावओ,
अभयकरे सरणं पवज्जहा ।।६।। मागहिआ ।।

હે પુરૂષો ! જો તમે દુઃખનું નિવારણ ઈચ્છો છો અને સુખ પ્રાપ્તિનું કારણ ઝંખો છો, તો નિર્ભયતાને કરનારા એવા અજિતનાથ અને શાન્તિનાથ ભગવાનનું ભાવપૂર્વક શરણ સ્વીકારો. ॥૬॥

**Purisā Jaī Dukkhavāraṇaṃ,**
**Jai Ya Vimaggaha Sukkhakāraṇaṃ ।**
**Ajiaṃ Santi Ca Bhāvaō,**
**Abhayakarē Saraṇaṃ Pavajjahā ॥ 6 ॥**
**॥ Māgahiā ॥**

O men ! If you desire freedom from misery and attainment of happiness, then, you should seek shelter with Lord Shāntinātha and Lord Ajitanātha who cause freedom from fear ॥6॥

अरइ-रइ-तिमिर-विरहिअ-मुवरय-जर-मरणं ।
सुर-असुर-गरुल-भुयगवइ,-पयय-पणिवइयं ।।
अजिअमहमवि अ सुनय-नय-निउण-मभयकरं ।
सरणमुवसरिअ भुविदिविजमहिअं सययमुवणमे ।।७।।
।। संगययं ।।

અરતિ, રતિ અને અજ્ઞાન (આદિ દોષો)થી રહિત, નાશ પામ્યા છે જરા અને મરણ જેમનાં એવા, વૈમાનિકદેવો, ભવનપતિદેવો જ્યોતિષ્કદેવો તથા વ્યંતરદેવોના સ્વામી (ઈન્દ્રો) વડે ભાવપૂર્વક પ્રણામ કરાયેલા તથા ઉત્તમ ન્યાય કરનારા નૈગમાદિ સાત નયોને સમજાવવામાં નિપુણ, નિર્ભયતા આપનારા, તથા પૃથ્વી ઉપર જન્મેલા મનુષ્યો વડે અને દેવલોકમાં જન્મેલા દેવો વડે પૂજાએલા એવા તે અજિતનાથ પરમાત્માનું શરણ પામીને હું પણ તેમને ભાવપૂર્વક સતત પ્રણામ કરૂં છું. ॥૭॥

Arai Rai Timira Virahia-muvaraya-jara-maraṇaṃ I
Sura-asura-garula-bhuyagavaī,
Payaya-paṇivaīyaṃ II
Ajiamahabhavi A Sunaya-naya-
niuṇa-mabhayakaraṃ I
Saraṇa Muvasaria Bhavudivija
Mihaaṃ Sayayamuvaṇamē II 7 II
II Saṃgayayaṃ II

Having secured shelter with Lord Ajitanātha who is devoid of aversion, attachment and ignorance and other defects, who is not subject to old age and death, who is saluted reverentially by the lords (Indras) of the celestial gods, the terrestrial gods and the luminary gods as well as the gods of spirits or ghosts, who is well-versed in expounding the seven Nayas called Naigama, etc., who imparts fearlessness and who is worshipped by men on the earth and gods in heaven, I bow down to him repeatedly with reverance and steadfastness of purpose. II7II

तं च जिणुत्तम-मुत्तम-नित्तम-सत्तधरं ।
अज्जव-मद्दव-खंति-विमुत्ति-समाहि- निहिं ।।
संतिकरं पणमामि दमुत्तम-तित्थयरं ।
संतिमुणी मम संति-समाहि-वरं दिसउ ।।८।। सोवाणयं ।।

સામાન્ય કેવલીઓમાં શ્રેષ્ઠ, ઉત્તમ, અલ્પ પણ અજ્ઞાન વિનાના, સાત્ત્વિક શક્તિને ધારણ કરનારા, આર્જવ (સરળતા), માર્દવ (નમ્રતા), ક્ષમા, નિર્લોભતા, અને સમાધિ આદિ ગુણોના ભંડાર, શાન્તિને કરનારા, ઈન્દ્રિયોના દમનથી ઉત્તમ, તીર્થની રચના કરનારા એવા તે શાન્તિનાથ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. તે શાન્તિનાથ મુનિ મને શાન્તિ અને ઉત્તમ સમાધિ આપનારા થજો. ॥૮॥

Taṃ Ca Jiṇuttama-muttama- nittama-sattadharaṃ I
Ajjava-maddava-khanti-vimutti-Samāhi Nihiṃ II
Santikaraṃ Paṇamāmi
Damuttama Titthayaraṃ I
Santimuṇī Mama Santi Samāhi Varaṃ Disau II 8 II
II Sōvāṇayaṃ II

I bow down to Lord Shānatinātha who is foremost amongst the spiritually enlightened souls, who is free from ignorance, who is possessed of sublime strength, who is the storehouse of qualities like straight-forwardness, humility, foregiveness, greedlessness and balance, who imparts peace and who creates excellent religious ideals. May this monk Shānatinātha, give me peace and equipose ||8||

सावत्थिपुव्वपत्थिवं च वरहत्थिमत्थयपसत्थ-विच्छिन्न-
संथियं थिर-सरिच्छ-वच्छं ।
मयगल-लीलायमाण- वरगंधहत्थि-पत्थाण-पत्थिअं
संथवारिहं ।।
हत्थि-हत्थ- बाहुं धंतकणगरुअगनिरुवहयपिंजरं, पवर-
लक्खणो- वचिअ-सोम-चारु-रूवं ।
सुइसुह-मणाभिराम-परम रमणिज्ज-वर-देव-दुंदुहि-
निनाय-महुरयर-सुहगिरं ।।९।। वेड्ढओ ।।

પૂર્વાવસ્થામાં (દીક્ષા લીધા પહેલાં) શ્રાવસ્તિ નગરીના રાજા, શ્રેષ્ઠ હાથીના ગંડસ્થલ જેવી પ્રશંસનીય અને વિસ્તાર વાળી છે આકૃતિ જેમની એવા, સ્થિર અને સપાટ છે વક્ષસ્થલ જેમનું એવા, મદ ઝરતા અને લીલા કરતા એવા ઉત્તમ ગંધ હસ્તિઓની ચાલ જેવી છે ચાલ જેમની એવા, સ્તુતિ કરવા યોગ્ય, હાથીની સુંઢ જેવા લાંબા છે હાથ જેમના એવા, અતિશય તપાવેલા સોનાના અલંકારો જેવો અનુપમ છે પીતવર્ણ જેમનો એવા, ઉત્તમ ઉત્તમ લક્ષણોથી ભરપૂર, સૌમ્ય અને સુંદર છે રૂપ જેમનું એવા, કાનને સુખકારી અને મનને આનંદકારી એવા, અત્યંત રમણીય અને પ્રધાન દેવોની દુંદુભિના અવાજ કરતાં પણ વધારે મધુરતર છે વાણી જેમની એવા અજિતનાથ ભગવાનને હું પ્રણામ કરૂં છું. ||૯||

Sāvatthipuvvapatithvaṃ Ca Varahatthimatthayapasattha Vicchinna Santhiyaṃ Thira Saricchavacchaṃ I Mayagala Lilāyamāṇa Varagandhahatthi Patthāṇa Patthiaṃ Santhavārihaṃ I Hatthi hatthabāhuṃ ghantakaṇagaruaganiruva-hayapiñjaraṃ, Pavara Lakkhaṇō Vacia Sōma Cāru Ruvaṃ, Sui Suha Maṇābhirāma Parama Ramaṇijja Vara Dēva Dunduhi Nināya Mahurayara Suhagiraṃ II9II Vēḍḍhaō II

I bow down to Lord Ajitanātha who was the king of the city of Shravasti, whose from is as preaiseworthy and expansive as the temples of an excellent elephant, who has a stable and fat chest, whose gait resembles the gait of an excellent scent-elephant, whose complexion is matchless yellow like the heated ornaments of gold, who is full of great characteristics, whose beauty is both gentle and charming and whose speech is pleasing to the ears and the mind and it is sweeter than the sound of the trumpets of the gods. II9II

**अजिअं जिआरि-गणं,**
**जिअ-सव्व-भयं भवोहरिउं ।**
**पणमामि अहं पयओ,**
**पावं पसमेउ मे भयवं ।।१०।। रासालुद्धओ ।।**

જિત્યો છે શત્રુઓનો સમૂહ જેઓએ એવા, જિત્યા છે સર્વ પ્રકારના ભયો જેઓએ એવા, તથા અનાદિકાલીન ભવોની પરંપરાના શત્રુ અર્થાત્ ભવોની પરંપરાને કાપનારા એવા અજિતનાથ ભગવાનને હું બહુમાનપૂર્વક પ્રણામ કરૂં છું. તે ભગવાન મારા પાપોનો નાશ કરો. ॥૧૦॥

**Ajiaṃ Jiāriganaṃ,**
**Jiasavvabhayaṁ Bhavō Hariuṃ I**
**Paṇamāmi Ahaṃ Payaō,**
**Pāvaṃ pasamēu Mē Bhayavaṃ II 10 II**
**Rāsāludhdhō II**

I offer very honourably my salutations to Lord Ajitanātha, who has conquered the multitude of foes and vanquished all types of fears, who is the foe or destroyer of the entire beginningless series of lives. May the Lord put an end to my sins. ||10||

कुरुजणवय-हत्थिणाउर-नरीसरो पढमं तओ महाचक्क-
वट्टिभोए महप्पभावो जो ।
बावत्तरि-पुरवर-सहस्सवर- नगर-निगम-जणवयवई
बत्तीसा-रायवर-सहस्साणु- यायमग्गो ।।
चउदस-वररयण-नव-महानिहि-चउसट्ठि- सहस्स-पवर-
जुवईण सुंदरवई,
चुलसी हय-गय-रह-सयसहस्स-सामी, छन्नवइ-
गामकोडि-सामी आसी जो भारहंमि भयवं ।।११।।
वेड्ढओ ।।

"કુરુ" નામના દેશમાં "હસ્તિનાપુર" નામના નગરના જે શાન્તિનાથ પ્રભુ (દીક્ષા ગ્રહણ કર્યા) પહેલાં રાજા હતા. ત્યારબાદ ચક્રવર્તીપણાના મહાભોગોને ભોગવનારા અને મહાપ્રભાવ વાળા થયા. તથા બહોંતેર હજાર શ્રેષ્ઠ નગરો, તથા વાણિજ્ય વેપારના સ્થાનોવાળા દેશોના જે સ્વામી હતા, તથા બત્રીસ હજાર મુકુટબધ્ધ રાજાઓ વડે અનુસરાતો છે માર્ગ જેનો એવા, ચૌદ શ્રેષ્ઠ એવાં રત્નો, નવ મહાનિધિ અને ચોસઠ હજાર શ્રેષ્ઠ રૂપવતી સ્ત્રીઓના સુંદર સ્વામી એવા, તથા ચોર્યાસી લાખ ઘોડા, હાથી અને રથના સ્વામી, તથા છન્નુ ક્રોડ ગામોના સ્વામી એવા જે શાન્તિનાથ ભગવાન આ ભરતક્ષેત્રમાં થયા. ।।૧૧।।

**Kurujaṇa Vaya Hatthiṇāura Narīsarō Paḍhamaṃ Taō Mahācakka- vaṭṭibhōē Mahappabhāvō Jō I Bāvattari Puravara Sahassavara Nagara Nigama Jaṇavayavaī Battīsā Rāya Vara Sahassāṇuyāyamaggō II Caudasa Vara Rayaṇa Nava Mahānihi - Causaṭṭhisahassa Pavara Juvaiṇa Sundaravaī, Culasī Haya Gaya Raha Saya Sahassa Sāmī, Channavaī Gāmakōḍi Sāmī Āsī Jō Bhārahammi Bhayavaṃ II 11 II Vaiḍḍhaō II**

I sing this praise of Lord Shānatinātha, who was the king of the city of Hastinapura of the Kuru country ( prior to his turning a monk), who latter grew up to enjoy the great powers of an unrivalled emperor, who was the lord of seventy-two thousand trade centres and such other countries, whose path is followed by thousands of crowned kings, who is the lord of 14 excellent gems, a great treasures and 64 thousand excellent and beautiful wives, who was the owner of 84 lakhs of horeses, elephants and chariots, who held sway over96 crores of villages.

तं संतिं संतिकरं,
संतिण्णं सव्वभया ।
संतिं थुणामि जिणं,
संतिं विहेउ मे ।।१२।। रासानंदिअयं ।।

તે શાન્ત પ્રકૃતિવાળા, શાન્તિને કરનારા, સર્વ ભયોથી પાર ઉતરેલા, એવા તે શાન્તિનાથ પરમાત્માની હું સ્તુતિ કરૂં છું અને તેઓ મારી શાન્તિ કરો (એમ ઈચ્છું છું) ॥૧૨॥

**Taṃ Santiṃ Santikaraṃ,**
**Santiṇṇaṃ Savva Bhayā ।**
**Santiṃ Thuṇāmi Jiṇaṃ,**
**Santi Vihēu Mē ॥ 12 ॥ Rāsānandiayaṃ ॥**

And this Lord Shānatināthа, who is calm by nature is the generator of peace and has overcome all the fears and dangers, I pray to him and wish he would grant me peace ॥11-12॥

इक्खाग-विदेह-नरीसर नरवसहा मुणिवसहा ।
नव-सारय-ससि-सकलाणण विगयतमा विहुअरया ।
अजि उत्तम-तेअ-गुणेहिं महामुणि अमिअबला विउलकुला ।
पणमामि ते भवभय-मूरण, जगसरणा मम सरणं
॥१३॥ चित्तलेहा ॥

ઈક્ષ્વાકુ વંશમાં જન્મેલા, વિદેહ નામના દેશના રાજા, મનુષ્યોમાં વૃષભ સરખા, અને મુનિઓમાં પણ વૃષભ સમાન ઉત્તમ, નવીન એવી શરદ ઋતુના ચંદ્રના જેવા પૂર્ણ (કલાયુક્ત) મુખવાળા, અજ્ઞાનરૂપી અંધકાર વિનાના, કર્મ રૂપી રજ જેમણે ધોઈ નાખી છે અર્થાત્ નાશ કરી છે એવા અને ઉત્તમ એવા આત્મ તેજ રૂપ ગુણો વડે મહામુનિઓ દ્વારા પણ ન કળી શકાય તેવા બળવાળા, વિશાળ કુળવાળા, ભવોના ભયોને ચૂરી નાખનારા તથા જગતને શરણ આપનારા એવા હે અજિતનાથ પ્રભુ ! હું તમને નમસ્કાર કરૂં છું. મને ભવોભવ તમારૂં શરણ હોજો. ॥૧૩॥

Ikkhāga Vidēha Narīsara
Naravasahā Muṇivasahā I
Nav Sāraya Sasi Sakalāṇaṇa
Vigayatamā Vihuarayā II
Aji Uttama Tēa Guṇēhiṃ
Mahāmuṇi Amiabalā Viukulā I
Paṇamāmi Tē Bhavabhayamūraṇa,
Jagasaraṇā Mama Saraṇaṃ II 13 II Cittalēhā II

O Lord Ajitanātha, I bow down to you, who are born in the race of Iksvaku, who are the king of the country called Videha, who are a bull among men and the best of the monks, who possess a face like the fresh autumnal moon, who are devoid of darkness in the form of ignorance, who have wiped off the dust in the form of Karma, who are possessed of such might of the invincible and excellent qualities of the lustre of the soul that even great monks cannot comprehend it, who have a vast family, who can completely destroye the series of lives and who supply shelter to the world. My I get shelter with you in life after life. ||13||

**देव-दाणविंद-चंद-सुरवंद हट्ठ तुट्ठ जिट्ठ परम ।**
**लट्ठ-रूव धंत-रूप्प पट्ट सेय-सुद्ध-निद्ध-धवल ।।**
**दंत-पंति संति सत्ति-कित्ति-मुत्ति-जुत्ति-गुत्ति-पवर ।**
**दित्त-तेअ वंद धेय सव्व-लोअ-भाविअप्पभाव णेय पईस**
**मे समाहिं ।।१४।। नारायओ**

દેવો અને દાનવોના ઈંદ્રો વડે તથા ચંદ્ર, સૂર્ય વડે વંદાયેલા, આરોગ્ય યુક્ત, પ્રીતિયુક્ત, પ્રશંસનીય, તથા અતિશય કાન્તિયુક્ત રૂપવાળી, તપાવેલ રૂપાની પાટ જેવી અત્યંત શ્વેત, નિર્મળ અને સ્નેહ ભરપૂર, ધોળી છે દાંતની બન્ને પંક્તિઓ જેઓની એવા, તથા અનંત શક્તિ, કીર્તિ, નિઃસ્પૃહતા, ન્યાયપૂર્ણ વચન, અને મન-વચન કાયાની ગુપ્તિ આદિ ગુણો વડે શ્રેષ્ઠ એવા, દેદીપ્યમાન તેજના પુંજવાળા, વંદન કરવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, સર્વલોકો વડે જણાયો છે પ્રભાવ જેમનો એવા હે શાન્તિનાથ પ્રભુ ! તમે અમને સમાધિ આપો. ॥૧૪॥

Dēva Dāṇavinda Canda Suravanda
Haṭṭha Tuṭṭha Jiṭṭha Parama I
Laṭṭha Rūva Dhanta Rūppa Paṭṭa
Sēya Sudhdha Nidhdha Dhavala II
Danta Panti Santi Satti Kitti
Mutti Jutti Gutti Pavara I
Ditta Tēa Vanda Dhēya
Savva Lōa Bhāvi Appabhāva Ṇēya
Paīsa Mē Samāhiṃ II 14 II Nārāyaō

O Lord Shāntinātha, (you) who are saluted by the gods and the demons as well as by the Sun and the Moon, who are healthy, happy and praise-worthy, who are possessed with elegance, beauty and two rows of teeth which are dazzling white and clean like a bar of heated silver, who are foremost due to qualities such as infinite strength, glory, nonchalance, just in words and control of mind, speech and body, etc., who are possessed of bright effulgence, who are worthy of meditation and whose prowess is experienced by all the worlds, kindly grant me equipose of the mind. II14II

विमल-ससि-कलाइरेअ-सोमं,
वितिमिर-सुरकराइरेअ-तेअं ।
तिअसवइगणाइरेअ-रूवं,
धरणिधरप्पवराइरेअ-सारं ।।१५।।
।। कुसुमलया ।।

નિર્મળ એવા ચંદ્રની કલા કરતાં અધિક સૌમ્યતા વાળા, વાદળ વિનાના સૂર્યના સ્પષ્ટ તેજ કરતાં અધિક તેજવાળા, દેવોના સ્વામી જે ઈંદ્રો છે તેઓના સમૂહ કરતાં પણ અધિક રૂપવાળા, સર્વ પર્વતોમાં જે પ્રવર (શ્રેષ્ઠ) પર્વત તે મેરૂ પર્વત, તેના કરતાં પણ અધિક સ્થૈર્ય બળવાળા એવા અજિતનાથ પરમાત્માને હું પ્રણામ કરૂં છું. ॥૧૫॥

**Vimala Sasikalāirēa Sōmaṃ,**
**Vitimira Surakarāirēa Tēaṃ I**
**Tiasavaigaṇāirēa Rūvaṃ,**
**Dharaṇidharappavarāirēa Sāraṃ II 15 II**
**Kusumalayā II**

I bow down to Lord Ajitanātha, who is more gentle than the digital light of the moon, who is possessed of a brighter lustre than the Sun bereft of clouds, who possesses a form which is more beautiful than the groups of the lords of the gods and who possesses a greater power of stability than the mount Meru which is foremost among the mountains II15II

सत्ते अ सया अजिअं,
सारीरे अ बले अजिअं,
तव-संजमे अ अजिअं,
एस थुणामि जिणं अजिअं ।। १६ ।।
।। भुअगपरिरिंगिअं ।।

આત્મિક સત્ત્વમાં હંમેશાં કોઈથી ન જિતાય તેવા, શારીરિક બળમાં પણ કોઈથી ન જિતાય તેવા, તપ અને સંયમમાં પણ કોઈથી ન જિતાય તેવા શ્રી અજિતનાથ જિનેશ્વરની આ હું સ્તુતિ કરું છું. ॥૧૬॥

**Sattē A Sayā Ajiaṃ,**
**Sārīrē A Balē Ajiaṃ,**
**Tava Sañjamē A Ajiaṃ,**
**Esa Thuṇāmi Jiṇaṃ Ajiaṃ || 16 ||**
**Bhuagapiririṅgiaṃ ||**

I offer this praise of Lord Ajītanātha, who cannot be surpassed by anyone in point of the sublimity of the soul, who cannot be conquered by anyone in physical strength and who cannot be conquered by anyone in point of peance and self-control. ||16||

सोमगुणेहिं पावइ न तं नवसरयससी ।
तेअगुणेहिं पावइ न तं नवसरयरवी ।।
रूवगुणेहिं पावइ न तं तिअसगणवई ।
सारगुणेहिं पावइ न तं धरणिधरवई ।।१७।।
।। खिज्जिअयं ।।

શ્રી શાન્તિનાથ ભગવાન કેવા છે ! તો નવીન શરદ ઋતુનો ચંદ્ર પણ સૌમ્ય ગુણ વડે આ પરમાત્માને પહોંચી શકતો નથી. તથા નવીન શરદ ઋતુનો (વાદળ વિનાનો) સૂર્ય પણ તેજ ગુણ વડે આ પરમાત્માને પહોંચી શકતો નથી તથા દેવોના સ્વામી એવા ઇંદ્રો પણ રૂપગુણ વડે આ પરમાત્માને પહોંચી શકતા નથી તથા મેરૂ પર્વત પણ સ્થૈર્ય ગુણ વડે આ પરમાત્માને પહોંચી શકતો નથી. સર્વ કરતાં આ પરમાત્મામાં ગુણો વધારે છે. ।।૧૭।।

**Sōmaguṇēhiṃ Pavāī Na Taṃ Navasaraya Sasī I**
**Tēaguṇēhiṃ Pāvaī Na Taṃ Navasaraya Ravī II**
**Rūvaguṇēhiṃ Pāvaī Na Taṃ Tiasa Gaṇa Vaī I**
**Sāraguṇēhiṃ Pāvaī Na Taṃ Dharaṇi Dhara Vaī II**
**II 17 II Khijjiayaṃ II**

Lord Sāntinātha is unique. The fresh autumnal moon cannot bear comparison with him in point of gentleness. The fresh cloudless, autumnal Sun cannot bear comparison with him in the matter of lustre. The lords of the gods (Indras) also cannot bear comparison with him in the matter of form, beauty and qualities and even the highest mythical mount Meru cannot bear comparsion with him in point of firmness. The Lord excels over all these things in the matter of various qualities. ||17||

तित्थवरपवत्तयं तमरयरहियं,
धीरजणथुअच्चिअं चुअकलिकलुसं ।
संतिसुहप्पवत्तयं तिगरण-पयओ,
संतिमहं महामुणिं सरणमुवणमे ।।१८।। ललिअयं ।।

ચતુર્વિધ સંઘ રૂપી તીર્થને પ્રવર્તાવનારા, અજ્ઞાન અને કર્મરૂપી રજથી રહિત, ધૈર્યાદિ ગુણોવાળા પુરુષો વડે સ્તવાયેલા અને પૂજાએલા, નાશ કર્યો છે કજીયો અને કંકાસ જેણે એવા, શાન્તિ અને સુખના પ્રવર્તક, અને મહામુનિ એવા શાન્તિનાથ ભગવાનના શરણે સાવધાનીપૂર્વક હું મન-વચન અને કાયા એમ ત્રિકરણ યોગે જાઉં છું ॥૧૮॥

**Titthavara Pavattayaṃ Tamarayarahiyaṃ,**
**Dhīrajaṇathuacciaṃ Cuakali Kalusaṃ I**
**Santi Suhappavattayaṃ Tigaraṇa Payaō,**
**Santimahaṃ Mahāmuṇiṃ Saraṇamuvaṇamē ll**
**ll 18 ll Laliayaṃ ll**

I take refuge with Lord Shāntinātha with total consciousness and through the threefold ways of mind, speech and bidy - the lord, who has established the faith in the form of four-fold Jain Sangh, who is free from ignorance as well as particles of Karma, who is worshipped and praised by men who possess qualities like forebearance, etc., who has destroyed quarrels and discord, who generates peace and happiness and who is a great monk. ll18ll

विणओणय-सिर-रइ-अंजलि-रिसिगण-संथुअं थिमिअं ।
विबुहाहिव-धणवइ-नरवइ-थुअ-महिअच्चिअं बहुसो ।।
अइरुग्गय-सरय-दिवायर-समहिअसप्पभं तवसा ।
गयणंगण-वियरण-समुइअ-चारण-वंदिअं सिरसा ।।१९।।
।। किसलयमाला ।।

વિનયપૂર્વક અતિશય નમસ્કાર કરનારા, અને મસ્તકને વિષે જોડી છે અંજલિ જેઓએ એવા ઋષિઓના સમૂહથી સ્તવાયેલા, નિર્વિકલ્પ દશાવાળા, ઈન્દ્રો, કુબેર, ચક્રવર્તી રાજા આદિ વડે સ્તવાયેલા, વારંવાર નમન કરાયેલા અને પૂજાયેલા એવા, તથા હમણાં જ ઉદય પામેલા શરદ ઋતુના નવા સૂર્ય કરતાં પણ તપ દ્વારા અધિક કાન્તિવાળા એવા તથા આકાશના આંગણમાં ચારે તરફ વિચરતા વિચરતા ભેગા થયેલા ચારણ મુનિઓ વડે મસ્તક દ્વારા વંદન કરાયેલા અજિતનાથ ભગવાનને હું પ્રણામ કરૂં છું.॥૧૯॥

Viṇaōṇaya Sira Rai Anjali Risigaṇa Santhuaṃ Thimiaṃ I
Vibuhāhiva Dhaṇavai Naravai Thua Mahiacciaṃ Bahusō II
Airuggaya Saraya Divāyara Samahiasappabhaṃ Tavasā I
Gayaṇaṅgaṇa Viyaraṇa Samuia Cāraṇa Vandiaṃ Sirasā II
II 19 II Kisalayamālā II

I bow down to Lord Ajitanātha, who is praised by groups of sages with folded hands and humility, who is possessed of a contemplative frame of mind, who is praised and repeatedly saluted by Indras, Kubera, sovereign monarchs and others, who possesses greater charmingess than the new autumnal Sun by virtue of his penance and who is repeatedly saluted with their heads by the bardic monks who have assembled in the course of their journeys in the sky. ||19||

असुर-गरुल-परिवंदिअं,
किन्नरोरग-नमंसिअं ।
देव-कोडि-सय-संथुअं,
समण-संघ-परिवंदिअं ।।२०।।
।। सुमुहं ।।

અસુરકુમાર અને સુવર્ણકુમાર આદિ ભવનપતિ દેવો વડે નમસ્કાર કરાયેલા, કિન્નર અને મહોરગ આદિ વ્યતંર દેવો વડે પણ નમસ્કાર કરાયેલા, સેંકડો ક્રોડો વૈમાનિક દેવો વડે પણ સ્તવાયેલા, તથા શ્રમણ સંઘ વડે પણ વંદન કરાયેલા એવા અજિતનાથ પરમાત્માને હું વંદન કરૂં છું. ॥૨૦॥

**Asura Garula Parivandiaṃ,**
**Kinnarōraga Namaṃsiaṃ I**
**Dēva Kōḍi Saya Santhuaṃ,**
**Samaṇa Saṅgha Parivandiaṃ II 20 II**
**II Sumuhaṃ II**

I bow down to Lord Ajitanātha, who is saluted by terrestrial gods like Asurkumara and Suvarṇakumara, etc., by gods of the spirits like Kinnara, Mahoraga, etc., by millions of heavenly gods as well as by groups of monks and ascetics.II20II

अभयं अणहं,
अरयं अरुयं ।
अजिअं अजिअं,
पयओ पणमे ।।२१।।
।। विज्जुविलसिअं ।।

ભય વિનાના, પાપ વિનાના, કર્મરૂપી રજ વિનાના, માનસિક અને શારીરિક રોગ વિનાના, કોઈથી ન જિતાય તેવા અજિતનાથ ભગવાનને હું પ્રયત્નપૂર્વક પ્રણામ કરૂં છું. ।।૨૧।।

Abhayaṃ Aṇahaṃ,
Arayaṃ Aruyaṃ ।
Ajiaṃ Ajiaṃ,
Payaō Paṇamē ।। 21 ।।
।। Vijjuvilasiaṃ ।।

I whole-heartedly offer my obeisance to Lord Ajitanātha, who is free from fear, sin, particles of Karma, mental and bodily diseases, and who is invincible for everyone. ।।21।।

आगया वरविमाण-दिव्वकणग,-
रह-तुरय-पहकर-सएहिं हुलिअं ।
ससंभमोअरण-खुभिअ-लुलियचलकुंडलं-
गय-तिरीडसोहंतमउलिमाला ।।२२।।
।। वेड्ढओ ।।

શ્રેષ્ઠ વિમાન, તથા દૈવિક સોનાના બનાવેલા રથ, ઘોડા અને સેંકડો પાયદળ દેવો સાથે જલ્દી જલ્દી આકાશ માર્ગે આવેલા એવા, તથા ઉતાવળે ઉતાવળે આકાશમાંથી ઉતરવાથી અસ્તવ્યસ્ત થયાં છે મનોહર અને ચલાયમાન કુંડલો, બાજુબંધો, મુકુટ, અને શોભતી મસ્તકની માળાઓ જેમની એવા દેવો વડે નમાયેલા શ્રી શાન્તિનાથ પરમાત્માને હું પ્રણામ કરૂં છું. ।।૨૨।।

**Agayā Ravimāṇa Divvakaṇaga,**
**Raha Turaya Pahakara Saēhiṃ Huliaṃ I**
**Sasambhamōaraṇa Khubhia Luliyacalakuṇḍalaṃ**
**Gayatirīḍasōhaṃtamaulimālā II 22 II Vēḍḍhaō II**

I bow down to Lord Shāntinātha, who is propitiated by gods who have arrived by the aeirial way, accompanied by excellent air-planes as well as charitos and horses of celestial gold and by hundreds of gods as foot-soliders and whose beautiful and waving ear-rings, bracelets, diadems and neck-garlands have become dissheveIled II22II

जं सुरसंघा सासुरसंघा, वेरविउत्ता भत्तिसुजुत्ता ।
आयर-भूसिय-संभमपिंडिअ, सुट्ठु सुविम्हिय-सव्वबलोघा ।।
उत्तम-कंचण-रयण-परूविय,-भासुर-भूसण-भासुरिअंगा ।
गाय-समोणय-भत्तिवसागय-पंजलि-पेसिय-सीस-पणामा ।।२३।।
।। रयणमाला ।।

અસુરોના સમૂહ સાથે આવેલા, પરસ્પર વૈર ત્યજીને આવેલા, ભક્તિથી સારી રીતે ભીંજાઈને આવેલા, બહુમાનભાવ વડે સુશોભિત, ઉતાવળે ઉતાવળે એકઠા થયેલા, તથા અત્યંત વિસ્મય યુક્ત સર્વ પ્રકારના સૈન્યોના સમૂહથી યુક્ત થઈને આવેલા એવા, તથા ઉત્તમ જાતીય સુવર્ણ અને રત્નોના કારણે પ્રકૃષ્ટ રૂપવાળાં અને તેથી જ દેદપ્યમાન એવા પ્રકારનાં આભૂષણો વડે શોભતાં છે સર્વ અંગો જેમનાં એવા, તથા શરીરના પાંચે અંગોથી નમેલા, ભક્તિના વશથી આવેલા, અંજલી કરવા પૂર્વક મસ્તકથી પ્રણામ કરનારા એવા દેવોના સમૂહે જે શાન્તિનાથ ભગવાનને પ્રણામ કર્યા છે તેમને હું પણ પ્રણામ કરૂં છું. ॥૨૩॥

Jaṃ Surasanghā Sāsurasanghā,
Vēraviuttā Bhattisujuttā |
Ayara Bhūsiya Sambhamapiṇḍia,
Suṭṭhu Suvimhiya Savvabalōghā ||
Uttama Kañcaṇa Rayaṇa Paruviya,
Bhāsura Bhūsaṇa Bhāsuriaṇgā |
Gāya Samōṇaya Bhattivasāgaya
Pañjali Pēsiya Sīsa Paṇāmā || 23 ||
|| Rayaṇamālā ||

I bow down to Lord Shāntinātha who is propitiated by the groups of gods with their leads bent and with folded hands, who have come (to him) out of devotion, who have all of their five limbs bent down, whose entire body is decked with bright and beautiful ornaments made of excellent gold and gems, who are accompanied by mobs of demons, having put aside their mutual animosity, who are wet with the sentiments of devotion, who are attractive became of their great regard for him, who have assembled in great haste and who are accompained by platoons of marvellous soldiers of all kinds ||23||

वंदिऊण थोऊण तो जिणं,
तिगुणमेव य पुणो पयाहिणं ।
पणमिऊण य जिणं सुरासुरा,
पमुइया सभवणाइं तो गया ।।२४।।
।। खित्तयं ।।

ઉપરની ગાથામાં કહેલા એવા જે દેવો આકાશ માર્ગે આવીને પરમાત્મા શાન્તિનાથને વંદન કરીને, સ્તુતિ કરીને, અને ત્યારબાદ ત્રણ વખત ફરી ફરી પ્રદક્ષિણા કરીને, ફરીથી જિનેશ્વરને પ્રણામ કરીને અતિશય ખુશખુશાલ થયા છતા પોતપોતાના ભવનોમાં ગયા છે. તે પરમાત્માને હું પણ પ્રણામ કરૂં છું. ॥૨૪॥

**Vandiūṇa Thōūṇa Tō Jiṇaṃ,**
**Tiguṇamēva Ya Puṇō Payāhiṇaṃ I**
**Paṇamiūṇa Ya Jiṇaṃ Surāsurā,**
**Pamuiyā Sabhavaṇāiṃ Tō Gayā II 24 II**
**II Khittayaṃ II**

I bow down to the Lord who has been saluted, praised and thrice circumambulated by the gods who have come by the way of sky (as described in the previous verse) and who have become extremely happy after bowing again and again and have set out to their abodes. ||24||

तं महामुणिमहंपि पंजली,
राग-दोस-भय-मोह-वज्जिअं ।
देव-दाणव-नरिंद-वंदिअं,
संतिमुत्तमं महातवं नमे ।।२५।।
।। खित्तयं ।।

રાગ-દ્વેષ-ભય અને મોહથી વર્જિત એવા, દેવ-દાનવ અને રાજાઓથી વંદન કરાયેલા એવા મહામુનિ, ઉત્તમ, અને મહાતપસ્વી એવા તે શાન્તિનાથ ભગવાનને હું પણ પ્રણામ કરૂં છું. ॥૨૫॥

**Taṃ Mahāmuṇi Mahampi Pañjalī,**
**Rāgadōsabhayamōhavajjiaṃ ।**
**Dēva Dāṇava Narinda Vandiaṃ,**
**Santi Muttamaṃ Mahātavaṃ Namē ॥ 25 ॥**
**॥ Khittayaṃ ॥**

I bow down to Lord Shāntinātha who is devoid of attachment, aversion, fear and ignorance, who is saluted by gods, demons and kings and who is a great monk and ascetic. ॥25॥

अंबरंतरविआरणिआहिं,

ललिअहंसवहु-गामिणिआहिं ।

पीण-सोणिथण-सालिणिआहिं,

सकल-कमल-दल-लोअणिआहिं ।।२६।।

।। दीवयं ।।

આકાશના મધ્યભાગમાં હરતી ફરતી એવી, મનોહર હંસલીઓના જેવી ગતિવાળી, અતિશય ભરાવદાર કટીભાગ અને સ્તનભાગ વડે શોભતી, અને સંપૂર્ણ વિકસ્વર થયેલાં કમલોની પાંખડીઓના જેવા નેત્રવાળી, (આગળ સંબંધ ચાલુ છે) ॥૨૬॥

पीण-निरंतर-थण-भर-विणमिअ-गायलआहिं ।

मणि-कंचण-पसिढिल-मेहल-सोहिअ-सोणि-तडाहिं ।।

वर-खिंखिणि-नेउर-सतिलय-वलय-विभूसणिआहिं ।

रइ-कर-चउर-मणोहर-सुंदर-दंसणिआहिं ।।२७।।

।। चित्तक्खरा ।।

ભરાવદાર અને આંતરા વિનાના બન્ને સ્તનોના ભારથી વિશેષ નમી ગયાં છે ગાત્રો જેનાં એવી, રત્નો અને સોનાના બનાવેલા અને અતિશય ઢીલા એવા કંદોરા વડે શોભતો છે કટીભાગ જેનો એવી, ઉત્તમ ઘુઘરીઓ વાળાં ઝાંઝર, તિલક, અને ચૂડી આદિ અલંકારો વડે વિશેષ શોભતી એવી, તથા કામવાસનાને ઉત્પન્ન કરે તેવું, ચતુર માણસોના મનને હરનારૂં, સુંદર છે દર્શન જેનું એવી (આગળ સંબંધ ચાલુ છે). ॥૨૭॥

देवसुंदरीहिं पायवंदिआहिं वंदिआ य जस्स ते सुविक्कमा कमा ।
अप्पणो निडालएहिं मंडणोड्डणप्पगारएहिं केहिं केहिं वि ।।
अवंग-तिलय-पत्तलेह-नामएहिं चिल्लएहिं संगयंगयाहिं ।
भत्ति-सन्निविट्ठ-वंदणागयाहिं, हुंति ते वंदिआ पुणो पुणो ।।२८।।
।।नारायओ।।

જુદી જુદી જાતની શોભાની રચનાના પ્રકારો વડે (શોભાવેલા) પોતાના કપાલાદિ શરીરભાગો છે જેમના એવી, શોભાની રચનાના કયા કયા પ્રકારો છે ? નેત્રમાં અંજન, સુંદર તિલક, ગાલભાગ ઉપર પત્રરેખા એવા એવા નામવાળી દેદીપ્યમાન શોભાઓથી યુક્ત છે શરીર જેણીનું એવી, ભક્તિભાવ યુક્ત વંદન કરવા માટે જ દેવલોકમાંથી આવેલી એવી, પગમાં પડીને અતિશય નમેલી એવી એવી દેવાંગનાઓ (દેવાપ્સરાઓ) વડે જે અજિતનાથ ભગવાનના અતિશય પરાક્રમી ચરણો વંદાયાં છે. વારંવાર ફરી ફરી જે ભગવાનના ચરણો વંદાયાં છે (આગળ સંબંધ ચાલુ છે). ॥૨૮॥

तमहं जिणचंदं, अजिअं जिअमोहं ।
धुय-सव्व-किलेसं, पयओ पणमामि ।।२९।।
।। नंदिअयं ।।

તે અજિતનાથ જિનેશ્વર ભગવાન કે જેઓએ મોહને જિત્યો છે અને સર્વક્લેશોને નષ્ટ કર્યા છે. તે પ્રભુને હું પણ સાવધાનતાપૂર્વક (ભક્તિભાવપૂર્વક) પ્રણામ કરૂં છું. સારાંશ કે સર્વ અલંકારોથી અલંકૃત એવી દેવીઓ વડે જે અજિતનાથ પ્રભુને પ્રણામ કરાયા છે. તે અજિતનાથ પ્રભુને હું પણ નમસ્કાર કરું છું. ॥૨૯॥

Aṃbarantara Viāraṇiāhiṃ,
Laliahaṃsavahu Gāmiṇiāhiṃ I
Pīṇa Sōṇithaṇa Sāliṇiāhiṃ,
Sakala Kamala Dala Lōaṇiāhiṃ II 26 II

II Dīvayaṃ II

Pīṇa Nirantara Thaṇa Bhara Viṇamia Gāyalaāhiṃ I
Maṇi Kañcaṇa Pasiḍhila Mēhala Sōhia Sōṇi Taḍāhiṃ I
Vara Khiṅkhiṇi Nēura Satilaya Valaya Vibhūsaṇiāhiṃ I
Raīkara Caura Maṇōhara Sundara Daṃsaṇiāhiṃ II 27 II Cittakkharā II

Dēvasundarihiṃ Pāyavandiāhiṃ Vandiā Ya Jassa Tē Suvikkamā Kamā I
Appaṇō Niḍālaēhiṃ
Maṇḍaṇōḍḍaṇappagāraēhiṃ Kēhiṃ Kēhiṃ Vi II
Avaṅga Tilaya Pattalēha Nāmaaēhiṃ Cillaēhiṃ Saṅgayaṅgayāhiṃ I
Bhatti Sanniviṭṭha Vandaṇāgayāhiṃ, Hunti Tē Vandiā Puṇō Puṇō II 28 II Nārāyaō II

**Tamahaṃ Jiṇacandaṃ,**
**Ajiaṃ Jiamōhaṃ I**
**Dhuya Savva Kilēsaṃ,**
**Payaō Paṇamāmi II 29 II Nandiayaṃ II**

I bow down to Lord Ajitanātha, whose valiant feet have been worshipped by the celestial nymphs, roaming in the midst of the sky, with gaits similar to the gaits of beautiful swans, with their waists and their heavy bosoms touching each other, with eyes like fully bloomed lotuses, with their limbs bent low on account of the weight of the pairs of their breasts, with their waists being decorated by loose girdles made from pure gold, appearing specially attractive on account of ornaments like anklets fitted with tinkling bells, forehead marks and bangles, etc., whose appearance is captivating and enticing to smart people, whose bodies are decorated by various artistic arrangements and drawings such as application of collyrium in the eyes, forehead marks, painted cheeks, who have come here from the heaven only for the sake of offering devotional obesaince at the lord's feet, who have bent very low to fall at his feet and worshipped them repeatedly. II26-29II

थुअवंदिअयस्सा, रिसिगण-देवगणेहिं ।
तो देववहुहिं पयओ, पणमिअस्सा ।।
जस्स जगुत्तम-सासणअस्सा, भत्तिवसागय-पिंडिअयाहिं।
देववरच्छरसा-बहुआहिं,
सुरवर-रइ-गुण-पंडिअयाहिं ।।३०।।

।। भासुरयं ।।

ઋષિઓના સમૂહ વડે અને દેવોના સમૂહ વડે સ્તવાયેલા અને વંદાએલા, તથા દેવાંગનાઓ વડે ભક્તિભાવપૂર્વક પ્રણામ કરાયેલા, તથા જગતમાં ઉત્તમ છે શાસન જેનું એવા, ભક્તિના વશથી આવીને એકઠી થયેલી અને દેવોની સાથે રતિક્રીડા કરવાના ગુણમાં પંડિત એવી બહુ દેવાપ્સરાઓ વડે. ॥૩૦॥

**Thua Vandiayassā, Risigaṇa Dēvagaṇēhiṃ I**
**Tō Dēvavahuhiṃ Payaō, Paṇamiassā II**
**Jassa Jaguttama Sāsaṇaassā,**
**Bhattivasāgaya Piṇḍiayāhiṃ I**
**Dēvavaraccharasā Bahuāhiṃ, Suravara Rai**
**Guṇa Paṇḍiayāhiṃ II 30 II Bhāsurayaṃ II**

वंससद्दतंतितालमेलिए, तिउक्खराभिरामसद्दमीसए कए अ ।
सुइसमाणणे अ सुद्धसज्जगीयपायजालघंटियाहिं
वलयमेहलाकलावनेउराभिरामसद्दमीसए कए अ ।।
देवनट्टिआहिं हावभावविब्भमपगारएहिं
नच्चिउण अंगहारएहिं वंदिआ य जस्स ते सुविक्कमा
कमा ।
तयं तिलोयसव्वसत्तसंतिकारयं पसंतसव्वपावदोसमेसहं
नमामि संतिमुत्तमं जिणं ।।३१।। नारायओ ।।

વાંશ (એક પ્રકારનું વાજિંત્ર)ના શબ્દની સાથે વીણા અને પડઘમ આદિનો તાલ મેળવે છતે, તથા ત્રિપુષ્કર નામના વાજિંત્રનો શબ્દ પણ મિશ્ર કરાયે છતે, કાનને સાંભળવો ગમે એવો તાલબધ્ધ વાજિંત્રોનો શબ્દ કરાયે છતે, શુધ્ધ અને ઉત્તમ ગુણોવાળાં ગાયનો ગાનારી તથા પગમાં બાંધેલી છે ઘુઘરીઓનો સમૂહ જેને એવી દેવીઓ વડે ચૂડી, કંદોરો, અન્ય આભૂષણોનો સમૂહ તથા ઝાંઝર વગેરેના પણ મનોહર શબ્દો મિશ્ર કરાયે છતે, શરીરના હાવ ભાવ અને વિભ્રમના પ્રકારોવાળા અંગ-ઉપાંગના મરોડ છે જેમને એવી દેવનર્તકીઓ વડે વારંવાર નાચી નાચીને વંદન કરાયેલ અતિશય પરાક્રમી ચરણો છે જેમનાં એવા, ત્રણે લોકના સર્વ પ્રાણીઓને શાન્તિ કરનારા, અને સર્વ પાપ દોષો જેમના શાન્ત થયા છે એવા ઉત્તમ તે શાન્તિનાથ ભગવાનને હું પણ ભાવપૂર્વક નમસ્કાર કરૂં છું. ॥૩૧॥

**Vaṃsa Saddatantitāla Mēliē,**
**Tiukkharābhirāma Saddamīsaē Kaē a I**
**Sui Samāṇaṇē A Suddhasajja Gīya**
**Pāyajālaghaṇṭiyāhiṃ**
**Valaya Mēhalā Kalāva Nēurābhirāma**
**Saddamīsaē Kaē A II**
**Dēvanaṇṭṭiāhiṃ Hāvabhāva**
**vibbhamappagāraēhiṃ**
**Nacciuṇa Aṃgahāraēhiṃ Vandiā Ya Jassa**
**Tē Suvikkamā Kamā I**
**Tayaṃ Tilōya Savvasatta Santikārayaṃ**
**pasanta Savvapāvadōsa Mēsahaṃ**
**Namāmi Santimuttamaṃ Jiṇaṃ II 31 II Nārāyaō II**

I ferrently bow down to Lord Shāntinātha, whose sins and blemishes have completely ceased to exist, who imparts peace to all the beings of the three worlds, whose highly valourous feet have been repeatedly propitiated by celestial female dancers and nyphs, who are well-versed in love sports and whose bodily movements are accompanied by beautiful gestures and expressions, coinciding with the beats of sweet musical instruments such as Veena, Tripuskara and others, and harmonising with the pleasant sounds of their ornaments such as girdles, anklets etc. and their melodious singing, and who is praised through devotional songs by the groups of sages and gods and goddesses, whose religion is the best in the whole world. II30-31II

छत्तचामरपडागजूअजवमंडिआ,
झयवरमगरतुरयसिरिवच्छसुलंछणा ।
दीवसमुद्दमंदरदिसागयसोहिया,
सत्थिअवसहसीहरहचक्कवरंकिया ।।३२।।
।। ललिअयं ।।

છત્ર, ચામર, ધ્વજા, યૂપ અને જવ વડે સુશોભિત, શ્રેષ્ઠ ધ્વજ, મગરમચ્છ, ઘોડા અને શ્રીવત્સ જેવાં ઉત્તમ છે લાંછનો જેને એવા, દ્વીપ, સમુદ્ર, મેરૂપર્વત તથા દિગ્ગજ જેવી શોભાવાળા, તથા સ્વસ્તિક, વૃષભ, સિંહ, રથ અને ચક્રાદિ શ્રેષ્ઠ ચિહ્નો વડે સુશોભિત. ॥૩૨॥

सहावलट्ठा समप्पइट्ठा,
अदोसदुट्ठा गुणेहिं जिट्ठा ।
पसायसिट्ठा तवेण पुट्ठा,
सिरीहिं इट्ठा रिसीहिं जुट्ठा ।।३३।।
।। वाणवासिआ ।।

સ્વભાવે કરીને (પ્રકૃતિએ કરીને) મનોહર, સમભાવમાં સદા રહેલા, દોષોથી સદા અદુષ્ટ, ગુણોથી સદા ભરપૂર, પ્રસન્નતાથી યુક્ત, તપ વડે સહિત, લક્ષ્મીઓ (સંપત્તિઓ) વડે પૂજિત, અને ઋષિઓ વડે પૂજાયેલા એવા. ॥૩૩॥

ते तवेण धुअसव्वपावया,
सव्वलोअहिअमूलपावया ।
संथुआ अजिअसंति-पायया,
हुंतु मे सिवसुहाण दायया ।।३४।।
।। अपरांतिका ।।

તપશ્ચર્યા વડે ધોઈ નાખ્યાં છે સર્વ પાપો જેમણે એવા, અને સર્વ લોકોના હિતનું મૂલબીજ પમાડનારા, સારી રીતે સ્તુતિ કરાયેલા એવા પૂજ્ય - પવિત્ર શ્રી અજિતનાથ પરમાત્મા અને શાન્તિનાથ પરમાત્મા મને મોક્ષ સુખ આપનારા બનજો. ॥૩૪॥

Chatta Cāmara Paḍāgajūa, Javamaṇḍiā,
Jhayavara Magara Turaya Sirivaccha Sulañchaṇā I
Dīva Samudra Mandara Disāgaya Sōhiyā,
Satthia Vasaha Sīha Raha Cakka Varaṃ Kiyā
II 32 II Laliayaṃ II

Sahāvalaṭṭhā Samappaīṭṭhā,
Adōsaduṭṭhā Guṇēhiṃ Jiṭṭhā I
Pasāyasiṭṭhā Tavēṇapuṭṭhā,
Sirīhiṃ Iṭṭhā, Risīhiṃ Juṭṭhā II 33 II
II Vāṇavāsiā II

**Tē Tavēṇa Dhuasavva Pāvayā,**
**Savvalōa Hia Mūla Pāvayā I**
**Santhuā Ajia Santi Pāyayā,**
**Huntu Mē Sivasuhāṇa Dāyayā II 34 II**
**II Aparāntikā II**

May Lord Ajītanātha and Lord Shāntinātha, who are holy and worthy of reverence, who are attrtactive on account of the conopy, the chowries, the banner, the Yuga and the Java, who are possessed of excellent marks like the best flag, sea-whale, horse and Śrivatsa, who possess the charm similar to the charm of the continent, the ocean, the mount Meru and the quartar elephant, who are made attractive by excellent signs of the swastik, the bull, the lion and the wheel, etc., who are charming by nature, who always maintain their equanimity, who are unpolluted by blemishes, who are alwyas full of virtues, who are equipped with pleasure, who are characterized by penance, who are always worshipped by wealth and prosperties, who are propitiated by the sages, who have washed clean all of their sins, who supply the original seed of the welfare of all the worlds and its people and who are praised in an excellent manner, give me emancipation. II32-34II

एवं-तवबल-विउलं,
थुअं मए अजिअ-संति-जिण-जुअलं ।
ववगय-कम्मरय-मलं,
गइं गयं सासयं विउलं ।।३५।।
।। गाहा ।।

તપશ્ચ્યર્યાનું સામર્થ્ય છે વિશાલ જેમાં એવા, નાશ કર્યો છે કર્મો રૂપી રજ અને મલ જેમણે એવા, શાશ્વત અને વિશાલસુખ વાળી મુક્તિ ગતિને પામેલા એવા શ્રી અજિતનાથ અને શાન્તિનાથ એમ બે પરમાત્માના યુગલની મેં આ પ્રમાણે સ્તુતિ કરી. ॥૩૫॥

**Evaṃ Tava Bala Viulaṃ,**
**Thuaṃ Maē Ajia Santi Jiṇa Jualaṃ I**
**Vavagaya Kamma Raya Malaṃ,**
**Gaiṃ Gayaṃ Sāsayaṃ Viulaṃ II 35 II Gāhā II**

I have thus performed the praise of the pair of the two Lords - Shri Ajitanātha and Shri Shantīnātha - who possess the immense power of penance, who have destroyed the dust and dirt in the form of Karmas, and who have attained to the position of Liberation that consists of eternal and immense happiness II35II

तं बहुगुणप्पसायं,
मुक्खसुहेण परमेण अविसायं ।
नासेउ मे विसायं,
कुणउ अ परिसावि अ प्पसायं ।।३६।।
।। गाहा ।।

બહુ પ્રકારના ગુણોના ભંડાર સ્વરૂપ એવું, તથા પરમ એવું મોક્ષસુખ પામવાથી જેમનામાંથી વિષાદ (ખેદ-દુઃખ) ચાલ્યો ગયો છે એવું, તે અજિતનાથ અને શાન્તિનાથ ભગવાનનું યુગલ મારા ખેદને દૂર કરો, અને આ સ્તવન ગાનારી સભા પણ મારા ઉપર કૃપા કરો. ॥૩૬॥

**Taṃ Bahuguṇappasāyaṃ,**
**Mukkhasuhēṇa Paramēṇa Avisāyaṃ I**
**Nāsēu Mē Visāyaṃ,**
**Kuṇau A Parisāvi A Ppasāyaṃ II 36 II Gāhā II**

May the pair of the tow lords - Shri Ajitanātha and Shri Shāntinātha - who are the store-house of multifarious virtues, who have got rid of the pain of sorrow due to the attainment of happiness of salvation, remove my sorrow and misery and may the assembly of the singers of this hymn show favour to me II36II

तं मोएउ अ नंदिं,
पावेउ अ नंदिसेणमभिनंदिं ।
परिसा वि अ सुहनंदिं,
मम य दिसउ संजमे नंदिं ।।३७।। गाहा ।।

અજિતનાથ અને શાન્તિનાથ પરમાત્માનું તે યુગલ ભવ્ય આત્માઓને હર્ષ પમાડો, સમૃધ્ધિ આપો, નંદિષણ ઋષિ (કે જે આ સ્તવનના કર્તા છે તેઓ)ને અતિશય આનંદ આપો, પર્ષદા પણ (આ સ્તવનના ગાવા દ્વારા) સુખ અને આનંદ પામો તથા બન્ને તીર્થંકર ભગવન્તોનું તે યુગલ મારા સંયમમાં વૃધ્ધિ કરનારૂં થાઓ. ॥૩૭॥

**Taṃ Mōēu A Nandiṃ,**
**Pāvēu A Nandisēṇamabhinandiṃ I**
**Parisā Vi A Suhanandiṃ,**
**Mama Ya Disau Sañjamē Nandiṃ II 37 II Gāhā II**

May the pair of the two lords - Ajitanātha and Shāntinātha grant happiness and prosperity to the sublime souls, may they give immense joy to the sage Nandisena (who composed this hymn), may the assembly obtain happiness and bliss by the recitation of this hymn and may the pair of the (above) two Lords of the Jainist faith cause my self-control to increase. ||37||

**पक्खिअ चाउम्मासिअ,**
**संवच्छरिए अवस्स भणिअव्वो ।**
**सोअव्वो सव्वेहिं,**
**उवसग्गनिवारणो एसो ।।३८।।**

ઉપસર્ગો (અને પરીષહો)નું નિવારણ કરનારૂં આ સ્તવન પખ્ખી, ચાઉમાસિક, અને સંવચ્છરી પ્રતિક્રમણને વિષે અવશ્ય બોલવું જોઈએ અને સભાના સર્વલોકોએ સાંભળવું જોઈએ: ।।૩૮।।

**Pakkhia Cāummāsia,**
**Saṃvaccharie̅ Avassa Bhaṇiavvō ।**
**Sōavvō Savve̅hiṃ,**
**Uvasagganivāraṇō Esō ।। 38 ।।**

This hymn or Song of praise, which is capable of removing external and internal troubles, should be necessarily recited at the time of the Pratikamanas (occasions for expiation) pertaining to Pakhkhi, Caumasika and Samvacchari and it should be heard by all members of the religious congregation ।।38।।

जो पढइ जो अ निसुणइ,
उभओ कालंपि अजिअ-संतिथयं ।
न हु हुंति तस्स रोगा,
पुव्वुप्पन्ना वि नासंति ।।३९।।

જે મનુષ્યો આ અજિતનાથ અને શાન્તિનાથ ભગવાનના સ્તવનને બન્ને કાળે ભણે છે અથવા સાંભળે છે તે મનુષ્યોને રોગો થતા નથી અને પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો પણ નાશ પામે છે. ॥૩૯॥

**Jō Paḍhai Jō A Nisuṇai,**
**Ubhaō Kālampi Ajiasanti Thayaṃ ।**
**Na Hu Hunti Tassa Rōgā,**
**Puvvuppannā Vi Nāsanti ॥ 39 ॥**

Those men who recite this hymn devoted to Lord Ajitanātha and Lord Shāntinātha at both the times, as also hear it being recited, they are not afflicted by diseases and even the diseases that have already afflicted them before, perish. ॥39॥

जइ इच्छह परमपयं,
अहवा कित्तिं सुवित्थडं भुवणे ।
ता तेलुक्कुद्धरणे,
जिणवयणे आयरं कुणह ।।४०।।

જો તમે પરમપદને (મોક્ષપદને) ઈચ્છતા હો, અથવા અતિશય વિસ્તારવાળી કીર્તિ ત્રણે ભવનમાં ઈચ્છતા હો, તો ત્રણે લોકનો ઉધ્ધાર કરવાવાળા એવા જિનેશ્વર પરમાત્માના વચનોમાં આદર કરો. ॥૪૦॥

**Jai Icchaha Paramapayaṃ,
Ahavā Kittiṃ Suvitthaḍaṃ Bhuvaṇē ।
Tā Tēlukkudhdaraṇē,
Jiṇavayaṇē Ayaraṃ Kuṇaha ॥ 40 ॥**

If you desire the state of liberation or if you want extensive glory in three worlds, (then) you should have faith in the teachings of Lord Jina who is capable of uplifting the three worlds. ॥40॥

# શ્રી ભક્તામર સ્તોત્ર (સ્મરણ)
## સાતમું સ્મરણ

भक्तामर-प्रणत-मौलि-मणि-प्रभाणा-
मुद्योतकं दलित-पाप-तमो-वितानम्
सम्यक् प्रणम्य जिनपाद-युगं युगादा-
वालंबनं भवजले पततां जनानाम् ।।१।।

જેમના ચરણોમાં ઝુકેલા દેવોના મુગટના મણી એવા ઝળહળે છે કે જાણે પાપના તિમિરને વીંધી નાખે છે ભવસાગરમાં ડુબતા જનો માટે સહાયરૂપ આદિનાથ તીર્થંકરના ચરણકમળને હું હાર્દિક પ્રણામ કરીને (સ્તવન કરીશ). ॥૧॥

## Invocation Seven
## Bhaktamar Stotra (Invocation)

Bhaktāmarapraṇatamaulimaṇiprabhāṇā-
Mudyōtakaṃ Dalita Pāpa Tamō Vitānaṃ
Samyak Praṇamya Jinapādayugaṃ Yugādā
Vālambanaṃ Bhavajalā Patatāṃ Janānāṃ ll 1 ll

The gems of the diadems of the gods that go down in salutation to the feet of the Lord of the Jinas, shine forth in such a way that they, as though, pierce through the darkness of sins. I sincerely bow down to those feet of the Tirthankara (first Lord) called Adinath, which are helpful and supportive to those people who are sinking into the ocean of worldly life. ||1||

यः संस्तुतः सकल-वाङ्मय-तत्त्वबोधा-
दुद्भूत-बुद्धि-पटुभिः सुरलोक-नाथैः
स्तोत्रैर्जगत्त्रितय-चित्तहरैरुदारैः
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ।।२।।

સમગ્ર શાસ્ત્રોના અવબોધ વડે પ્રજ્ઞાવાન્ દેવેન્દ્રોએ પણ જેમની સ્તવના કરી છે એવા આદિ જિનેશ્વરની સ્તુતિ હું પણ ત્રણ જગતના ચિત્તને આહ્લાદ આપે એવા સ્તોત્રો વડે કરીશ. ॥૨॥

**Yaḥ Saṃstutaḥ Sakalavāṅgmayatattvabōdhā**
**Dudbhūtabuddhipaṭṭubhiḥ Suralōkanāthai:**
**Stōtrairjagattritayacittaharairudārai:**
**Stōṣyē Kilāhamapi Taṃ Prathamaṃ**
**Jinēndram || 2 ||**

I, Manṭungā, too will indeed praise that very first Lord of the Jinas, who has been extolled in hymns lofty and captivating the hearts of (the living beings of) the three worlds by the lords of the celestial worlds, the lords who had become proficient on account of the insight they acquired by gaining the knowledge of the true principles of all the scriptures ||2||

बुद्ध्या विनापि विबुधार्चितपादपीठ
स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोहम् ।
बालं विहाय जलसंस्थितमिन्दुबिम्ब-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ।।३।।

પાણીમાં રહેલા ચંદ્રના બિંબને જેમ બાળક સિવાય અન્ય કોણ ગ્રહણ કરવાની ચેષ્ટા કરે. તેમ બુધ્ધિ રહિત એવો હું નિર્લજ્જ થઈને પણ દેવોથી (અથવા પંડિતોથી) પૂજિત પાદપીઠવાળા હે પ્રભુ ! તમારી સ્તુતિ કરવાને ઉદ્યમયુક્ત બુધ્ધિવાળો થયો છું. ||3||

**Buddhayā Vināpi Vibudhārcitapadāpīṭha**
**stōtuṃ Samudyatamatirvigatatrapōhaṃ I**
**Bālaṃ Vihāya Jalasaṃsthitamindubimba**
**Manya: Ka Icchati Janaḥ Sahasā Grahītuṃ ||3||**

He acknowledges his audacity. "Oh ! Lord, whose foot-stool is adored by the wise (or the celestials) ! (Really) I have become shameless, for though wanting in intelligence. I make an attempt at praising thee. Who else than a child would hasten to catch the disc of the moon reflected in water ?" ||3||

वक्तुं गुणान् गुणसमुद्र ! शशांककान्तान्
कस्ते क्षमः सुरगुरुप्रतिमोपि बुद्ध्या ।
कल्पान्तकालपवनोद्धतनक्रचक्रं
को वा तरितुमलमंबुनिधिं भुजाभ्याम् ।।४।।

પ્રલયકાળના વાયુથી ઉછળતા મગરના સમૂહવાળા મહાસાગરને બે હાથ વડે તરી જવાને કોણ સમર્થ છે ? (અર્થાત્ કોઈ જ નથી) તેમ હે ગુણોના મહાસાગર ! બૃહસ્પતિ સમાન બુદ્ધિવાળો વિદ્વાન, પણ તમારા ચંદ્ર જેવા મનોહર ગુણોનું વર્ણન કરવા શું સમર્થ છે ? (અર્થાત્ નથી) ।।૪।।

**Vaktuguṇān Guṇasamudra ! Śaśāṅkakāntān**
**Kastē Kṣamaḥ Suragurupratimōpi Buddhayā !**
**Kalpāntakālapavanōddhatanakracakraṃ**
**Kō Vā Tarītumalamambunidhiṃ Bhujābhyāṃ || 4 ||**

He points out th incompetence of even others in singing the merits of God : "Oh ocean of virtues ! Is even he, who equals Brihaspati (the preceptor of Gods) in knowledge, capable of enumerating thy merits that are charming like the moon ? Who could be able to swim by means of his hands the ocean in which multitudes of crocodiles (or Nakras and Chakras) are stirred up by the hurricane blowig at the time of the destruction of the universe ? ||4||

सोहं तथापि तव भक्तिवशान्मुनीश !
कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ।
प्रीत्यात्मवीर्यमविचार्य मृगो मृगेन्द्रं
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ।।५।।

શક્તિ રહિત એવો હું હોવા છતાં પણ, તમારી ભક્તિના વશથી આ સ્તોત્ર રચવાને પ્રવૃત્ત થયો છું. જેમ હરણ વાત્સલ્યભાવથી પોતાના શિશુની રક્ષા કરવા માટે પોતાની શક્તિનો વિચાર કર્યા વગર સિંહની સામે નથી થતું શું ? ॥૫॥

**Soham Tathāpi Tava Bhaktivaśānmunīśa !**
**Kartuṃ Stavaṃ Vigataśaktirapi Pravṛta: I**
**Prityatmaviryamavicārya Mṛgō Mṛgēndraṃ**
**Nabhyēti Kiṃ Nijaśiśōḥ Paripālanārthaṃ II 5 II**

Oh master of the saints ! Being induced by devotion, though powerless, I proceed to praise thee. Without being conscious of its power, does not (even) an antelop rush against the king of beasts (lion) in order to protect its young one owing to the affection it chershes for it ? ||5||

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम
त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।
यत्कोकिलः किल मधौ मधुरं विरौति
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ।।६।।

અલ્પજ્ઞ અને બહુશ્રુતોના હાસ્યપાત્ર એવા મને તમારી ભક્તિ જ બળ કરીને વાચાળ બનાવે છે, કારણ કે વસંત ઋતુમાં કોયલ નિશ્ચે મધુર ટહુકા કરે છે, તેમાં આમ્રવૃક્ષને આવેલ મનોહર મહોર એક માત્ર કારણ છે. ।।૬।।

**Alpaśrutaṃ Śrutavatāṃ Parihāsadhāma**
**Tvadbhaktirēva Mukharīkurutē Balānmāṃ I**
**yatkōkilaḥ Kila Madhau Madhuraṃ Virauti**
**Taccārucūtakalikānikaraikahētuḥ II 6 II**

He mentions the reasons for praying to God : "It is my devotion to thee that compells me to prattle, who am an object of ridicule to the scholars on account of my possessing little knowledge. That the cuckoo sings sweet songs in the spring is solely due to the presence of the charming bunches of mango sprouts." ||6||

त्वत्संस्तवेन भवसंततिसन्निबद्धं
पापं क्षणात् क्षयमुपैति शरीरभाजाम् ।
आक्रान्तलोकमलिनीलमशेषमाशु
सूर्यांशुभिन्नमिव शार्वरमंधकारम् ।। ७।।

સંસાર ભ્રમણને લીધે બંધાયેલા પ્રાણીઓનાં પાપો તમારા સુંદર સ્તવન વડે ક્ષણમાત્રમાં નાશ પામે છે; જેમ જગતમાં ફેલાયેલો ભ્રમર જેવો કાળો રાત્રિનો સમસ્ત અંધકાર સૂર્યના કિરણોથી શીઘ્ર નાશ પામે છે તેમ. ॥૭॥

**Tvatsaṃstavēna Bhavasantatisannibaddhaṃ**
**Pāpaṃ Kṣaṇāt Kṣayamupaiti Śarīrabhājaṃ I**
**Aakrāntalōkamalinīlamaśēṣamāśu**
**Sūryāśubhinnamiva śārvaramandhakāraṃ II 7 II**

He points out the advantages of praising God. The sins of embodied souls accumulated within a series of births are instantaneously annihilated by praising thee, as is the case with the jet-black nocturnal darkness pervading the universe when pierced by the rays of the sun. ||7||

मत्वेति नाथ ! तव संस्तवनं मयेद-
मारभ्यते तनुधियापि तव प्रभावात् ।
चेतो हरिष्यति सतां नलिनीदलेषु
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ।।८।।

કમળપત્રોમાં રહેલાં જળબિન્દુઓ જેમ મુક્તાફલની શોભાને ધારણ કરે છે તેમ તમારા પ્રભાવથી આ સ્તવન સજ્જનોના મનને હરશે એમ માનીને, અલ્પ બુદ્ધિવાળો એવો હું હે સ્વામિન્ ! આ સ્તોત્રનો આરંભ કરું છું. ॥૮॥

**Matvēti Nātha ! Tava Saṃstavanaṃ Mayēda**
**Mārabhyatē Tanudhiyāpi Tava Prabhāvāt I**
**Cētō Hariṣyati Satāṃ Nalinīdalēṣu**
**Muktāphaladyutimupaiti Nanūdabinduḥ II 8 II**

He gains confidence in composing the hymn. Having thus thought over, oh Lord ! I though poor in intelligence, commence (composhing) this hymn of thine. Owing to thy prowess, this (humble) work of mine will surely attract the attention of the good, (for even) a drop of water shines like a pearl, when resting on a leal of a lotus plant. II8II

आस्तां तव स्तवनमस्तसमस्तदोषं
त्वत्संकथापि जगतां दुरितानि हन्ति ।
दूरे सहस्त्रकिरणः कुरुते प्रभैव
पद्माकरेषु जलजानि विकाशभाञ्जि ।।९।।

જેમ સૂર્ય દૂર રહો છતાં (પોતાની) પ્રભા જ કમળવનોમાંના કમળોને વિકસિત કરે છે તેમ સર્વ દોષોનો નાશ કરનારું તમારું સ્તવન તો દૂર રહો, પરંતુ તમારૂં માત્ર નામસ્મરણ પણ મનુષ્યોનાં પાપોને દૂર કરે છે. ॥૯॥

**Astāṃ Tava Stavanamastasamastadōṣaṃ**
**Tvatsaṅkathāpi Jagatāṃ Duritāni Hanti I**
**Durē Sahasrakiraṇaḥ Kurutē Prabhaiva**
**Padmākarēṣu Jalajāni Vakāśabhāñji II 9 II**

He mentions the prowess of God's narration; Let thy psalm; which has destroyed all faults be out of consideration, since even the narration of thy life annihilates the sins of the universe Leave aside the case of the sun, when (even) its light alone opens the lotuses lying in the lakes. ||9||

नात्यद्भुतं भुवनभूषणभूतनाथ !
भूतैर्गुणै र्भुवि भवन्तमभिष्टुवन्तः ।
तुल्या भवन्ति भवतो ननु तेन किं वा
भूत्याश्रितं य इह नात्मसमं करोति ।।१०।।

વિશ્વના અલંકાર સમાન ! હે સ્વામિન્ ! સત્યગુણો વડે આપની સ્તુતિ કરનારા આપના સમાન થાય તેમાં કયું મોટું આશ્ચર્ય છે ? (અર્થાત્ નથી) કારણ કે આ લોકમાં પોતાના આશ્રયે રહેલાને સમૃદ્ધિ વડે જે સ્વમી પોતાની સમાન કરતા નથી તેવા સ્વામી વડે શું લાભ ? ॥૧૦॥

**Natyadbhutaṃ Bhuvanabhūṣaṇabhūtanātha !**
**Bhutairguṇairbhuvi Bhavantamabiṣṭuvantaḥ ।**
**Tulyā Bhavanti Bhavatō Nanu Tēna Kiṃvā**
**Bhutyāśritaṃ Ya Iha Nātmasamaṃ Karōti ॥10॥**

He declares the fruit of praising God. "Oh Lord ! Oh ornament to the universe ! It is not a matter of great surprise that those who praise thee on the earth by singing thy really existing merits, attain thy status (become thy equals), or else what is the use of him (that Lord) who does not raise his devotee to the same level of propserity where he is ? ॥10॥

दृष्ट्वा भवन्तमनिमेषविलोकनीयं
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।
पीत्वा पयः शशिकरद्युतिदुग्धसिन्धोः
क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ।।११।।

અનિમેષ નજરે જોવા લાયક આપને અવલોકીને મનુષ્યની આંખો બીજે ક્યાંય સંતોષ પામતી નથી. ચંદ્રના કિરણોની કાંતિ સમાન ઉજ્જ્વલ ક્ષીર સમુદ્રના પાણીને પીધા પછી સમુદ્રના ખારા પાણીને પીવાની ઈચ્છા કોણ કરે ? (અર્થાત્ કોઈ જ ન કરે) ॥૧૧॥

**Dṛṣṭvā Bhavantamanimēṣavilōkanīyaṃ
nānyatra Tōṣamupayāti Janasya Cakṣuḥ I
Pitvā Payah Śaśikaradyuti Dugdhasindhōḥ
Ksāraṃ Jalaṃ Jalanidhēraśituṃ Ka Icchēt ||11||**

He mentions the fruit of seeing God. After seeing thee. worthy to be unwinkingly looked at, the eye of a person does not find pleasure elsewhere. Who would desire to taste the brackish water of the sea, when once he has drunk the milk of the ocean hining like the rays of the moon ? ||11||

यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं
निर्मापितस्त्रिभुवनैकललामभूत !
तावन्त एव खलु तेप्यणवः पृथिव्यां !
यत्ते समानमपरं नहि रूपमस्ति ।।१२।।

ત્રણ ભુવનના અદ્વિતીય તિલક (શોભા) સમાન હે પ્રભો ! શાન્ત રસથી શોભતા જે પરમાણુઓ વડે તમો બનેલા છો તે પરમાણુઓ પણ વિશ્વમાં તેટલા જ માત્ર છે. કેમકે તમારા સરખું અન્ય સ્વરૂપ નિશ્ચે બીજું નથી. ॥૧૨॥

**Yaiḥ Śāntarāgarucibhiḥ Paramāṇubhistvaṃ**
**Nirmāpitāstribhuvanaikalalāmabhūta !**
**Tāvanta Ēva Khalu Tēpyaṇavaḥ Pṛthivyāṃ !**
**Yattē Samānamaparaṃ Nahi Rūpamasti ॥12॥**

He describes God's beauty. O, unique ornament of the forehead of the three worlds, certainly, in the universe there are only as many atoms possessing the sentiment of quietude as thou art formed of. For there is no other (being) having elegance like thine. ॥12॥

वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि
निःशेषनिर्जितजगत्त्रितयोपमानम् ।
बिम्बं कलंकमलिनं क्व निशाकरस्य
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ।।१३।।

કલંક વડે મલિન થયેલું અને દિવસ ઊગતાં જ ખાખરાના પાન જેવું પીળું પડી જતું ચંદ્રનું મુખ ક્યાં ? અને દેવ, મનુષ્ય તથા ભવનપતિના નેત્રોને હરનારું તથા ત્રણ જગતની સર્વે ઉપમાઓથી પણ વિશેષ એવું તમારૂં મુખ ક્યાં ? ॥૧૩॥

**Vkatraṃ Kva Tē Suranarōraganētrahāri**
**Nihsēśaṣanirjitajagattritayōpamānaṃ I**
**Bimbaṃ Kalaṅkamalinaṃ Kva Niśākarasya**
**Yadvāsarē Bhavaṭi Pāṇḍupalāśakalpaṃ II 13 II**

He praises Gods face : Where is thy face which attracts the eyes of the celestials, the human beings and the serpent gods and which far excels all the standards of comparison to be found in the three worlds ! And where is the disc of the moon which is stained with a blot and which grows pale like a leaf of the Palasa tree by daybreak ? ||13||

संपूर्णमण्डलशशाङ्ककलाकलाप-
शुभ्रा गुणास्त्रिभुवनं तव लंघयन्ति ।
ये संश्रितास्त्रिजगदीस्वरनाथमेकं
कस्तान्निवारयति संचरतो यथेष्टम् ।।१४।।

સંપૂર્ણ વિસ્તારવાળા ચંદ્ર (પૂર્ણિમાનો ચંદ્ર)ની કળાના સમૂહ સમાન તમારા ગુણો ત્રણ જગતને ટપી જાય છે. અદ્વિતીય ત્રણ જગતના નાથને જેઓ આશ્રય (આલંબન) કરીને રહેલા છે તેવાઓને યથેચ્છ વિચરતા કોણ રોકી શકે ? (અર્થાત્ તેઓને ધાર્યું ફળ અવશ્ય મળે છે.) ॥૧૪॥

**Saṃpūrṇamaṇḍalaśaśāṅkakalākalāpa**
**Śubhrā Guṇāstribhuvanaṃ Tava Laṅghayatanti I**
**Yē Saṃśritāstrijagadīsvaranāthamēkaṃ**
**Kastānnivārayati Sañcaratō Yathēṣṭam II14II**

He considers the extent of God's virute. Oh master of the three worlds ! They virtues shining like the collection of the digits of the moon having a complete disc are not contained in the three worlds. Who can prevent from walking freely those that have chosen thee as their only master ? II14II

चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभि-
र्नीतं मनागपि मनों न विकारमार्गम् ।
कल्पान्तकालमरुता चलिताचलेन
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ।।१५।।

પ્રલય કાળના વાયુ વડે પર્વતો પણ કંપી જાય છે, છતાં મેરૂ પર્વતનું શિખર શું કદાપિ કંપે છે ? તે જ પ્રમાણે દેવાંગનાઓ વડે તમારૂં મન જરાપણ વિકારના માર્ગે વિચલિત થયું નથી તેમાં અહીં શું આશ્ચર્ય છે ? ।।૧૫।।

**Citraṃ Kimatra Yadi Tē Tridaśāṅganābhi-**
**Nīrtaṃ Manāgapi Manō Na Vikāramārgaṃ I**
**Klpāntakālamarutā Calitācalēna**
**Kiṃ mandarādriśikharaṃ Calitaṃ Kadācit II15II**

He described God's complete mastery over passions: What is there to wonder at, if the celestial nymphs could not divert thy mind towards the path of passions even in the least ? Can the peak of the Mandara (Meru) mountain be ever moved by the wind blowing at the time of the destruction of the universe, the wind which shakes the other mountains ? II15II

निर्धूम - वर्तिर - पवर्जिततैलपूरः
कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ।
गम्यो न जातु मरुतां चलिताचलानां
दीपो परस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ।।१६।।

ધૂમાડા અને વાટ રહિત, તેલ પણ પૂર્યા વગરના અને પર્વતોને ચળાવનાર વાયુઓ વડે પણ અજેય, તમે આ ત્રણેય ભુવનોને સમગ્રપણે પ્રકટ કરો છો. જગતમાં પ્રકાશ કરનાર એવા હે સ્વામિન્ ! તમે એવા કોઈ અપૂર્વ દીપક છો. ॥૧૬॥

**Nirdhūma - Vartira - Pavarjitatailapūrah**
**Kṛtsnaṃ Jagattrayamidaṃ Prakaṭīkarōṣi I**
**Gamyō Na Jātu Marutāṃ Calitācalānāṃ**
**Dipō Parastvamasi Nātha Jagatprakāśaḥ II16II**

He hereby illustrates that God cannot be described in the light of the usual standards of comparison. Oh Lord thou art the supernatural lamp, the light of the world, the lamp which is free from smoke (of *aversion) where in there is no wick of (lust) which* does not require to be filled up with oil (of attachment), which completely illumnes the three worlds (by virtue of omniscience) and which is inassailable by the winds (or Gods) that move the mountains. II16II

नास्तं कदाचिदुपयासि न राहुगम्यः
स्पष्टीकरोषि सहसा युगपज् जगन्ति ।
नाम्भोधरोदरनिरुद्धमहाप्रभावः
सूर्यातिशायिमहिमासि मुनीन्द्र ! लोके ।।१७।।

હે મુનીન્દ્ર ! તમે સૂર્યથી પણ અધિક મહિમાવાળા છો, કારણ કે ક્યારે પણ તમારો અસ્ત થતો નથી. રાહુ તમને ગ્રસી શકતો નથી. ત્રણેય જગતને તેના સ્વરૂપમાં એક સાથે પ્રકટ (પ્રકાશિત) કરી શકો છો તેમ જ વાદળાંઓ (ના સમૂહ) વડે તમારો પ્રભાવ ઢાંકી શકાતો નથી માટે સમગ્ર લોકમાં આપ સૂર્યથી અધિક મહિમાવાળા છો. ||૧૭||

**Nastaṃ Kadācidupayāsi Na Rāhugamyaḥ**
**Spaṣṭīkarōṣi Sahasā Yugapaj Jaganti I**
**Nāmbhōdharōdaraniruddhamahāpbhāvaḥ**
**Sūryātiśāyimahimāsi Munīndra ! Lōkē ||17||**

Oh Lord of the ascetics ! In this world thou surpassest the sun in greatness, for; neither dost thou over act, nor art thou accossible to Rahu. (Morever) all of a sudden thou illuminest all the worlds simultaneously and thy immense prowess is not obstructed by the intervention of the clouds. ||17||

नित्योदयं दलितमोहमहान्धकारं
गम्यं न राहुवदनस्य न वारिदानाम् ।
विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ।।१८।।

હંમેશાં ઊગતું, મોહરૂપી મહા અંધકારને દૂર કરતું, રાહુના મુખ અને વાદળાંઓ વડે ન ગ્રસાતું, અનલ્પ કાંતિવાળું, જગતને પ્રકાશિત કરનારૂં એવું તમારૂં મુખારવિંદ અલૌકિક ચંદ્રના બિમ્બ સમાન શોભે છે. ॥૧૮॥

**Nityōdayaṃ Dalitamōhamahāndhakaraṃ**
**Gamyaṃ Na Rāhuvadanasya Na Varidānāṃl**
**vibhrājatē Tava Mukhābjamanalpakānti**
**Vidyōtayajjagadapūrvaśaśāṅkabimbaṃ ll 18 ll**

Thy lotus-like face shines like the disc of an extraordinary moon, for it has a perpetual rise (as it never sets), has destroyed the darkness of infatuation, is never within the reach of Rahu or clouds, possesses immense lustre and illuminates the world. ll18ll

किं शर्वरीषु शशिनाह्नि विवस्वता वा
युष्मन्मुखेन्दुदलितेषु तमस्सु नाथ ! ।
निष्पन्नशालिवनशालिनि जीवलोके
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ।।१९।।

જેમ પાકેલી શાળનાં વન-વડે શોભતા જગતમાં પાણીના ભારથી નમેલા મેઘો નિરર્થક છે તેમ હે સ્વામિન્ ! જ્યાં તમારા મુખચન્દ્ર વડે (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ થાય છે, ત્યાં રાત્રિમાં ચંદ્ર અને દિવસે સૂર્યનું શું કામ છે ? ।।૧૯।।

**Kiṃ Śarvarīṣu Śaśināhhi Vivasvatā Vā**
**Yuṣmanmukhēndudalitēṣu Tamassu Nāthal**
**niṣpannaśālivanaśālini Jivalōkē**
**Kāryaṃ Kiyajajaladharairjalabhāranamaiḥ ||19||**

What is the use of the moon at night and what use is there of the sun by day, when oh Lord ! thy moon-like face destroys darkness (of ignorance) ? What necessity is there of the clouds surcharged with water (i.e. bent down by the burden of water) when the (mortal) world is (already) resplendent with the fields of the fully grown sali rice ? ||19||

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं
नैवं तथा हरिहरादिषु नायकेषु ।
तेजःस्फुरन्मणिषु याति यथा महत्त्वं
नैवं तु काचशकले किरणाकुलेपि ।।२०।।

દેદીપ્યમાન મણિઓમાંના પ્રકાશનું જે મહત્ત્વ છે તે જ પ્રકાશનું મહત્ત્વ કિરણોવાળા કાચના ટુકડામાં હોતું નથી. તે પ્રમાણે જે સમ્યગ્જ્ઞાન તમારામાં શોભે છે તે વિષ્ણુ, શંકર આદિ અગ્રિમ દેવોમાં શોભતું નથી. ।।૨૦।।

**Jnānaṃ Yathā Tvayi Vibhāti Kṛtāvakāśaṃ**
**Naivaṃ Tathā Hariharādiṣu Nāyakēṣu I**
**Tējaḥsphuranmaṇiṣu Yāti Yathā Mahattvaṃ**
**Naivaṃ Tu Kācaśakalē Kiraṇākulēpi II 20 II**

He suggests that Lord Rishabha surpasses other Gods in knowledge.

Knowledge (which illumines all the objects) does not shine with so great an effulgence in the case of Hari (vishnu), Hara (shiva) and others lords (of the followers of other systems of philosophy) as it does when it resorts to Thee (When it finds a place in Thee). Light attains its magnificence when it falls on the sparkling jewels but it fails to attain the same (sort of magnificence) when it falls on a piece of glass, even if it be pervaded by the rays of light. ||20||

मन्ये वरं हरिहरादय एव दृष्टा
दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।
किं वीक्षितेन भवता भुवि येन नान्यः
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेपि ।। २१ ।।

પ્રત્યક્ષ એવા તમારા દર્શન વડે પૃથ્વીને વિષે અન્ય કોઈ પણ દેવ ભવાંતરમાં પણ મારા મનનું હરણ નહિ કરે. કેમકે હે સ્વામિન્ ! વિષ્ણુ, શંકર આદિ દેવોને પ્રથમ જોયા (અને જાણ્યા) તે હું માનું છું કે સારું થયું. જે (વિષ્ણુ આદિ) દેખાયે છતે મારૂં હૃદય તો તમારામાં જ સંતોષને પામે છે. ॥૨૧॥

**Manyē Varaṃ Hariharādaya Ēva Draṣṭā**
**Dṛṣṭēṣu Yēṣu Hṛdayaṃ Tvayi Tōṣamēti I**
**Kiṃ Vikṣitēnā Bhavatā Bhuvi Yēna Nānyaḥ**
**Kaścinmanō Harati Nātha ! Bhavāntarēpi II 21 II**

He summerises the result of seeing Hari and the like :
I believe that it was for the better that (first of all) I verily saw Hari, Hara and the like, for, as I have already seen them, my heart gets complete satisfaction on seeing Thee. What has been the result of seeing Thee ? (The reply is that) Oh Lord ! No one else in this world will be able to divert my mind from Thee even in the next birth. ||21||

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता
सर्वा दिशो दधति भानि सहस्त्ररश्मिं
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम् ।।२२।।

જેમ બધી દિશાઓ અનેક નક્ષત્રોને ધારણ કરે છે પરંતુ દેદીપ્યમાન કિરણોના સમૂહવાળા સૂર્યને તો ફક્ત પૂર્વ દિશા જ ધારણ કરે છે તેમ સેંકડો જનેતાઓ સેંકડો વખત પુત્રને જન્મ આપે છે પરંતુ તમારા જેવા પુત્રને અન્ય કોઈ જનેતાએ જન્મ આપ્યો નથી. ॥૨૨॥

**Strīṇāṃ Śatāni Śataśō Janayanti Putrān**
**Nānyā Sutaṃ Tvadupamaṃ Jananī Prasūtā**
**Sarva Diśō Dadhati Bhāni Sahastraraśmiṃ**
**Prācyēva Digjanayati Sphuradaṃśujālaṃ ||22||**

He suggests the natural birth of God. Hundreds of women give birth to hundreds of sons, but no mother (except Thine) gave birth to a son that could stand (out in) comparison with Thee. In all the directions there are (lit. all the quarters) constellations, but it is only the east which brings forth the sun having a collection of resplendent rays. ||22||

त्वामामनन्ति मुनयः परमं पुमांस-
मादित्यवर्णममलं तमसः परस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र पन्थाः ।।२३।।

મુનિઓ આપને શ્રેષ્ઠ પુરૂષ, પાપરૂપી અંધકારથી પર, સૂર્યના જેવા તેજસ્વી અને નિર્મળ માને છે. તેમજ આપને જ સમ્યક્ રીતે પ્રાપ્ત કરી મૃત્યુંજય બને છે, કારણ કે હે મુનીન્દ્ર ! તે સિવાય મોક્ષનો બીજો કોઈ કલ્યાણકારી માર્ગ જ નથી. ॥૨૩॥

**Tvāmāmananti Munayah Paramaṃ Pumāṃsa-**
**Māditvavarṇamamalaṃ Tamasah Parastāt I**
**Tvāmēva Samyagupalabhya Jayanti Mṛtyuṃ**
**Nānyaḥ Śivah Śivapadasya Munīndra**
**Panthāḥ II 23 II**

He designates Lord Rishabha as the supreme Being : Oh Lord of the ascetics ! the sages give thee the noble appellation of the supreme Being, having the colour of the sun bright and inaccessible to darkness and free from blemishes. They conquer death by duly realizing Thee alone, (for) there is no other beneficial path, leading to the auspicious abode (liberation). ||23||

त्वामव्ययं विभुमचिंत्यमसंख्यमाद्यं
ब्रह्माणमीश्वरमनन्तमनंगकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ।।२४।।

સંત પુરુષો આપને જ અવિનાશી, સર્વવ્યાપી, અચિંતનીય, અસંખ્ય, આદિ, બ્રહ્મસ્વરૂપ, ઈશ્વર, અનન્ત, અનંગ (કામદેવ)નો નાશ કરનાર કેતુ સમાન, યોગીશ્વર, યોગના જ્ઞાતા, અનેક, અદ્વિતીય, જ્ઞાનસ્વરૂપ અને નિર્મળ કહે છે. ।।૨૪।।

**Tvāmavyayaṃ Vibhumacintyamasaṅkhyamādyaṃ**
**Brahmāṇamīśvaramananantamanaṅgakētuṃ ।**
**Yōgīśvaraṃ Viditayōgamanēkamēkaṃ**
**Jnānasvarūpamamalaṃ pravadanti santaḥ ।। 24 ।।**

He substantiates the supremacy of Lord Rishabha : The good declare Thee as imperishable, omnipresent (or powerful), incomprehensible, innumerable, first (in position and time), Brahman, Ishwara, infinite, the comet in destroying the cupid, the master of yogins well versed in yoga, many, one, the embodiment of knowledge and pure. ।।24।।

बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्
त्वं शंकरोसि भुवनत्रयशंकरत्वात् ।
धातासि धीर ! शिवमार्गविधेर्विधानात्
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोसि ।।२५।।

દેવતાઓ (પંડિતો) વડે પૂજિત એવી બુદ્ધિના વૈભવવાળા હોવાથી તમે જ બુદ્ધ છો, તેમ જ ત્રણેય ભુવનનું શુભ કરનારા હોવાથી તમે જ શંકર છો અને હે ધૈર્યશાલી ! મોક્ષમાર્ગની વિધિના પ્રણેતા હોવાથી તમે જ વિધાતા છો. હે ભગવંત ! તમે જ પ્રકટ પૂર્ણ પુરુષોત્તમ એવા વિષ્ણુ છો. ॥૨૫॥

**Buddhastvamēva Vibudhārcitabuddhibōdhāt**
**Tvaṃ Śaṅkarōsi Bhuvanaprayaśaṅkaratvāt।**
**Dhatāsi Dhīra ! Śivamārgavidhērvidhānāt**
**Vyaktaṃ Tvamēva Bhagavān Puruṣōttamōsi ॥25॥**

He gives out his decision -

Thou alone art Buddha because the gods worship the enlightenment of thy knowledge There is no other Shankar than Thee for Thou (alone) bestowest happiness to the three worlds. Oh intelligent Being ! Thou alone art the creator (Brahman) for Thou hast pointed out the path leading to liberation Oh Divine Being it is quite evident that Thou alone art the best of men (Purushottama). ॥25॥

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ।।२६।।

ત્રણ ભુવનની પીડાને હરનારા હે નાથ ! તમને નમસ્કાર હો, પૃથ્વીતલના નિર્મળ આભૂષણ સમાન હે પ્રભો ! તમને નમસ્કાર હો, ત્રણ જગતના પરમેશ્વર, તમને નમસ્કાર હો તથા સંસારરૂપી સમુદ્રનું શોષણ કરનારા હે જિનેશ્વર ! તમને નમસ્કાર હો. ॥૨૬॥

**Tubhyaṃ Namastribhuvanārtiharāya Nātha**
**Tubhyaṃ Namaḥ Kṣititalāmala Bhūṣaṇāya I**
**Tubhyaṃ Namastrijagataḥ Paramēśvarāya**
**Tubhyaṃ Namō Jina ! Bhavōdadhiśōṣaṇāya II 26 II**

He consciously bows to God -

Oh Lord ! Obeisance to Thee the destroye of the miseries of the three worlds, obeisance to Thee the pure jewel on the surface of the earth (or the unsullied ornament of the mortal-neither and cellestial worlds), obeisance to Thee the supreme Lord of the three worlds. Oh Jina ! adoration to Thee that hast dried up the ocean of mundane existence. II26II

को विस्मयोत्र यदि नाम गुणैरशेषैः
त्वं संश्रितो निरवकाशतया मुनीश ! ।
दोषैरुपात्तविविधाश्रयजातगर्वैः
स्वप्नान्तरेपि न कदाचिदपीक्षितोसि ।।२७।।

પ્રાપ્ત થયેલા વિવિધ પ્રકારના સ્થાનને કારણે ઉત્પન્ન થયેલ ગર્વયુક્ત દોષો વડે સ્વપ્નમાં પણ તમે (શુદ્ધ સ્વરૂપમાં) જોવાયેલા નથી એવા હે મુનિઓના સ્વામિ ! અન્યત્ર સ્થાન ન મળવાથી અશેષ ગુણો વડે તમે આશ્રય કરાયા છો. એમાં શું આશ્ચર્ય છે ? ।।૨૭।।

**Kō Vismayōtra Yadi Nāma Guṇairaśēṣaiḥ**
**Tvaṃ Saṃśritō Niravakāśatayā Munīśa ! ।**
**Dōṣairupātavividhāśrayajātagarvaiḥ**
**Svapnāntarēpi Na Kadācidapīkṣitōsi ॥ 27 ॥**

He declares Lord Rishabha as the sole abode of virtues.

Oh Lord of the ascetics ! What wonders is there if Thou art wholly resorted to by all the virtues and that Thou art not seen even in a dream by vices which ae puffed up with pride owing to the manifold shelter that they found elsewhere. ॥27॥

उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख-
माभाति रूपममलं भवतो नितान्तम् ।
स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानम्
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ।।२८।।

ઊંચા અશોકવૃક્ષને આશ્રય કરીને રહેલું ઊર્ધ્વગામી કિરણોવાળું આપનું નિર્મળ રૂપ, વાદળાંઓની સમીપ રહેલા, સ્પષ્ટપણે દેદીપ્યમાન કિરણોવાળા અને અંધકારના સમૂહનો નાશ કરનારા એવા સૂર્યના બિમ્બ જેવું અત્યંત શોભે છે. ॥૨૮॥

**Uccairaśōkatarusaṃśritamunmayūkha**
**Mābhāti Rūpamamalaṃ Bhavatō Nitāntaṃ I**
**Spaṣṭōllasatkiraṇamastatamōvitānaṃ**
**Bimbaṃ Ravēriva Payōdharapārśvavarti II28II**

He describes Lord Rishabha's grandeur : Thy defectless (perfect) figure which has resorted to the lofty Ashoka tree and from which lustre emanates shines in full affluence like the disc of the sun lying adjacent to a cloud - the disc which possesses clear and splendid beams and which has dispelled the mass of darkness. II28II

सिंहासने मणिमयूखशिखाविचित्रे
विभ्राजते तव वपुः कनकावदातम् ।
बिम्बं वियद्विलसदंशुलतावितानं
तुंगोदयाद्रिशिरसीव सहस्त्ररश्मेः ।।२९।।

જેમ આકાશમાં દેદિપ્યમાન કિરણોરૂપી લતામંડપવાળું ઉત્તુંગ એવા ઉદયાચલ પર્વતના શિખર પર રહેલું સૂર્યનું બિમ્બ શોભે છે તેમ રત્નોના કિરણોના અગ્રભાગ વડે ચિત્ર વિચિત્ર સિંહાસન ઉપર તમારૂં સુવર્ણ જેવી કાંતિવાળું શરીર શોભે છે. ॥૨૯॥

**Siṃhāsanē Maṇimayūkhaśikhavicitrē**
**Vibhrājatē Tava Vapuḥ Karanakāvadātaṃ I**
**Bimbaṃ Viyadvilasadaṃśulatāvitānaṃ**
**Tuṃgōdayādriśirasīva Sahasraraśmēḥ II 29 II**

The body (resting) on the lion-throne variegated by the radiance of the pencil of rays of jewels and beautiful (yellow) like gold, shines like the disc of the sun on the high summit of the sun-rise mountain, the disc having collection of its branch-like rays spreading in the sky. II29II

कुन्दावदातचलचामरचारुशोभं
विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।
उद्यच्छशांकशुचिनिर्झरवारिधार-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ।।३०।।

મોગરાના પુષ્પ જેવા ઉજ્જ્વલ ઉછળતા ચામરની સુંદર શોભાવાળું, સુવર્ણ જેવું મનોહર તમારું શરીર ઊગતા ચંદ્ર જેવા સ્વચ્છ ઝરણાના પાણીની ધારાવાળા સુવર્ણમય મેરૂ પર્વતના ઊંચા શિખરની જેમ શોભે છે. ॥૩૦॥

**Kuṇḍāvadātacalacāmaracāruśōbhaṃ**
**vibhrājatē Tava Vapuh Kaladhautakāntaṃ I**
**Udyacchaśāṅkaśucinirjharavāridhāra-**
**Muccaistaṭaṃ Suragirēriva Śātakaumbhaṃ II 30 II**

Thy body which is lovely like gold and which possesses fascinating beauty owing to the moving choweries, white like the Jasmine flowers, shines like the topmost golden peak of the mountain of gods (Meru) from which water falls, pure like the rising moon, are flowing. II30II

छत्रत्रयं तव विभाति शशाङ्ककान्त-
मुच्चैः स्थितं स्थगितभानुकरप्रतापम् ।
मुक्ताफलप्रकरजालविवृद्धशोभं
प्रख्यापयत्त्रिजगतः परमेश्वरत्वम् ।।३१।।

મોતીઓની સમૂહરચના વડે જેની શોભા વિશેષ વૃદ્ધિ પામી છે, વળી જે ચંદ્ર સમાન મનોહર છે અને જેણે સૂર્યના કિરણોનો પ્રતાપ સ્થગિત કર્યો છે એવાં, તથા ત્રણ જગતના સ્વામીપણાને જણાવતાં એવાં ઊંચે રહેલ તમારાં ત્રણ છત્રો શોભે છે. ॥૩૧॥

**Chatratrayaṃ Tava Vibhāti Śaśāṅkakānta-**
**Uccaiḥ Sthitaṃ Sthagitabhānukarapratāpaṃ ।**
**Muktāphalaprakarajālavivṛddhaśōbhaṃ**
**Prakhyāpayattrijagataḥ Paramēśvaratvaṃ ॥ 31 ॥**

Thy three canopies, which are lyign above (thy head), which are beautiful like the moon, which have (even) eclipsed the light (or have removed the excessive heat) of the rays of the sun and whose beauty is enhanced by pearls and which proclaim thy supremacy over the three worlds, are resplendent. ॥31॥

उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ति-
पर्युल्लसन्नखमयूखशिखाभिरामौ ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र ! धत्तः
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ।।३२।।

હે જિનેશ્વર ! વિકસ્વર સુવર્ણના નવીન કમળોના સમૂહની કાંતિ વડે ચમકતા નખોનાં કિરણોની શ્રેણી વડે વિભૂષિત એવા તમારા બન્ને પગો જ્યાં પદાર્પણ કરે છે ત્યાં દેવતાઓ કમળો રચે છે. ॥૩૨॥

**Unnidrahēmanavapaṅkajapuñjakānti**
**Paryullasannakhamayūkhaśikhābhirāmau ।**
**Pādau Padāni Tava Yatra Jinēndra ! Dhattaḥ**
**Padmāni Tatra Vibudhāḥ Parikalpayanti ॥ 32 ॥**

Oh Lord of the Jinas ! the gods create nine lotuses wherever the foot prints are formed by thy feet which are attractive on account of the pencil of rays issuing from thy nails shining with the splendour of the cluster of the blooming golden fresh (or nine) lotuses. ॥32॥

इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र !
धर्मोपदेशनविधौ न तथा परस्य ! ।
यादृक् प्रभा दिनकृतः प्रहतांधकारा
तादृक्कुतो ग्रहगणस्य विकाशिनोपि ।।३३।।

આ રીતે, હે જિનેશ્વર ! ધર્મોપદેશની વિધિમાં તમારી જે સંપદા હતી તે અન્ય કોઈને હોતી નથી. અંધકારને હણવાવાળી સૂર્યની જે કાંતિ હોય છે તે પ્રકાશિત હોવા છતાં અન્ય ગ્રહના સમૂહની ક્યાંથી હોય ? ॥૩૩॥

**Itthaṃ Yathā Tava Vibhūtirabhūjjinēndra !**
**Dharmōpadēśanavidhau Na Tathā Parasya ! I**
**Yādṛk Prabhā Dinakṛtaḥ Prahatāndhakārā**
**Tādṛkkutō Grahagaṇasya Vikāśinōpi II 33 II**

Oh Lord of the Jinas ! No other being can attain the above described grandeur of thine which thou possess at the time of teaching religion. (For) whence can the light of a group of constellations, though shining, match with the lustre of the sun by which darkness is destroyed ? II33II

श्च्योतन्मदाविलविलोलकपोलमूल-
मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ।
ऐरावताभमिभमुद्धतमापतन्तं
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ।।३४।।

ઝરતા મદ વડે કલુષિત થયેલા ગંડસ્થલને વિષે ભમતા ચંચળ ભમરાઓના ગુંજારવ વડે વધેલા કોપવાળા, ઐરાવતની શોભાને ધારણ કરનારા, ઉધ્ધત અને સામે ધસી આવતા એવા હાથીને જોઈને પણ આપનો આશ્રય કરીને રહેલાઓ ભય પામતા નથી. ||૩૪||

**Schyōtan Madāvilavilōlakapōlamūla-**
**Mattabhramadbhramaranādavivṛddhakōpaṃ |**
**Airāvatābhamibhamuddhṛtamāpatantaṃ**
**Dṛṣṭva Bhayaṃ Bhavati Nō Bhavadāśritānāṃ || 34 ||**

Thy devotees are not afraid of wild elephants Those who resort to Thee are not terrified when they see a wild elephant comparable with Airawata rushing against them, the elephant whose anger is increased by the humming of the bess which are madly whirling round their temples soiled with the trickling rut. ||34||

भिन्नेभकुम्भगलदुज्ज्वलशोणिताक्त-
मुक्ताफलप्रकरभूषितभूमिभागः ।
बद्धक्रमः क्रमगतं हरिणाधिपोपि
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ।।३५।।

હાથીના ચીરી નાખેલા કુંભસ્થળમાંથી નીકળતા ઉજ્જ્વલ અને લોહીથી ખરડાયેલા મોતીઓના સમૂહ વડે ભૂમિનો ભાગ સુશોભિત કર્યો છે જેણે એવો આક્રમક સિંહ, તમારા બન્ને પગરૂપી પર્વતનો આશ્રય કરીને રહેલા (મનુષ્ય) ઉપર, તરાપમાં આવેલા હોવા છતાં પણ આક્રમણ કરી શકતો નથી. ॥૩૫॥

**Bhinnēbhakumbhagaladujjvalaśōṇitākta-
Muktāphalaprakarabhūṣitabhūmibhāgaḥ |
Baddhakramaḥ Kamagataṃ Hariṇādhipōpi
Nākrāmati Kramayugācalasaṃśritaṃ Tē ||35||**

Thy devotee is not attacked by a ferocious lion

The lion who is about to pounce upon and who has adorned the ground by scattering on it a collection of pearls besmeared with the bright blood issuing forth from the temples of elephants torn by him does not attack him who has resorted to the mountain (in the form) of the pair of thy feet eventhough he is within his clutches. ||35||

कल्पान्तकालपवनोद्धतवह्निकल्पं
दावानलं ज्वलितमुज्ज्वलमुत्फुलिंगम् ।
विश्वं जिघत्सुमिव संमुखमापतन्तम्
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ।।३६।।

પ્રલયકાળના પવન વડે પ્રદીપ્ત થયેલા અગ્નિ જેવા અત્યંત તેજસ્વી, ઉંચે ઉડતા તણખાવાળા, સમગ્ર વિશ્વને ભરખી જવાની ઈચ્છાવાળા અને સામે આવતા એવા દાવાનલને પણ આપના નામનું કીર્તનરૂપી જળ સંપૂર્ણપણે શાંત કરે છે. ॥૩૬॥

**Kalpāntakālapavanōddhatavahniakalpaṃ**
**Dāvānalaṃ Javalitamujjavalamuphuliṅgaṃ I**
**Viśvaṃ Jighṭatsumiva Sammukhamāpatantaṃ**
**Tvannāmakīrtanajalaṃ Śamayatyaśēṣaṃ II 36 II**

Thy name extinguishes conflagration. The water (in the form) of mentioning thy name, completely extinguishes the conflagration which resembles the fire kindled by the hurricane (furiously blowing) at the time of the destruction of the world, which is fully ablaze and bright and from which flash forth the sparks and which approaches as if with a desire to swallow the entire universe. ॥36॥

रक्तेक्षणं समदकोकिलकंठनीलं
क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।
आक्रामति क्रमयुगेन निरस्तशंक-
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ।।३७।।

જે મનુષ્યના હૃદયમાં આપના નામરૂપી નાગદમની (ઔષધિવિશેષ) રહેલી છે તે લાલ આંખવાળા, મદોન્મત્ત, કોયલના કંઠ જેવા કાળા વર્ણવાળા, ક્રોધથી આક્રમક બનેલા, ઉંચી ફેણવાળા એવા સામે ધસી આવતા સર્પને નિર્ભયતાપૂર્વક બંને પગો વડે દબાવી દે છે (હત્યા કરતા નથી, પણ તેના ક્રોધને શાંત કરે છે). ।।૩૭।।

**Raktēkṣaṇaṃ Samadakōkilakaṇṭhanīlaṃ**
**Krōdhōddhataṃ Phaṇimutphaṇamāpatantaṃ I**
**Aākrāmati Kramayugēna Nirastaśaṅkaḥ-**
**Tvannāmanāgadamanī Hṛdi Yasya Puṃsaḥ**
**II 37 II**

Thy name is an efficacious snake-charm. That man in whose heart rests the snake-charm (Naga-damani) of thy name ferlessly treads upon a red-eyed cobra, which is as black as the throat of an intoxicated cuckoo wild with raze and which is rushing forth with the hood raised up. II37II

वल्गत्तुरंगगजगर्जितभीमनाद-
माजौ बलं बलवतामपि भूपतीनाम् ।
उद्यद्दिवाकरमयूखशिखापविद्धं
त्वत्कीर्तनात्तम इवाशु भिदामुपैति ।।३८।।

સંગ્રામમાં દોડતા અશ્વો અને હાથીઓની ગર્જનાઓને લીધે ભયંકર ઘોષવાળું એવું બળવાન રાજાઓનું સૈન્ય પણ ઊગતા સૂર્યના કિરણોની શિખાઓ વડે નષ્ટ થયેલા અંધકારની જેમ આપના કીર્તન (નામ-સ્મરણ) માત્રથી ભેદને પામે છે. ।।૩૮।।

**Valgatturaṅgagājagarjitabhīmanāda-**
**mājau Balaṃ Balavatāmapi Bhūpatīnāṃ ।**
**Udyaddivākaramayūkhaśikhāpaviddhaṃ**
**Tvatkīrtanāttama Ivāśu Bhidāmupaiti ।। 38 ।।**

Thy hymn ensures victory even in terrible wars. The army of even mighty monarchs, wherein the horses are running at full gallop and where in the elephants are making a tremendous noise by roaring is immediately destroyed on the battle-field by praising Thee like the darkness when perced by the sharp ends of rays of the rising sun. ।।38।।

कुन्ताग्रभिन्नगजशोणितवारिवाह-
वेगावतारतरणातुरयोधभीमे ।
युद्धे जयं विजितदुर्जयजेयपक्षा-
स्त्वत्पादपंकजवनाश्रयिणो लभन्ते ।।३९।।

ભાલાના અગ્રભાગ વડે મરાયેલા હાથીના રુધિર રૂપી જળપ્રવાહમાં વેગપૂર્વક પ્રવેશ કરી તરી જવાને આતુર એવા યોદ્ધાઓ વડે રચાયેલા ભીષણ સંગ્રામમાં તમારા ચરણરૂપી કમળવનનો આશ્રય કરીને રહેલાઓ દુર્જય એવા શત્રુઓનો પરાજય કરીને વિજય પ્રાપ્ત કરે છે. ॥૩૯॥

**Kuṃtāgrabhinnagajaśōṇitavārivāha-**
**Vēgāvatāratarаṇāturayōdhabhīmē |**
**Yuddhē Jayaṃ Vijitadurjayajēyapakṣāḥ**
**Tvatpādapaṅkajavanāśrayiṇō Labhantē || 39||**

Those who take shelter under the lotus-grove of thy feet gain victory by vanquishing the unconquerable enemies in the war which is horrible on account of the warriors being impatient to cross the powerful streams of blood gushing forth from (the temples of) the elephants. ||39||

अम्भोनिधौ क्षुभितभीषणनक्रचक्र-
पाठीनपीठभयदोल्बणवाडवाग्नौ ।
रंगत्तरंगशिखरस्थितयानपात्रा-
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ।।४०।।

જે સમુદ્રમાં વિક્ષુબ્ધ થયેલા ભયંકર મગરના સમૂહો, 'પાઠીન' અને 'પીઠ' જાતિના ભયંકર મત્સ્યો અને વડવાનલ યુક્ત ઊછળતા તરંગો છે, તેના શિખર પર તરી રહેલા વહાણના યાત્રિકો આપના નામ સ્મરણથી ભયમુક્ત થઈને યથાસ્થાને પહોંચે છે. ||૪૦||

**Aṃbhōnidhau Kṣubhitabhīṣaṇanakracakra-**
**pāṭhīnapīṭhabhayadōlbaṇavāḍavāgnau |**
**Raṇgataraṅgaśikharasthitayānapātrā**
**Strāsaṃ Vihāya Bhavataḥ Smaraṇā Vrajanti**
**|| 40 ||**

Thy panegyrist is not afraid of a stormy ocean Those who remember Thee reach (the shore) even when they are not sailing in a vessel floating on the tops of the rising billows in the ocean which is the abode of a manifest submarine fire and of the host of ferocious and excited crocodiles and alligators. ||40||

उद्भूतभीषणजलोदरभारभुग्नाः
शोच्यां दशामुपगताश्च्युतजीवितांशाः ।
त्वत्पादपंकजरजोमृतदिग्धदेहाः
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ।।४१।।

ભયંકર જલોદરના વ્યાધિથી ઉત્પન્ન થયેલા ભારને લીધે વાંકા વળી ગયેલા, શોચનીય દશાને પામેલા, જીવનની આશાને છોડી દીધેલા, મનુષ્યો તમારા ચરણકમળની રજરૂપી અમૃતવડે ખરડાયેલા દેહવાળા છતાં કામદેવ સમાન રૂપવાન થાય છે. ॥૪૧॥

**Udbhūtabhīṣaṇajalōdarabhārabhugnāḥ**
**Śōcyāṃ Daśāmupagatāścyutajīvitāśāḥ ।**
**Tvatpādapaṅkajarajōmṛtadigdhadēhāḥ**
**Martyā Bhavanti Makaradhvajatulyarūpāḥ ॥41॥**

Dropsy is easily cured by serving Thee. The mortals who are bent down under the burden of dreadful dropsy that has arisen, who are reduced to a deplorable condition and who have lost all hopes of surviving become cupid-like in beauty when they anoint their body with the ambrosia of the pollen of the lotuses (in the form) of Thy feet. ॥41॥

आपादकण्ठमुरुशृङ्खलवेष्टिताङ्गा
गाढं बृहन्निगडकोटिनिघृष्टजंघाः ।
त्वन्नाममन्त्रमनिशं मनुजाः स्मरन्तः
सद्यः स्वयं विगतबंधभया भवन्ति ।।४२।।

પગથી લઈને કંઠ સુધી મોટી સાંકળો વડે બંધાયેલા શરીરવાળા મોટી બેડીઓના અગ્રભાગ વડે અત્યંત ઘસાતી જાંઘોવાળા મનુષ્યો તમારા નામસ્વરૂપ મંત્રનું સ્મરણ કરતાં શીઘ્ર બંધનના ભયથી રહિત થાય છે. ।।૪૨।।

**Aāpādakaṇṭhamuruśṛṅkhalavēṣṭitāṅgāḥ**
**Gāḍham Bṛhannigaḍakōṭinighṛṣṭajaṅghāḥ I**
**Tvannāmamantramaniśaṃ Manujāḥ Smarantaḥ**
**Sadyaḥ Svayaṃ Vigatabandhabhayā Bhavanti**
**II 42 II**

Thy name sets prisoners at liberty. Those men whose limbs are clothed from foot to neck in heavy fetters and shanks are severely skinned by millions of strong chains, automatically become at once free from the bondage by always meditating upon Thy name as a Mantra. ||42||

मत्तद्विपेन्द्रमृगराजदवानलाहि-
संग्रामवारिधिमहोदरबंधनोत्थम् ।
तस्याशु नाशमुपयाति भयं भियेव
यस्तावकं स्तवमिमं मतिमानधीते ।।४३।।

જે બુદ્ધિમાન મનુષ્ય તમારા આ સ્તોત્રનું પઠન કરે છે તેના મદોન્મત્ત હાથી, સિંહ, દાવાનલ, સર્પ, સંગ્રામ, સમુદ્ર, જલોદર અને બંધન વગેરે (આઠ પ્રકારના) ઉત્પન્ન થયેલા ભય સ્વયં ભય પામ્યા હોય તેમ નાશ પામે છે. ॥૪૩॥

**Mattadvipēndramṛgarājadavānalāhi-**
**Saṅgrāmavāridhimahōdarabandhanōttham I**
**Tasyāśu Nāśamupayāti Bhayaṃ Bhiyēva**
**Yastāvakaṃ Stavamimaṃ Matimānadhītē**
**II 43 II**

Thy name is a proof against all sorts of calamities. The danger arising from the intoxicated elephants, the kings of beasts (lions), conflagrations, serpents, wars, oceans, dropsy and confinements speedily disappears as if through fear in the case of that talented man who recites this hymn in Thy praise. ||43||

स्तोत्रस्रजं तव जिनेन्द्र ! गुणै र्निबद्धां
भक्त्या मया रुचिरवर्णविचित्रपुष्पाम् ।
धत्ते जनो य इह कण्ठगतामजस्त्रं
तं मानतुंगमवशा समुपैति लक्ष्मीः ।।४४।।

હે જિનેશ્વર ! સદ્‌ગુણો અને મનોહર અક્ષરોરૂપી ચિત્ર-વિચિત્ર પુષ્પો વડે ગુંથેલી એવી આ તમારા સ્તોત્રરૂપી માળાને જે મનુષ્ય અવિરતપણે કંઠમાં ધારણ કરે છે તે સ્વમાની એવા ઉન્નત મનુષ્યને, અથવા આ સ્તોત્રના રચયિતા માનતુંગ સૂરીશ્વરજીને સર્વતંત્ર સ્વતંત્ર એવી કોઈ ને પણ વશ ન રહેનારી (મોક્ષરૂપી) લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ।।૪૪।।

**Stōtrasrajaṃ Tava Jinēndra ! Guṇairnibaddhāṃ**
**Bhaktyā Mayā Ruciravarṇavicitrapuṣpāṃ I**
**Dhattē Janō Ya Iha Kaṇṭhagatāmajasraṃ**
**Taṃ Mānatuṅgamavaśā Samupaiti Lakṣmīḥ**
**II 44 II**

Oh master of the Jinas ! The goddess of wealth spontaneously waits on that Mantunga, who in this world, incessantly wears round his neck the garland of prayer prepared by me with devotion the garland which is knitted with thy merits and which has variegated flowers of attractive (colours in the form of) beautiful letters. ||44||

# કલ્યાણ મંદિર (સ્મરણ)

## આઠમું સ્મરણ

कल्याणमन्दिरमुदारमवद्यभेदि ।
भीताभयप्रदमनिन्दितमंघ्रिपद्मम् ।।
संसारसागरनिमज्जदशेष-जन्तु-
पोतायमानमभिनम्य जिनेश्वरस्य ।।१।।

यस्य स्वयं सुरगुरुर्गरिमाम्बुराशेः ।
स्तोत्रं सुविस्तृतमतिर्न विभुर्विधातुम् ।।
तीर्थेश्वरस्य कमठस्मय-धूमकेतो-
स्तस्याहमेष किल संस्तवनं करिष्ये ।।२।।
।। युग्मम् ।।

કલ્યાણના ભંડાર સ્વરૂપ, ઉદાર, પાપોને ભેદનારૂં, ભયભીત આત્માઓને અભય આપનારૂં, દોષોથી રહિત, સંસારરૂપી સાગરમાં ડુબતા સર્વ જીવોને (તારવામાં) વહાણ સરખું એવું જિનેશ્વર પરમાત્માનું જે ચરણકમલ છે તેને પ્રણામ કરીને. ।।૧।।

કમઠ તાપસના અભિમાનનો નાશ કરવામાં ધૂમકેતુ (નામના) તારા સમાન એવા, ગુરુતાના મહાસાગર એવા જે તીર્થંકર ભગવાનની સ્તુતિ કરવાને માટે અતિશય વિશાળ મતિવાળો બૃહસ્પતિ નામનો દેવ પોતે પણ સમર્થ નથી., તે તીર્થંકર દેવની આ હું પોતે સ્તુતિ કરીશ. ।।૨।।

## Invocation Eight

# Kalyana Mandir (Invocation)

**Kalyāṇamandiramudāramavadyabhēdi I**
**Bhitābhayapradamaninditamaṅghripadmaṃ II**
**Saṃsārasāgaranimajjadaśēṣajantu I**
**Pōtāyamānamatninamya Jinēśvarasya II 1 II**

**Yasya Svayaṃ Suragururgarimāmburāśēḥ I**
**Stōtraṃ Suvistṛtamatirna Vibhurvidhātuṃ II**
**Tirthēśvarasya Kamaṭhasmayadhūmakētō**
**stasyāhamēṣa Kila Saṃstavanaṃ Kariṣyē II**
**II 2 II Yugmaṃ II**

After saluting the lotus like feet of the Supreme Lord of the Jinas, which are of the form of a storehouse of welfare, which are generous, which shatter the sins, which grant fearlessness to the fearful people, which are free from blemishes, which are helping the sinking ship full of people to cross the ocean of worldly life. ||1||

I will myself sing the praise of the of the Lord Tīrthankara, who is like a comet in destrōying the pride of Kamaṭha, and whose praise cannot be properly sung even by Brhaspati, the preceptor of the gods, who is equipped with vast intelligence. ||2||

सामान्यतोपि तव वर्णयितुं स्वरूप- ।
मस्मादृशाः कथमधीश भवन्त्यधीशाः ।।
धृष्टो पि कौशिकशिशुर्यदि वा दिवान्धो ।
रूपं प्ररूपयति किं किल घर्मरश्मेः ।।३।।

હે સ્વામી ! મારા સરખા (મંદ બુદ્ધિવાળા) પુરુષો તમારૂં સ્વરૂપ સામાન્યથી પણ વર્ણન કરવા માટે સમર્થ કેવી રીતે બને ? અથવા હિંમતવાન અને વાચાલ એવું પણ દિવસે આંધળું ઘુવડનું બચ્ચું સૂર્યના સ્વરૂપનું શું વર્ણન કરી શકે ? દિવસે અંધ એવું ઘુવડનું બચ્ચું જેમ સૂર્યનું સ્વરૂપ ન વર્ણવી શકે, તેમ મંદબુદ્ધિવાળા મારા જેવા પુરુષો તમારૂં સ્વરૂપ ન વર્ણવી શકે. ॥૩॥

**Sāmānyatōpi Tava Varṇayituṃ Svarūpa- I**
**Masmādṛśāḥ Kathamadhīśa Bhavantyadhīśāḥ II**
**Dhṛṣṭōpi Kauśikaśiśuryadi Vā Divāndhō II**
**Rūpaṃ Prarūpayati Kaṃ Kila Dharmaraśmēḥ II3II**

O Lord ! How could people like me (who are slow learners), attempt to describe your true nature, even in a general way ? Is it possible for the young owl, howsoever bold and smart it may be, to describe the nature of the Sun ? (Just as a young owl who is blind during day cannto describe the Sun so also a slow person like me cannot attempt to describe your true nature). II3II

मोहक्षयादनुभवन्नपि नाथ मर्त्यो ।
नूनं गुणान् गणयितुं न तव क्षमेत ।।
कल्पान्तवान्तपयसः प्रकटोपि यस्मान् ।
मीयेत केन जलधेर्ननु रत्नराशिः ।।४।।

મોહનીયાદિ ઘાતી કર્મોનો ક્ષય થવાથી (તમારા સર્વ ગુણોને) અનુભવવા છતાં પણ મનુષ્ય તમારા ગુણોનું વર્ણન કરવાને અર્થાત્ ગણવાને માટે હે નાથ ! નિશ્ચે સમર્થ થતો નથી. કારણ કે પ્રલયકાળના તોફાની પવન વડે દૂર કરાયું છે સર્વ પાણી જેનું એવા સમુદ્રનો પ્રગટ થયેલો એવો પણ રત્નોનો રાશિ શું કોઈ વડે ગણી શકાયો છે ? આ રત્નોનો રાશિ પ્રગટ હોવા છતાં જેમ ગણી શકાતો નથી, તેમ તમારા ગુણો અનુભવવા છતાં ગણી શકાતા નથી. ॥૪॥

**Mōhakṣayādanubhavannapi Nātha Martyō I**
**Nūnaṃ Guṇān Gaṇayituṃ Na Tava Kṣamēta II**
**Kalpāntavāntapayasaḥ Prakaṭōapi Yasmān I**
**Mīyēta Kēna Jaladhērnanu Ratnarāśiḥ II 4 II**

O Lord ! A man is indeed unable to describe or enumerate all your good qualities, though he experiences them as a result of the removal of his destructive Karmas such as the Mōhaniya, etc. For, one cannot count the heap of gems beneath the ocean after all the water is removed by the gusty winds at the time of universal dastrution. In the same fashion your good qualities cannot be counted by anyone.॥4॥

अभ्युद्यतोस्मि तव नाथ जडाशयोपि ।
कर्तुं स्तवं लसदसंख्यगुणाकरस्य ।।
बालोपि किं न निजबाहुयुगं वितत्य ।
विस्तीर्णतां कथयति स्वधियाम्बुराशेः ।।५।।

હે નાથ ! હું જડબુદ્ધિવાળો (મૂર્ખ) છું તો પણ દેદીપ્યમાન અસંખ્ય ગુણોના ભંડાર એવા તમારૂં સ્તવન કરવાને હું તત્પર બન્યો છું. કારણ કે બાળક પણ પોતાના બન્ને હાથોને પહોળા કરી પોતાની બુદ્ધિને અનુસારે સમુદ્રનો વિસ્તાર શું નથી સમજાવતો ? એ બાળક જેમ બાલભાવે સમુદ્રનું માપ કહે છે તેમ હું પણ મારી બુદ્ધિ પ્રમાણે તમારૂં સ્તવન કરીશ. ।।૫।।

**Abhyudyatōsmi Tava Nātha Jaḍāśayōpi |**
**Kartuṃ Stavaṃ Lasadasaṅkhyaguṇākarasya ||**
**Bālōpi Kiṃ Na Nijabāhuyugaṃ Vitatya |**
**Vistīrṇatāṃ Kathayati Svadhiyāmburāśēḥ ||5||**

O Lord ! Eventhough I am dull-writted, (yet) I have set out to recite a hymn in you praise, (you) who are a storehouse of innumerable excellences. For, does not even a child attempt to describe the expanse of the ocean by extending his two arms, in terms of his limited intellect ? Just as the child extols the expanse of the ocean in his child like way so also I will praise your excellences in keeping with my limited intellectual powers. ||5||

ये योगिनामपि न यान्ति गुणास्तवेश ।
वक्तुं कथं भवति तेषु ममावकाशः ।।
जाता तदेवमसमीक्षितकारितेयं ।
जल्पन्ति वा निजगिरा ननु पक्षिणोपि ।।६।।

હે નાથ ! તમારા જે ગુણો યોગીઓને પણ વચનગોચર થતા નથી. તે ગુણોનું વર્ણન કરવામાં મારો પ્રવેશ કેમ સંભવે ? તેથી આ પ્રમાણે તો આ સ્તુતિની રચના એ વગર વિચાર્યું કાર્ય થયું. અથવા પક્ષીઓ પણ પોતાની ભાષા વડે યત્કિંચિત્ બોલે છે. સારાંશ કે પક્ષીઓ મનુષ્યની સ્પષ્ટ ભાષા ભલે ન બોલી શકે તથાપિ પોતાની ભાષામાં બોલે છે. તેમ હું પણ વિદ્વાનોની ભાષામાં ભલે ન બોલી શકું, પણ મારી શક્તિ પ્રમાણે તમારી સ્તુતિ કરીશ. ||૬||

**Yē Yōgināmapi Na Yānti Guṇāstavēśa I**
**Vaktuṃ Kathaṃ Bhavati Tēṣu Mamāvakāśaḥ II**
**Jātā Tadēvamasamīkṣitakāritēyaṃ I**
**Jalpanti Vā Nijagirā Nanu Pakṣiṇōpi II 6 II**

O Lord ! How can I embrak on the description of your excellences which are difficult of description even by the Yogins (ascetices) ? For this reason, my attempt to compose this hymn in your praise is a reckless adventure. But even the birds prattle or mutter something with their speech ! Just as the birds, who cannot speak the language of men clearly, still speak in their own speech, similarly although I cannot speak in the language of the learned, still I shall praise you in my own language as per my capacity. ||6||

आस्तामचिन्त्यमहिमा जिन संस्तवस्ते ।
नामापि पाति भवतो भवतो जगन्ति ।।
तीव्रातपोपहतपान्थजनान्निदाघे ।
प्रीणाति पद्मसरसः सरसोनिलोपि ।।७।।

હે જિનેશ્વર પરમાત્મા ! અચિન્ત્ય પ્રભાવવાળું તમારૂં સ્તવન તો દૂર રહો, પરંતુ આપશ્રીનું નામ પણ ત્રણે જગતને ભવથકી રક્ષે છે. ગ્રીષ્મઋતુમાં પ્રચંડ તાપ વડે ત્રાસ પામેલા મુસાફર મનુષ્યોને પદ્મસરોવરનો સૂક્ષ્મ જલકણોવાળો પવન પણ ખુશી ઉપજાવે છે. સારાંશ કે ઠંડો પવન પણ મુસાફર લોકોને જો શીતળતા ઉપજાવે છે તો પાણીની તો વાત જ શું કરવી ? તેમ તમારૂં નામસ્મરણ પણ દુઃખક્ષય કરે છે તો પછી તમારા સ્તવનની તો વાત જ શું કરવી ? ॥૭॥

**Āstāmacintyamahimā Jina Saṃstavastē I**
**Nāmāpi Pāti Bhavatō Bhavatō Jaganti II**
**Tīvrātapōpahatapānthajanānnidāghē I**
**Prīṇāti Padmasarasaḥ Sarasōnilōpi II 7 II**

O Lord Jina ! O Great Soul ! Even your name protects the three worlds from worldly existence, let alone your hymn which has unthinkable power ! Even the breeze, mixed with the spray of the water of the lotus-pond, gladdens the heart of the travelling man who is scorched by the fierce heat of the hot season. In short, when even a cool breeze provides travellers with coolness, what to speak of the cool water of a lake ! Similarly, when even your name, when chanted with devotion, removes misery, what to speak of the power of your hymn ? II7II

हृद्वर्तिनि त्वयि विभो शिथिलीभवन्ति ।
जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ।।
सद्यो भुजंगममया इव मध्यभाग- ।
मभ्यागते वनशिखण्डिनि चन्दनस्य ।।८।।

હે પરમાત્મા ! તમે હૃદયગોચર થયે છતે પ્રાણીઓનાં ચીકણાં એવાં પણ કર્મોનાં બંધનો ક્ષણવારમાં ઢીલાં થઈ જાય છે. જેમ વનનો મોર વનના મધ્યભાગમાં આવે છતે ચંદનના વૃક્ષનાં સર્પોમય બંધનો તરત તુટી જાય છે સારાંશ કે ચંદનના વૃક્ષ ઉપર જંગલનો મોર આવ્યે છતે (જાતિબદ્ધ વૈર હોવાથી) સર્પોનાં બંધનો નીકળી જાય છે તેમ તમે હૃદયમાં આવ્યે છતે ચીકણાં કર્મબંધનો તુટી જાય છે. ॥૮॥

**Hṛdvartini Tvayi Vibhō Śithilībhavanti ।**
**Jantōḥ Kṣaṇēna Nibiḍā Api Karmabandhāḥ ॥**
**Sadyō Bhujaṅgamamayā Īva Madhyabhāga- ।**
**Mabhyāgatē Vanaśikhaṇḍini Candanasya ॥8॥**

O Lord ! When you occupy the hearts of the people, the sticky bonds of the Karmas of the beings become loose in a moment, just as, when the forest peacock comes on the centre stage of the forest, the bonds of the Sandal trees, in the form of the serpents, break loose instantly. The point is that when the forest peacock appears, the serpent departs because there is natural animosity between the two, similarly, when the lord enters our hearts, the bonds of our Karmas are broken loose immediately. ॥8॥

मुच्यन्त एव मनुजाः सहसा जिनेन्द्र ।
रौद्रैरुपद्रवशतैस्त्वयि वीक्षितेपि ।।
गोस्वामिनि स्फुरिततेजसि दृष्टमात्रे ।
चौरैरिवाशु पशवः प्रपलायमानैः ।।९।।

હે જિનેશ્વર પરમાત્મા ! દેદીપ્યમાન તેજ (પ્રભાવ અથવા પરાક્રમ) વાળો સૂર્ય (રાજા) અથવા ગોવાળ દેખતાંની સાથે જ ભાગતા એવા ચોરો વડે જેમ જલ્દી જલ્દી પશુઓ મુકાય છે. તેમ તમો દેખાયે છતે પણ (તમારાં દર્શન થતાંની સાથે જ) મનુષ્યો ભયંકર એવાં સેંકડો જુલમોથી = દુઃખોથી જલ્દી નિયમા મુકાય જ છે. ॥૯॥

**Mucyanta Ēva Manujāḥ Sahasā Jinēndra I**
**Raudrairupadravaśataistvayi Vīkṣitēpi II**
**Gōsvāmini Sphurita Tējasi Dṛṣṭamātrē I**
**Caurairivāśu Paśavaḥ Prapalāya Mānaiḥ II 9 II**

O Lord Jina ! O Supreme Soul ! Just as the cattle-thieves release the captured cattle as soon as they notice the Sun possessed of brilliant light or the Cowherd, Similarly, when you are sighted or seen, men are instantly released from hundreds of fearsome deseases. ||9||

त्वं तारको जिन कथं भविनां त एव ।
त्वामुद्वहन्ति हृदयेन यदुत्तरन्तः ।।
यद्वा दृतिस्तरति यज्जलमेष नून- ।
मन्तर्गतस्य मरुतः स किलानुभावः ।।१०।।

હે જિનેશ્વર દેવ ! ભવ્ય જીવોના તમે "તારક" કેવી રીતે કહેવાઓ ? કારણ કે તે ભવ્ય જીવો જ સંસારસમુદ્રને ઉતરતાં હૃદય દ્વારા તમને (એટલે કે તમને હૃદયમાં) વહન કરે છે. અથવા તો આ ઘટના ઉચિત જ છે કારણ કે પાણી ઉપર જે મશક તરે છે એ તેની અંદર ભરેલા વાયુનો જ ખરેખર પ્રભાવ છે.।।૧૦।।

**Tvaṃ Tārakō Jina Kathaṃ Bhavinānta Ēva I**
**Tvāmudvahanti Hṛdayēna Yaduttarantaḥ II**
**Yadvā Dṛtistarati Yajjalamēṣa Nūna-**
**Mantargatasya Marutaḥ Sa Kilānubhāvaḥ II 10 II**

O Lord ! Jina ! Why is it that you are referred to as the Saviour of the exalted beings/souls ? Because, it is the exalted souls alone that bear you in their hearts, while crossing the ocean of life. Hence, this phenomenon is but proper. For, it is indeed due to the power of the air filled in the billow that the billow floats across the surface of the water. II10II

यस्मिन् हरप्रभृतयोपि हतप्रभावाः ।
सोपि त्वया रतिपतिः क्षपितः क्षणेन ।।
विध्यापिता हुतभुजः पयसाथ येन ।
पीतं न किं तदपि दुर्धरवाडवेन ।।११।।

જે કામદેવ ઉપર હરિ-હર વગેરે દેવો પણ હતપ્રભાવવાળા થયા તે કામદેવ પણ તમારા વડે ક્ષણવારમાં જ નષ્ટ કરાયો, તે ઉચિત જ થયું છે. કારણ કે જે પાણી વડે અગ્નિ બુઝાવાય છે તે જ પાણીને પણ દુઃસહ એવો વડવાનલ શું નથી પી જતો ? અર્થાત્ જે પાણી અગ્નિને બુઝવે તે જ પાણીને વડવાનલ બાળી નાખે, તેમ જે કામદેવ હરિ-હરાદિને દબાવે તે જ કામદેવનો તમે વિજય કરો એ સત્ય જ છે. ॥૧૧॥

**Yasmin Haraprabhṛtayōpi Hataprabhāvāḥ I**
**Sōpi Tvayā Ratipatiḥ Kṣapitaḥ Kṣaṇēna II**
**Vidhyāpitā Hutabhūjaḥ Payasātha Yēna I**
**Pītaṃ Na Kiṃ Tadapi Durdhara Vāḍavēna II 11 II**

Cupid, the god of love, who could not be controlled by Lord Siva and Lord Visṇu, was destroyed by you, my lord, in a fraction of a moment. This is as it should be. For, is it not a fact that the same water which helps us to extinguish the fire, is itself, dried up and drunk by the fire hidden in the ocean ? In other words, the water, which puts down fire is itself burnt down by the Sea-fire. In the same way, Cupid who holds sway over Hari, Hara, etc. is conquered by you. This is the truth. ||11||

स्वामिन्ननल्पगरिमाणमपि प्रपन्ना-
स्त्वां जन्तवः कथमहो हृदये दधानाः ।।
जन्मोदधिं लघु तरन्त्यतिलाघवेन ।
चिन्त्यो न हन्त महतां यदि वा प्रभावः ।।१२।।

હે સ્વામિન્ ! અતિશય ઘણા ગૌરવવાળા એવા પણ આપશ્રીને પામેલા, અને આવા ગૌરવશાલી તમને હૃદયમાં ધારણ કરતા એવા મનુષ્યો સંસારસમુદ્રને અત્યન્ત હળવાફૂલ જેવા થયા છતા જલ્દી જલ્દી તરી જાય છે તે કેવી રીતે બનતું હશે ? સંસારમાં ભારવાળી વસ્તુને જે ધારણ કરે તે ડૂબે પરંતુ ગૌરવવાળા તમને ધારણ કરવા છતાં તરે છે એ એક આશ્ચર્ય છે. અથવા મોટા માણસોનો પ્રભાવ અચિન્ત્ય હોય છે. ॥૧૨॥

**Svāminnanalpa Garimāṇamapi Prapannā-
Stvāṃ Jantavaḥ Kathamahō Hṛdayē Dadhānāḥ ||
Janmōdadhiṃ Laghu Tarantyati Lāghavēna |
Cintyō Na Hanta Mahatāṃ Yadi Vā Prabhāvaḥ
|| 12 ||**

O Lord ! How does it come to pass that people who have attained you who are very heavy because of your great power, and who bear you in their hearts also cross the ocean of worldly life quickly and weightlessly ? Normally, the rule of the world is that one who carries a weighty object, sinks and yet, people who carry you who are great (heavy), are able to float ! This is surprising. But, the power of the great souls is unthinkable. ||12||

क्रोधस्त्वया यदि विभो ! प्रथमं निरस्तो ।
ध्वस्तास्तदा बत कथं किल कर्मचौराः ।।
प्लोषत्यमुत्र यदि वा शिशिरापि लोके ।
नीलद्रुमाणि विपिनानि न किं हिमानी ।।१३।।

હે વિભુ ! જો તમારા વડે ક્રોધ તો પહેલેથી જ નાશ કરાયો છે. તો ખરેખર કર્મોરૂપી ચોરો કેવી રીતે નાશ કરાયા ? કારણ કે ક્રોધ હોય તો જ શત્રુનો નાશ થાય એ રાજમાર્ગ છે. છતાં તમે ક્રોધ વિના શત્રુનો નાશ કર્યો એ એક આશ્ચર્ય છે. અથવા આ સંસારમાં ઠંડો એવો પણ મહા હિમ લીલાંછમ વૃક્ષોવાળા વનોને શું નથી બાળતો ? બાળે જ છે તેમ ભગવાન પણ ઠંડા હોવા છતાં કર્મક્ષય કરનારા છે. ।।૧૩।।

**Krōdhastvayā Yadi Vibhō ! Prathamaṃ Nirastō।**
**Dhvastāstadā Bata Kathaṃ Kila Karmacaurāḥ॥**
**Plōṣatyamutra Yadi Vā Śiśirāpi Lōkē ।**
**Nīladrumāṇi Vipināni Na Kiṃ Himānī ॥ 13 ॥**

O Lord ! You had already destroyed anger in the first place. Then how indeed did you destroy the thieves in the form of Karmas ? For, you can destroy the enemies if you are possessed of anger. This is the royal road, the normal practice. But you have destroyed the enemy (Karma) without anger ! This is surprising. But, does not the exteremely cold snow burn down the forest which are full of green trees ? It does. Similarly, the Lord Jina, although, he is very quiet and calm, brings about the destruction of the Karmas. ॥13॥

त्वां योगिनो जिन सदा परमात्मरूप-
मन्वेषयन्ति हृदयाम्बुजकोशदेशे ।।
पूतस्य निर्मलरुचेर्यदि वा किमन्य-
दक्षस्य सम्भवि पदं ननु कर्णिकायाः ।।१४।।

હે જિનેશ્વર પરમાત્મા ! મહર્ષિ પુરુષો પરમાત્મ સ્વરૂપવાળા એવા તમને હંમેશાં પોતાના હૃદય રૂપી કમળના ડોડાના મધ્યભાગને વિષે જ શોધે છે. અથવા પવિત્ર અને નિર્મળ કાન્તિવાળા એવા કમળના બીજનું કર્ણિકાથી અન્ય - બીજું શું સ્થાન હોઈ શકે ? સારાંશ કે પવિત્ર એવા કમળના બીજનું જેમ કર્ણિકા જ સ્થાન છે. તેમ પરમાત્મસ્વરૂપ એવા તમારૂં યોગીઓનું હૃદયકમલ એ જ સ્થાન છે. ।।૧૪।।

**Tvaṃ Yōginō Jina Sadā Paramātmarūpa- I
Manvēṣayanti Hṛdayāmbuja Kōśadēśē II
Pūtasya Nirmalarucēryadi Vā Kimanya- I
Dakṣasya Samabhavi Padaṃ Nanu Karṇikāyāḥ II 14 II**

O Lord ! Jina ! O Supreme Soul ! The Great Yogins and Sages look for you; the highest soul, always in the core of their lotus hearts. It is indeed true that the precise place for the seed of the sacred lotus is in the Karnika. Similarly, the proper place for you to reside is the hearts of the ascetic Yogins. II14II

ध्यानाज्जिनेश भवतो भविनः क्षणेन ।
देहं विहाय परमात्मदशां व्रजन्ति ।।
तीव्रानलादुपलभावमपास्य लोके ।
चामीकरत्वमचिरादिव धातुभेदाः ।।१५।।

આ સંસારમાં ધાતુઓના ભેદો (માટીમાં મળી ગયેલ સોનું, રૂપું વગેરે ધાતુઓ) તીવ્ર એવા અગ્નિના તાપથી પત્થરભાવને (માટી સાથેના મિશ્રભાવને) છોડીને તુરત જ નિર્મળ સુવર્ણાદિ ભાવને પામે છે. તેમ હે જિનેશ્વર પ્રભુ ! ભવ્યજીવો તમારૂં ધ્યાન કરવાથી ક્ષણવારમાં જ શરીરનો ત્યાગ કરીને આ સંસારમાંથી પરમાત્મ-દશાને પામે છે. ॥૧૫॥

**Dhayānājjinēśa Bhavatō Bhavaniḥ Kṣaṇēna I**
**Dēhaṃ Vihāya Paramātmadaśāṃ Vrajanti II**
**Tīvrānalādupalabhāvamapāsya Lōkē I**
**Cāmīkaratvamacirādiva Dhātubhēdāḥ II 15 II**

Under the influence of severe heat of the fire, the different types of the metals, give up their association with clay and stones and quickly attain their true and pure nature of gold, etc. in this world; similarly, O Lord Jina, the exalted souls, by virtue of their meditation being focussed on your name, give up their bodies and attain to the status of the highest soul. ||15||

अन्तः सदैव जिन यस्य विभाव्यसे त्वं ।
भव्यैः कथं तदपि नाशयसे शरीरम् ।।
एतत्स्वरूपमथ मध्यविवर्तिनो हि ।
यद् विग्रहं प्रशमयन्ति महानुभावाः ।।१६।।

હે જિનેશ્વર પરમાત્મા ! ભવ્ય જીવો વડે જે શરીરની અંદર હંમેશાં તમારૂં ધ્યાન-ચિંતન-મનન કરાય છે. તે જ શરીરનો તમે નાશ કેમ કરો છો ? તેનો ઉત્તર એ છે કે મધ્યવર્તી પુરૂષોનું આ જ સ્વરૂપ છે કે મહાનુભાવવાળા પુરુષો બેની ચાલતી લડાઈને શાન્ત કરે છે. સારાંશ કે તમે મધ્યસ્થી હોવાથી અનાદિ કાળથી ચાલતી શરીર અને આત્માની લડાઈ મટાડવા શરીરનો નાશ કરો છો અને આત્માને મોક્ષે લઈ જાઓ છો. બન્નેને છુટા પાડો છો. ॥૧૬॥

**Antah Sadaiva Jina Yasya Vibhāvysē Tvaṃ I**
**Bhavyaiḥ Kathaṃ Tadapi Nāśayasē Śarīraṃ II**
**Ētatsvarūpamatha Madhyavivartinō Hi I**
**Yad Vigrahaṃ Praśamayanti Mahānubhāvāḥ**
**II 16 II**

O Lord Jina ! O Supreme Soul ! We wonder why you destroy the same body, in which one attempts your meditation, concentration and contemplation ! The answer to this riddle is that the person who is meditating has this nature. That is to say, a person who intervens in the quarrel between two beings, tends to quieten down the quarrel. The point is that as the Lord Jina is an impartial, neutral intervener, he, with a view to end the quarrel between the body and the soul, destroys the body and liberates th soul, thus seperating the two quarreling agents. ||16||

आत्मा मनीषिभिरयं त्वदभेदबुद्ध्या ।
ध्यातो जिनेन्द्र ! भवतीह भवत्प्रभावः ।।
पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानम् ।।
किं नाम नो विषविकारमपाकरोति ।।१७।।

હે જિનેશ્વર પ્રભુ ! વિદ્વાન પુરૂષો વડે તમારી સાથે અભેદ બુદ્ધિ પૂર્વક ધ્યાન કરાતો આ આત્મા તમારા જેવા પ્રભાવ વાળો થાય છે (એમાં કંઈ આશ્ચર્ય નથી) કારણ કે પાણી પણ "આ અમૃત જ છે" એમ વારંવાર ચિંતવાયું છતું (અથવા મણિ-મંત્રાદિથી સંસ્કારાયું છતું) શું વિષના વિકારને દૂર કરતું નથી ? અર્થાત્ પાણી પણ અમૃત બનીને વિષવિકાર દૂર કરે જ છે. તેમ તમારૂં ધ્યાન કરનારાઓનું કર્મવિષ દૂર થવાથી તેઓ પરમાત્મા બને જ છે. ॥૧૭॥

**Ātmā Manīṣibhirayaṃ Tvadabhēdabuddhayā**
**Dhyātō Jinēndra ! Bhavatīha Bhavatprabhāvaḥ ||**
**Pānīyamapyamṛtamityanucintyamānaṃ ||**
**Kiṃ Nāma Nō Viṣavikāramapākarōti || 17 ||**

O Lord, Jina ! This Soul, when meditated upon with a notion of non-difference from you, comes to possess power similar to you. This is not surprising at all. For, when water is thought of as nectar repeatedly (accompannied with the use of magic gems, spells etc.) it is able to really remove the deadly effect of poison. In other words, just as water turns into nectar and removes the effect of poison, so also, the poison in the form of the Karmas of your devotees who meditate on you is removed and they indeed become supreme souls. ||17||

त्वामेव वीततमसं परवादिनोपि ।
नूनं विभो हरिहरादिधिया प्रपन्नाः ।।
किं काचकामलिभिरीश सितोपि शंखो ।
नो गृह्यते विविधवर्णविपर्ययेण ।।१८।।

હે પરમાત્મા ! અન્ય દર્શનકારો પણ રાગ, દ્વેષ અને મોહરૂપી દોષો ચાલ્યા ગયા છે જેમના એવા આપશ્રીને જ હરિ-હર આદિની બુધ્ધિથી શરણે આવેલા છે. કારણ કે હે સ્વામી ! પીળીયાના રોગવાળા મનુષ્યો વડે ધોળો એવો પણ શંખ શું જુદા જુદા રંગના વિપર્યય પૂર્વક ગ્રહણ કરાતો નથી ? જેમ પીળીયાના રોગથી ધોળો શંખ પણ વિવિધવર્ણો ગ્રહણ કરાય છે તેમ મિથ્યાત્વના રોગથી અન્યદર્શનીઓ નિર્મળ એવા પણ તમને હરિ-હર-બ્રહ્મા-વિષ્ણુ આદિના નામે જાણે છે. ।।૧૮।।

**Tvāmēva Vītatamasaṃ Paravādinōpi I**
**Nūnaṃ Vibhō Hariharādidhiyā Prapannāḥ II**
**Kiṃ Kācakāmalibhirīśa Sitōpi Śaṅkhō I**
**Nō Gṛhyatē Vividhavarṇaviparyayēṇa II 18 II**

O Supreme Soul ! The believes of the other faiths and philosophies have also sought refuge with you, who are devoid of any trace of blemishes like attachment and aversion, taking you to be Hari and Hara. O Lord, is it not a fact that a person with jaundiced eye perceives even a white conchshell as having different hues and colours ? Just as the disease called jaundice causes one to view the white conch as having various hues, similarly the followers of other philosophies, due to the disease of the misconceived faiths, view you, who are blemshless and pure, as Hari, Hara etc. ||18||

धर्मोपदेशसमये सविधानुभावा - ।
दास्तां जनो भवति ते तरुरप्यशोकः ।।
अभ्युद्गते दिनपतौ समहीरुहोपि ।
किं वा विबोधमुपयाति न जीवलोकः ।।१९।।

હે પરમાત્મા ! આપશ્રી જ્યારે ધર્મની દેશના આપો છો. તે સમયે આપના સમીપપણાના પ્રભાવથી સ્પષ્ટ ચૈતન્યવાળા મનુષ્યો તો દૂર રહો, પરંતુ અસ્પષ્ટ ચૈતન્યવાળું અશોક વૃક્ષ પણ અશોક (શોક રહિત-પ્રસન્ન) બને છે. કારણ કે સૂર્ય ઉદય પામતે છતે કમલાદિ વનસ્પતિ સહિત એવો જીવલોક શું જાગૃતિ પામતો નથી ? અર્થાત્ સૂર્યોદય સમયે સ્પષ્ટ ચૈતન્યવાળો જીવલોક તો જાગૃત થાય જ. પરંતુ અસ્પષ્ટ ચૈતન્યવાળા કમલાદિ વૃક્ષો પણ ખીલી ઉઠે છે. તેમ તમારા નિકટપણાથી મનુષ્યો તો અશોક બને પરંતુ વૃક્ષ પણ અશોક બને છે. ॥૧૯॥

**Dharmōpadēśa Samayē Savidhānubhāvā- I**
**Dāstāṃ Janō Bhavati Tē Tarurapyaśōkaḥ II**
**Abhyudgatē Dinapatau Samahīruhōpi I**
**Kiṃ Vā Vibōdhamupayāti Na Jīvalōkaḥ II 19 II**

O Supreme Soul ! O Lord ! When you are engaged in giving your holy speech (sermon), due to your nearness, not only the human beings who are endowed with sentience but also the Asoka tree which possessess non-distinct sentience, also becomes happy (i.e. Asoka or free from sorrow), for, does not the world of beings become awakened along with vegelation consisting of lilies, etc., when the Sun arises in the Sky ? The point is that when the Sun rises, not only the world of beings with distinct sensibility but the vegetable world with indistinct sensibility also wakes up; similarly, due to the lord's nearness, not only human beings but also trees like Asoka experience happiness. ||19||

चित्रं विभो ! कथमवाङ्मुखवृन्तमेव ।
विष्वक् पतत्यविरला सुरपुष्पवृष्टिः ।।
त्वद्गोचरे सुमनसां यदि वा मुनीश ।
गच्छन्ति नूनमध एव हि बन्धनानि ।।२०।।

હે પરમાત્મા ! આપશ્રીની ધર્મદેશનાના સમયે ચારે તરફ દેવોએ કરેલી સતત પુષ્પોની વૃષ્ટિ, નીચે છે બીંટ (બંધન) જેનાં એવી જ થઈને કેમ પડે છે ? એ એક આશ્ચર્ય છે. પરંતુ આશ્ચર્ય પામવાની જરૂર નથી. કારણ કે આપશ્રીને દેખ્યે છતે ઉત્તમ મનવાળાનાં (પુષ્પોનાં તથા દેવોનાં અને મહર્ષિઓનાં) કર્મોનાં બંધનો નક્કી નીચે જ જાય છે એમ હે મુનીશ્વર ! તે પુષ્પવૃષ્ટિ સૂચવે છે. પરમાત્માના દર્શનથી જેમ પુષ્પોનાં બંધનો નીચે જાય છે. તેમ સારા મહાત્મા પુરૂષોનાં કર્મોનાં બંધનો પણ નિયમા નીચે જ જાય છે. ॥૨૦॥

Citraṃ Vibhō ! Kathamavāṅmukhavṛntamēva I
Viṣvak Patatyaviralā Surapuṣpvṛṣṭiḥ II
Tvadgōcarē Sumanasāṃ Yadi Vā Munīśa I
Gacchanti Nūnamadha Aēva Hi Bandhanāni
II 20 II

O Lord ! How is it that the flowers showered at the time of your speech (Sermon) fall down with their stems (bonds) at the bottom ? This is surprising but not quite. Because the bonds of the Karmas of the sages (as well as of the gods and the flowers) whose minds are excellent, O excellent sage, always go down when they have a glimpse of you. This is what the shower of flowers suggests. Just as the bonds of the flowers go down on seeing the supreme Soul, so also the bonds of the karmas of the great men go down. II20II

स्थाने गभीरहृदयोदधिसंभवायाः ।
पीयूषतां तव गिरः समुदीरयन्ति ।।
पीत्वा यतः परम सम्मदसंगभाजो ।
भव्याः व्रजन्ति तरसाप्यजरामरत्वम् ।।२१।।

ગંભીર એવા આપશ્રીના હૃદયરૂપી મહાસાગરમાંથી ઉત્પન્ન થયેલી આપશ્રીની વાણીને લોકો "અમૃત પણું" જે કહે છે તે ઉચિત જ છે. અર્થાત્ સાચુંજ છે. કારણ કે તે વાણી રૂપી અમૃતનું પાન કરીને અત્યન્ત આનંદના સંગને પામ્યા છતા ભવ્યજીવો અજરામરપણાને તુરત વેગેવેગે પામે છે. સારાંશ કે જેમ અમૃત પીવાથી માણસો જરા અને મરણ વિનાના બને છે તેમ આપશ્રીની વાણીનું શ્રવણ કરવાથી લોકો જરા અને મરણ વિનાના બને જ છે. માટે આપશ્રીની વાણી અમૃતનું કાર્ય કરનાર હોવાથી લોકો તેને અમૃત કહે છે તે ઉચિત જ છે. ॥૨૧॥

Sthānē Gabhīra Hṛdayōdadhi Sambhavāyāḥ I
Pīyūṣatāṃ Tava Girah Samudīrayanti II
Pītvā Yataḥ Paramasammadasaṅgabhājō I
Bhavyāḥ Vrajanti Tarasāpyajarāmaratvaṃ II 21 II

It is but proper that people call your holy speech, which has arisen from the ocean of your deep heart, as "nectarlike", for, the exhalted souls, who have attained immense bliss by drinking the nectar in the form of your speech (Sermon), attain to the position of immortality at once. The idea is that just as men become immortal by drinking nectar, so also people beçome ageless and immortal after listening to your holy words. Thus, because the lord's speech acts like nectar, it is quite proper that people should call it as 'nectar' ||21||

स्वामिन् ! सुदूरमवनम्य समुत्पतन्तो ।
मन्ये वदन्ति शुचयः सुरचामरौघाः ।।
येस्मै नतिं विदधते मुनिपुंगवाय ।
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ।।२२।।

હે સ્વામી ! ભૂમિ સુધી અતિશય નીચે નમીને ઉપર આવતાં (વીંજાતાં) પવિત્ર એવાં દેવો સંબંધી ચામરોનો સમૂહ આ પ્રમાણે કહેતો હોય એમ અમને લાગે છે કે જે મનુષ્યો મુનિઓમાં શ્રેષ્ઠ (એવા પાર્શ્વનાથ પ્રભુ)ને નમસ્કાર કરશે (અર્થાત્ ભૂમિ સુધી નમશે) તે મનુષ્યો ખરેખર શુદ્ધ સ્વભાવવાળા થયા છતા અવશ્ય (અમારી જેમ જ.) ઊર્ધ્વ ગતિ તરફ જનારા થશે. ॥૨૨॥

**Svāmin ! Sudūramavanamya Samutpatantō I**
**Manyē Vadanti Śucayaḥ Sura Cāmaraughāḥ II**
**Yē' Smai Natiṃ Vidhdhatē Munipuṅgavāya I**
**Tē Nūnamūrdhvagatayaḥ Khalu**
**Śudhdhabhāvāḥ II 22 II**

O Lord ! The group of chowries of the gods, which is waving up by going so low as to touch the ground, seems to be telling us that those of us human beings who will bend so low as to touch the ground while bowing down to this holy monk, will surely purify their nature and attain to the sublime status. ॥22॥

श्यामं गभीरगिरमुज्ज्वलहेमरत्न-
सिंहासनस्थमिह भव्यशिखण्डिनस्त्वाम् ।।
आलोकयन्ति रभसेन नदन्तमुच्चै-
श्चामीकराद्रिशिरसीव नवाम्बुवाहम् ।।२३।।

હે પરમાત્મા ! શ્યામ વર્ણવાળા, ગંભીર વાણીવાળા, અને ઉજ્જવલ એવા સુવર્ણ તથા રત્નોના બનાવેલા સિંહાસન ઉપર બેઠેલા એવા આપશ્રીને ભવ્ય જીવોરૂપી મોરો, અતિશય ભારે ગર્જના કરતા અને ઉંચા એવા મેરૂ પર્વતના શિખર ઉપર ચડી આવેલા જાણે નવીનમેઘ (વાદળઘટા) જ હોય શું ! એમ જુએ છે. ।।૨૩।।

**Śyāmaṃ Gabhīragiramujjavalahēmaratna- ।**
**Siṃhāsanasthamiha Bhavyaśikhaṇḍinastvāṃ ।।**
**Ālōkayanti Rabhasēna Nadantamuccai- ।**
**Ścāmīkarādri-śirasīva Navāmbuvāhaṃ ।। 23 ।।**

O Supreme Soul ! The peacocks in the form of exalted souls, view you, who are dark-hued, deep voiced and sitting on a lion-shaped throne made from resplendent gold and gems, as if you are the new cloud cluster which has mounted on the loftly peak of the Mount Meru and which is letting off a loud rumbling sound ! ।।23।।

उद्‌गच्छता तव शिति-द्युति-मण्डलेन ।
लुप्तच्छदच्छविरशोकतरुर्बभूव ।।
सान्निध्यतोपि यदि वा तव वीतराग ।
निरागतां व्रजति को न सचेतनो पि ।।२४।।

ઉંચે પ્રસરતા (પ્રકાશ પાથરતા) એવા તમારા નીલી કાન્તિવાળા ભામંડલ વડે નાશ પામી છે પોતાના પાંદડાઓની રક્તકાન્તિ જેની એવું અશોક વૃક્ષ થયું છે તે બરાબર ઉચિત જ છે. કારણ કે હે વીતરાગ દેવ ! તમારા સાન્નિધ્યથી સચેતન એવો કયો માણસ વીતરાગતાને ન પામે ? અર્થાત્ તમારા સાન્નિધ્યથી બધા જ પોતાના રાગને (રંગને) ત્યજે છે. ।।૨૪।।

**Udgacchatā Tava Śitidyuti Maṇḍalēna I**
**Luptacchadacchaviraśōkatarurbabhūva II**
**Sānnidhyatōpi Yadi Vā Tava Vītarāga I**
**Nīrāgatāṃ Vrajati Kō Na Sacētanōpi II 24 II**

It is but proper that the Asoka tree has been reduced to a state in which the red lustre of its leaves is lost under the impact of your halo which is bluehued and radiant; for, O Lord ! Vitaraga (lit. one who has lost passion or colour) ! which santient person does not suffer loss of colour (= passion) by contact with you ? In fact, all beings get rid of their passions or colours when they come in contact with you. II24II

भो भोः प्रमादमवधूय भजध्वमेन- ।
मागत्य निर्वृतिपुरीं प्रति सार्थवाहम् ।।
एतन्निवेदयति देव ! जगत्त्रयाय ।
मन्ये नदन्नभिनभः सुरदुन्दुभिस्ते ।।२५।।

અરે અરે હે ભવ્ય જીવો ! તમે પ્રમાદને છોડીને મુક્તિનગરી પ્રત્યે સાર્થવાહ તુલ્ય એવા આ પરમાત્માને ભજો (સેવો) એવો આકાશમાં ચોતરફ અવાજ કરતો તમારો દેવદુંદુભિ ત્રણે જગતના જીવોને નિવેદન કરતો હોય એમ હે પરમાત્મા ! હું માનું છું. ॥૨૫॥

**Bhō Bhōḥ Pramādamavadhūya Bhajadhvamēna-I**
**Māgatya Nirvṛtipurīṃprati Sārthavāhaṃ II**
**Ētannivēdayati Dēva ! Jagattrayāya I**
**Manyē Nadannabhinabhaḥ Suradundubhistē**
**II 25 II**

O Lord ! I believe that the celestial drums that are beaten all around in the sky, in your honour, appear to me, as though, they are telling the beings of the three worlds = "O You, the exalted souls ! do you worship this supreme soul who is like a leader of the group of merchants, which is proceeding towards the city of Liberation. ||25||

उद्योतितेषु भवता भुवनेषु नाथ !
तारान्वितो विधुरयं विहताधिकारः ।।
मुक्ताकलापकलितोच्छ्वसितातपत्र ।
व्याजात्त्रिधा धृततनुर्ध्रुवमभ्युपेतः ।।२६।।

હે નાથ ! આપશ્રી વડે ત્રણે ભુવન પ્રકાશિત કરાયે છતે અનેક તારાઓથી પરિવરેલો અને હણાઈ ગયું છે તેજ જેનું એવો આ ચંદ્ર મોતીઓના સમૂહથી યુક્ત ઉજ્જ્વલ એવા છત્રત્રયના બ્હાનાથી ધારણ કર્યું છે ત્રણ પ્રકારનું શરીર જેણે એવો (શરમીંદો) બન્યો છતો નક્કી (આપના શરણે) આવેલો છે. ॥૨૬॥

**Udyōtitēṣu Bhavatā Bhuvanēṣu Nātha !**
**Tārānvitō Vidhurayaṃ Vihatādhikāraḥ ||**
**Muktākalāpakalitōcchvasitātapatra- |**
**Vyājāttridhā Dhṛtatanurdhruvamabhyupētaḥ ||26||**

O Lord ! When the three worlds are illuminate with light by you, this moon, which is accompained by countless stars and whose lustre is destroyed, has assumed a threefold body in the guise of three umbrellas which are bright with the group of pearls and feeling ashamed, he has surely sought shelter with you. ||26||

स्वेन प्रपूरितजगत्त्रयपिण्डितेन ।
कान्तिप्रतापयशसामिव संचयेन ।।
माणिक्य-हेम-रजतप्रविनिर्मितेन ।
सालत्रयेण भगवन्नभितो विभासि ।।२७।।

ત્રણે જગત વિશેષે ભરાઈ જવાથી (અન્યત્ર ક્યાંય ખાલી સ્થાન ન હોવાથી) પિંડ સ્વરૂપે થયેલો પોતાની કાન્તિ, પ્રતાપ અને યશનો જાણે સંચય જ હોય શું ? એવા માણેક, સુવર્ણ અને રૂપાના બનાવેલા ત્રણ ગઢ વડે હે ભગવાન્ ! આપશ્રી ચોતરફથી શોભો છો. ભગવાનની કાન્તિ નીલાવર્ણની છે. તેથી માણેકનો પ્રથમ ગઢ નીલવર્ણનો છે. ભગવાનનો પ્રતાપ અગ્નિ સમાન પીળો છે તેથી સુવર્ણનો બીજો ગઢ પીતવર્ણનો છે. અને ભગવાનનો યશ ઉજ્જ્વલ છે તેથી રૂપાનો ત્રીજો ગઢ શ્વેતવર્ણનો છે. આ ત્રણે ગઢ એ જાણે ભગવાનના કાન્તિ, પ્રતાપ અને યશનો સંચય જ હોય એમ લાગે છે. ॥૨૭॥

Svēna Prapūrita Jagattrayapiṇḍitēna I
Kāntipratāpayaśasāmiva Sañcayēna II
Māṇikyahēmarajatapravinirmitēna I
Sālatrayēṇa Bhagavannabhitō Vibhāsi II 27 II

O Lord ! You appear attractive from all sides by virtue of the three forstresses made of emeralds, gold and silver, which are as though a collection of your complexion, powers and glory, solidified as a result of the three worlds having become excessively over filled (leaving no empty space at all).

The complexion of the Lord is blue, hence the first fortress of emeralds is blue; the prowess of the lord is yellow like fire hence the second fortress of gold is yellow; the glory of the lord is white, as such the third fortress of silver is white. These three fortresses appear, as if they are the collection of the complexion, prowess and glory of the Lord ! II27II

दिव्यस्रजो जिन ! नमत्त्रिदशाधिपाना-
मुत्सृज्य रत्नरचितानपि मौलिबन्धान् ।।
पादौ श्रयन्ति भवतो यदि वा परत्र ।
त्वत्संगमे सुमनसो न रमन्त एव ।।२८।।

હે પરમાત્મા જિનેશ્વર દેવ ! આપશ્રીને નમસ્કાર કરનારા દેવોના સ્વામી (ઈન્દ્રો)ના રત્ન જડિત એવા પણ મુગટોની હારમાલાને છોડીને પુષ્પોની દિવ્ય એવી માલાઓ આપશ્રીના ચરણોનો જ આશ્રય કરે છે. (પરમાત્માને જ્યારે ઈન્દ્રો નમસ્કાર કરે છે ત્યારે માલાઓ રત્નજડિત અને દેદીપ્યમાન મુગટને છોડીને પણ ભગવાનના ચરણોમાં પડે છે) અથવા આપશ્રીનો સમાગમ થયે છતે પુષ્પો (તથા સારા મનવાળા જીવ) પરપદાર્થમાં રમતા જ નથી. ।।૨૮।।

**Divyasrajō Jina ! Namattridaśādhipānā- I**
**Mutsṛjya Ratnaracitānapi Maulibandhān II**
**Pādau Śrayanti Bhavatō Yadi Vā Paratra I**
**Tvatsaṅgamē Sumanasō Na Ramanta Ēva II 28 II**

O Lord Jina ! The celestial garlands of flowers, renounce the rows of gem-studed crowns of the lords of the gods who bow down to you and resort to your feet alone - it is but proper that good natured beings as also the flowers, when they come into contact with you, do not show interest in any other object. II28II

त्वं नाथ ! जन्मजलधेर्विपराङ्मुखोपि ।
यत्तारयस्यसुमतो निजपृष्ठलग्नान् ।।
युक्तं हि पार्थिवनिपस्य सतस्तवैव ।
चित्रं विभो ! यदसि कर्मविपाकशून्यः ।।२९।।

હે નાથ ! સંસાર રૂપી સમુદ્રથી વિશેષે પરાઙ્મુખ થયેલા એવા પણ તમે પોતાની પાછળ લાગેલા પ્રાણીઓને જે તારો છો તે માટીના ઘડાના દૃષ્ટાન્તતુલ્ય એવા આપશ્રીને જ યોગ્ય છે. પરંતુ આશ્ચર્ય એ છે કે હે પરમાત્મા ! તમે તો કર્મોના વિપાકથી શૂન્ય છો. સારાંશ એ છે કે તમે ચૌદ રાજલોકમય સંસાર છોડી ઉપર સિદ્ધશિલામાં વસ્યા છો. એટલે સંસારથી પરાઙ્મુખ થયા છો, છતાં જે પ્રાણીઓ આ મૃત્યુલોકમાં તમારી સેવા, ભક્તિ અને રત્નત્રયીની આરાધના કરવા દ્વારા તમારી પાછળ જ મન આપીને લાગેલા છે તે સર્વને તમે સંસારથી તારો છો, તે બરાબર તમને જ ઉચિત છે કારણ કે તમે માટીના ઘડા જેવા છો. માટીનો ઘડો પાણી ઉપર ઉંધા મુખે રાખ્યો હોય તો તે તરે અને તેને લાગેલાને તારે જ છે., પરંતુ તેમાં એક જ આશ્ચર્ય છે કે ઘડો પાણી ઉપર ચાલવાની ક્રિયા કરે છે અને તારે છે જ્યારે તમે તો આવી ક્રિયા અને કર્મોના વિપાક વિનાના છો અને પ્રાણીઓને તારો છો. ॥૨૯॥

**Tvaṃ Nātha ! Janmajaladhērviparāṅmukhōpi I**
**Yattārayasyasumatō Nija Pṛṣṭhalagnān II**
**Yuktaṃ Hi Pārthivanipasya Satastavaiva I**
**Citraṃ Vibhō ! Yadasi Karmavipākaśūnyaḥ II29II**

O Lord ! It behoves you, who are comparable to a pot of clay, that while you have completely turned your face against the ocean of worldly life, you still act as a saviour of the beings who have clung to your back. But, what surprises us, O Lord, is that you are totally devoid of the effects of the Karmas. II29II

The Lord has renounced the worldly life and established himself on the Siddhaśilā, so he is averse to worldly life; and yet he saves those people who worship him and cling to him. Hence, his kidness is obvious. He thus resembles a clay-pot which, when kept with its mouth up floats on water and helps others to cross the stream. But the pot has the activity and its fruit, but the lord is free from it. II29II

विश्वेश्वरोपि जनपालक । दुर्गतस्त्वं ।
किं वाक्षरप्रकृतिरप्यलिपिस्त्वमीश ! ।।
अज्ञानवत्यपि सदैव कथंचिदेव ।
ज्ञानं त्वयि स्फुरति विश्व-विकास-हेतुः ।।३०।।

સર્વ જીવોનું પાલન કરનારા હે પરમાત્મા ! તમે ત્રણે જગતના સ્વામી છો છતાં દરિદ્રી છો. આ અર્થ કેમ સંગત થાય ? એટલે દુર્ગત (દુઃખે દુઃખે સમજાઓ) એવા તમે છો. તથા હે સ્વામી ! શાન્તિનાથ પાર્શ્વનાથ આદિ અક્ષરોના સ્વભાવવાળા તમે છો છતાં લિપિ વિનાના છો. આ પણ કેમ સંભવે ? એટલે અક્ષર = નિશ્ચળ - શાશ્વતસ્વભાવવાળા - મોક્ષ સ્વરૂપવાળા છો અને તેથી અલિપિ કર્મના લેપ વિનાના છો. તથા હે પરમાત્મા ! અજ્ઞાન વાળા એવા પણ તમારા વિષે હંમેશાં વિશ્વનો પ્રકાશ કરવામાં કારણભૂત એવું જ્ઞાન સ્ફુરાયમાન થાય જ છે અહીં અજ્ઞાનવાન હોય તો જ્ઞાન થાય છે એ અર્થ કેમ ઘટે ? તેથી अज्ञान् अवति = અજ્ઞાનીઓનું રક્ષણ કરનારા એવા તમારામાં જ્ઞાન સ્ફુરાયમાન થાય છે. એવો અર્થ કરવો. ॥૩૦॥

**Viśvēśvarōpi Janapālaka ! Durgatastvaṃ I**
**Kiṃ Vākṣaraprakṛtirapyalipistvamīśa II**
**Ajñānavatyapi Sadaiva Kathañcidēva I**
**Jñānaṃ Tvayi Sphurati Viśva Vikāsa Hētuh II 30 II**

O Lord ! O Protector of the three worlds. Although you are the lord of the three worlds, you are a pauper. How to reconcile these two ideas ? Where the word 'Durgata' must be taken to mean - 'One who is known with great difficulty.' Again, O Lord, you who are named by letters such as Śāntinātha, Pārśvanātha, etc. and yet you are without a script ! How to reconcile these apposite ideas ? Here we must take the word 'Alipih' to mean 'one who is free from the influence of the Karmas.' Besides, O supreme Soul ! You are devoid of knowledge and yet the knowledge which causes the menifestation of the Universe, surely, shines forth in you somehow or other. How is this possible ? Here, we must take the expression Ajnanavati as "Ajnan Avati' which means - 'one who protects the ignorant beings.' Thus knowledge does shine forth in him. II30II

प्राग्भार-संभृत-नभांसि रजांसि रोषा-
दुत्थापितानि कमठेन शठेन यानि ।।
छायापि तैस्तव न नाथ ! हता हताशो ।
ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ।।३१।।

લુચ્ચા એવા કમઠ નામના અસુર વડે રોષથી સમગ્રપણે ભરી દીધું છે આકાશ જેણે એવી જે ધૂળ, રજ ઉડાડી, તે રજ વડે હે નાથ ! તમારી તો છાયા-કાન્તિ પણ ન હણાઈ, પરંતુ હતાશ થયેલો આ જ દુરાત્મા તે રજ વડે - કર્મરૂપી રજ વડે લેપાયો. બંધાયો. ॥૩૧॥

**Prāgbhāra Sambhṛtanabhāṃsi Rajāṃsi Rōṣā-|**
**Dutthāpitāni Kamaṭhēna Śaṭhēna Yāni ||**
**Chāyāpi Taistava Na Nātha ! Hatā Hatāśō |**
**Grastastvamībhirayamēva Paraṃ Durātmā**
**|| 31 ||**

The dust which was raised, with anger, by the rougue named Kamaṭha, the dust which filled the entire sky, O Lord, did not succeed in ruining your grace and complexion even a little bit, but on the contrary, the evil-minded Kamaṭha himself was bound by the same dust of the Karmas. ||31||

यद् गर्ज्जदुर्ज्जितघनौघमदभ्रभीमं ।
भ्रश्यत्तडिन्मुसलमांसलघोरधारम् ।।
दैत्येन मुक्तमथ दुस्तरवारि दध्रे ।
तेनैव तस्य जिन दुस्तरवारिकृत्यम् ।।३२।।

ગર્જના કરતાં અતિશય ગાઢ વાદળાંનો સમૂહ છે જેમાં એવું, અતિશય ઘણો જ ભય ઉપજાવે તેવું, ચોતરફ પડતી છે વિજળીઓ જેમાં એવું, સાંબેલાના જેવી જાડી અને ઘોર છે ધારાઓ જેમાં એવું, અને દુઃખે તરી શકાય એવું પાણી તે દુષ્ટ કમઠ વડે હે પરમાત્મા ! તમારા ઉપર જે વરસાવાયું તે પાણીથી (તમારી તો કાન્તિ જરા પણ દબાઈ નહીં પરંતુ) તે કમઠને જ આ સંસાર દુઃખે તરાય એવું દુસ્તરજલનું કાર્ય કરાયું. ॥૩૨॥

Yad Garjjadurjjitaghanaugamadabhrabhīmaṃ I
Bharśyattāḍinmusalamāṃsalaghōradhāraṃ II
Daityēna Muktamatha Dustaravāri Dadhrē I
Tēnaiva Tasya Jina Dustaravārikṛtyaṃ II32II

O Lord, the water, which is difficult to swim across, in which there is a multitude of rumbllings, dense cloulds, which causes grave danger, in which lightenings strike all sides, in which there are torrents as thick and fierce as the edge of a pestle which wās caused to lash you by the crooked dēmon Kamatha, (did not in the least supress your splendour but) turned out to be harmful to Kamaṭha himself and made it difficult for him to swim over the ocean of life. II32II

ध्वस्तोर्ध्वकेशविकृताकृतिमर्त्यमुण्ड- ।
प्रालम्बभृद् भयदवक्त्रविनिर्यदग्निः ।।
प्रेतव्रजः प्रतिभवन्तमपीरितो यः ।
सोऽस्याभवत्प्रतिभवं भवदुःखहेतुः ।।३३।।

ખભા ઉપર ચોતરફ છુટા છુટા વિખરાયેલા અને લાંબા લાંબા કેશવાળી ભયંકર છે આકૃતિ જેની એવો તથા મનુષ્યોનાં મસ્તકોની હારમાલાને ગળામાં ધારણ કરતો એવો, તથા ભય ઉપજાવે તેવો મુખમાંથી નિકળતો વિચિત્ર છે અગ્નિ જેને એવો જે ભૂતડાંઓનો સમૂહ આપશ્રી તરફ મુકાયો. તે પ્રેતસમૂહ આ કમઠને જ પ્રત્યેક ભવોમાં સંસારના દુઃખનું કારણ થયો. ॥૩૩॥

**Dhvastōrdhvakēśavikṛtākṛtimartyamuṇḍa- I**
**Prālañbabhṛd Bhayadavaktraviniryadagniḥ!!**
**Prētavrajaḥ Pratibhavantamapīritō Yaḥ I**
**Sō Syā Bhavatpratibhavaṃ Bhavaduḥkhahētuḥ**
**II33II**

O Lord ! The group of ghosts, which bear in their necks the garlands of human skulls whose appearances are fearsome on account of their long hair and frightful shoulder and from whose strange looking and frightening mouths fire is coming out, which was let loose towards you, (did no harm to you but) became the cause of grief to this Kamatha in life after life. ||33||

धन्यास्त एव भुवनाधिप ! ये त्रिसन्ध्य-
माराधयन्ति विधिवद् विधूतान्यकृत्याः ।।
भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः ।
पादद्वयं तव विभो भुवि जन्मभाजः ।।३४।।

હે ત્રણે ભુવનના સ્વામી જિનેશ્વર પ્રભુ ! ત્યજી દીધાં છે અન્ય કાર્યો જેણે એવા અને ભક્તિ દ્વારા ઉલ્લાસ પામતાં રોમાંચ દ્વારા વ્યાપ્ત છે શરીરના અવયવો જેના એવા જે મનુષ્યો આ પૃથ્વી ઉપર તમારા ચરણયુગલને ત્રણે સંધ્યાએ વિધિપૂર્વક આરાધે છે. તે જ મનુષ્યો ધન્ય છે. ।।૩૪।।

**Dhanyāsta Ēvā Bhuvanādhipa ! Yē Trisandhya- ।**
**Mārādhayanti Vidhivad Vidhūtānyakṛtyāḥ ।।**
**Bhaktyōllasatpulakapakṣmaladēhadēśāḥ ।**
**Pādadvayaṃ Tava Vibhō Bhuvi Janmabhājaḥ**
**।।34।।**

O Lord Jina ! O Lord of the three worlds ! Those alone are blessed who worship you all the three twilights in a day; (the men) who have given up all other activities and who experience the joy of devotion. ।।34।।

अस्मिन्नपारभववारिनिधौ मुनीश ।
मन्ये न मे श्रवणगोचरतां गतोसि ।
आकर्णिते तु तव गोत्रपवित्रमन्त्रे ।
किं वा विपद्विषधरी सविधं समेति ।।३५।।

અપાર એવા સંસાર રૂપી આ મહાસાગરમાં હે મુનીશ્વર પ્રભુ ! હું માનું છું કે આપશ્રી મારા કર્ણગોચર થયા જ નથી. (અર્થાત્ ભૂતકાળમાં મેં પારમાર્થિકપણે આપશ્રીનું નામ શ્રવણગોચર કર્યું નથી એમ લાગે છે) કારણ કે પવિત્ર એવો આપશ્રીના નામ રૂપી મંત્ર જો સાંભળ્યો હોત તો વિપત્તિઓરૂપી વિષને ધારણ કરવાવાળી નાગણી (મારી) સમીપમાં કેમ આવી હોત ! તમારૂં નામ જેણે સાંભળ્યું હોય તેને વિપત્તિ આવે જ નહીં. ॥૩૫॥

**Asminnapārabhavavārinidhau Munīśa |**
**Manyē Na Mē Śravaṇagōcaratāṃ Gatōsi ||**
**Ākarṇitē Tu Tava Gōtrapavitramantrē |**
**Kiṃ Vā Vipadviṣadharī Savidhaṃ Samēti ||35||**

O Lord of the Monks ! I think I have not had the good fortune to hear your holy name in this vast ocean of life (i.e. I have not really had the benefit of hearing your name in the past); for, if I had heard your sacred name chant, then, the poisonous serpent in the form of adversities would never have come to me. One who has heard your name does not experience adverse happenings. ||35||

जन्मान्तरेपि तव पादयुगं न देव ।
मन्ये मया महितमीहितदानदक्षम् ।।
तेनेह जन्मनि मुनीश पराभवानाम् ।
जातो निकेतनमहं मथिताशयानाम् ।।३६।।

હે દેવ ! મનને ઈષ્ટ પદાર્થોનું દાન કરવામાં દક્ષ (ચતુર) (અર્થાત્ તુરત મનવાંછિત પૂરનાર) એવું આપશ્રીનું ચરણયુગલ ગયેલા જન્મોમાં મારા વડે પૂજાયું નહિ હોય એમ હું માનું છું તે કારણથી જ હે મુનીશ્વર પ્રભુ ! મનના મનોરથોને ભાંગી નાખનારા એવા પરાભવોનું (દુઃખોનું) આ ભવમાં હું સ્થાન બન્યો છું. ॥૩૬॥

**Janmāntarēpi Tava Pādayugaṃ Na Dēva |**
**Manyē Mayā Mahitamīhitadānadakṣaṃ ||**
**Tēnēha Janmani Munīśa Parābhavānāṃ |**
**Jātō Nikētanamahaṃ Mathitāśayānāṃ ||36||**

O Lord ! I believe I did not worship your feet in the previous life - the feet which are deft in awarding objects which are dear to one's heart; for this reason it is that I am being subjected to defeats and sorrows that shatter my desires in this life. ||36||

नूनं न मोहतिमिरावृतलोचनेन ।
पूर्वं विभो सकृदपि प्रविलोकितोसि ।।
मर्माविधो विधूरयन्ति हि मामनर्थाः ।
प्रोद्यत्प्रबन्धगतयः कथमन्यथैते ।।३७।।

હે વિભુ ! મોહ રૂપી અંધકારથી અંધ બન્યાં છે લોચન જેનાં એવા મારા વડે ભૂતકાળમાં એકવાર પણ આપશ્રી ભાવપૂર્વક ખરેખર જોવાયા નથી. અન્યથા (એટલે કે જો ભાવપૂર્વક આપશ્રીનાં દર્શન કર્યાં હોત તો) મર્મને વિંધનારા, અને દિનપ્રતિદિન વૃધ્ધિ પામતી છે પરંપરાની શ્રેણી જેની એવા આ અનર્થો (મુશ્કેલીઓ) મને કેમ પીડી શકે ? જો ભાવથી તમારાં દર્શન કર્યાં હોત તો એક પણ મુશ્કેલી મને પીડી શકત નહીં ॥૩૭॥

**Nūnaṃ Na Mōhatimirāvṛtalōcanēna I**
**Pūrvaṃ Vibhō Sakṛdapi Pravilōkitōsi II**
**Marmāvidhō Vidhūrayanti Hi Māmanarthāḥ I**
**Prōdyōtprabandhagatayaḥ Kathamanyathaitē**
**II 37 II**

O Lord ! I have become blind due to the darkness of ignorance and infatuation; I did not see you even once with love and devotion. Otherwise (i.e. If I had seen you with love and affection), how could these ever increasing chains of afflictions, which are heart-rending, trouble me like this ? In short, I would have been troble-free if I had seen you with love. II37II

आकर्णितोपि महितोपि निरीक्षितोपि ।
नूनं न चेतसि मया विधृतोसि भक्त्या ।।
जातोस्मि तेन जनबान्धव ! दुःखपात्रं ।
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ।।३८।।

પાછળના ભવોમાં આપશ્રીને મેં કદાચ સાંભળ્યા હશે, પૂજ્યા હશે, અને જોયા પણ હશે, પરંતુ ભક્તિપૂર્વક ચિત્તમાં ધારણ કર્યા નહીં હોય, તે કારણથી જ હે જનબંધુ ! આ ભવમાં હું દુઃખોનું ભાજન બન્યો છું. કારણ કે ભાવ વિનાની કરાયેલી ક્રિયા ફળદાયી થતી નથી. ॥૩૮॥

**Ākarṇitōpi Mahitōpi Nirīkṣitōpi I**
**Nūnaṃ Na Cētasi Mayā Vidhṛtōsi Bhaktyā II**
**Jātōsmi Tēna Janabāndhava ! Duḥkhapātraṃ I**
**Yasmāt Kriyā Pratiphalanti Na Bhāvaśūnyāḥ**
**II 38 II**

In the previous births, I might have heard you, worshipped you and seen you but not received you in my heart with love and devotion. O Friend, I have been miserable and prayers without devotion bear no fruit. ||38||

त्वं नाथ ! दुःखिजनवत्सल ! हे शरण्य ! ।
कारुण्यपुण्यवसते वशिनां वरेण्य ।।
भक्त्या नते मयि महेश ! दयां विधाय ।
दुःखाङ्कुरोद्दलनतत्परतां विधेहि ।।३९।।

હે નાથ ! હે દુઃખી જીવોને વિષે દયાળુ ! હે શરણ યોગ્ય ! હે કરૂણાના પવિત્ર સ્થાનરૂપ ! હે જિતેન્દ્રિય એવા મુનીઓને વિષે શ્રેષ્ઠ, તથા હે મહેશ ! ભક્તિથી નમેલા એવા મારા વિષે કૃપા કરીને દુઃખો રૂપી અંકુરાઓને ઉખેડવાના કામમાં તત્પરતા કરો. ॥૩૯॥

**Tvaṃ Nātha ! Duḥkhijanavatsala ! Hē Śaraṇya ! I**
**Kāruṇyapuṇyavasatē Vasināṃ Varēṇya II**
**Bhaktyā Natē Mayi Mahēśa ! Dayāṃ Vidhāya I**
**Duḥkhāṅkurōddalanatatparatāṃ Vidhēhi II 39 II**

O Lord ! O you, who are kind towards the troubled ! O you, who are fit to be a refuge ! O you, who are so compassionate ! O You, who are a leader among the monks who have conquered their senses ! And O great Lord ! Kindly be prompt in removing the sprouts of misery from devotees like me. II39II

निःसंख्यसारशरणं शरणं शरण्य-
मासाद्य सादितरिपु प्रथितावदातम् ।।
त्वत्पादपंकजमपि प्रणिधानवन्ध्यो ।
वध्योस्मि चेद् भुवनपावन ! हा हतोस्मि ।।४०।।

અપાર બળના ભંડાર એવું, શરણ લેવા યોગ્ય એવું, નાશ કર્યા છે શત્રુઓ જેણે એવું, અને પ્રસિદ્ધ છે પ્રભાવ જેનો એવું તમારૂં ચરણકમળનું શરણ પામવા છતાં પણ ધ્યાનાદિ ગુણોથી રહિત એવો હું રાગાદિ શત્રુઓ વડે હણાયો છું. તે હે ત્રણ ભુવનના પાલક પ્રભુ ! મારા જ દુર્ભાગ્ય વડે હું દબાયેલો છું. ઉત્તમ નિમિત્ત મળવા છતાં પણ મારૂં કલ્યાણ થયું નથી. તેમાં મારૂં ઉપાદાન જ નબળું છે. ॥૪૦॥

**Nihsaṅkhyasāraśaraṇaṃ Śaraṇaṃ Śaraṇya- I**
**Māsādya Sāditaripuprathitāvadātaṃ II**
**Tvatpādapaṅkajamapi Praṇidhānavandhyō I**
**Vadhyōsmi Cēd Bhuvanapāvana ! Hā Hatōsmi II 40 II**

Although I have obtained the shelter of your lotus feet, which are a store house of immeasurable power, which are worthy of taking refuge with, which have destroyed the enemies (like passion, aversion etc.) and whose prowess is well known, yet, because I am devoid of virtues like meditation, etc., I am slain by enemies such as attachment, aversion, etc. O Lord of the three worlds, I am overpowered by my own misfortune. It is because of my weak fate that I am deprived of the final bliss, although I have been blessed with an excellent opportunity. II40II

देवेन्द्रवन्द्य विदिताखिलवस्तुसार ।
संसारतारक विभो भुवनाधिनाथ ।।
त्रायस्व देव ! करूणाह्रद मां पुनीहि ।
सीदन्तमद्य भयदव्यसनाम्बुराशेः ।।४१।।

દેવેંદ્રો વડે વંદન કરવા યોગ્ય, જાણ્યો છે સર્વ વસ્તુઓનો સાર જેણે એવા, સંસારથી તારનારા, ત્રણે ભુવનના સ્વામી, કરૂણાના મહાસાગર, એવા હે પરમાત્મા વીતરાગ દેવ ! ભયંકર એવા દુ:ખોના દરીયાથી પીડાતા એવા મારૂં આજે રક્ષણ કરો, રક્ષણ કરો, અને મને પવિત્ર કરો, પવિત્ર કરો. ॥૪૧॥

**Dēvēndravandya Viditākhilavastusāra |**
**Saṃsāratāraka Vibhō Bhuvanādhinātha ||**
**Trāyasva Dēva ! Karūṇāhṛda Māṃ Punīhi |**
**Sīdantamadya Bhayadavyasanāñburāśēḥ || 41 ||**

O Lord ! O you who are fit to be worshipped by the lord of the gods ! You who have known the essence of all the things ! O saviour from the wordly life, O Lord of the three worlds, O you who are the ocean of mercy, be kind and protect me again and again, I am trobled by the oceans of grave misery Purify me. ||41||

यद्यस्ति नाथ ! भवदङ्घ्रिसरोरुहाणाम् ।
भक्तेः फलं किमपि संततिसंचितायाः ।।
तन्मे त्वदेकशरणस्य शरण्य ! भूयाः ।
स्वामी त्वमेव भुवनेत्र भवान्तरेपि ।।४२।।

હે નાથ ! ઘણા સમયની પરંપરાથી એકઠી કરેલી આપશ્રીના ચરણોરૂપી કમલોની ભક્તિનું જો કંઈ પણ ફળ હોય તો હે શરણ લેવા યોગ્ય પરમાત્મા ! તમે જ એક શરણ છો જેને એવા મારા આ ભુવનમાં અને ભવાન્તરમાં પણ તમે જ સ્વામી હોજો. ॥૪૨॥

**Yadyasti Nātha ! Bhavadanghrisarōruhāṇām I**
**Bhaktēḥ Phalaṃ Kimapi Santatisañcitāyāḥ II**
**Tanmē Tvadēkaśaraṇasya Śaraṇya ! Bhūyāḥ I**
**Svāmī Tvamēva Bhuvanētra Bhavāntarēpi II42II**

O Lord ! If there is any fruit of the devotion of your lotus feet, the devotion which has accumulated over a long period of time, then, O Lord, you who are worthy of being a refuge, let that fruit be : 'you should be my lord and master'; for me, you are the only lord, in this world as well as in the life hereafter. II42II

इत्थं समाहितधियो विधिवज्जिनेन्द्र ! ।
सान्द्रोल्लसत्पुलककंचुकितांगभागाः ।।
त्वद्‌बिम्बनिर्मलमुखाम्बुजबद्धलक्ष्याः ।
ये संस्तवं तव विभो रचयन्ति भव्याः ।।४३।।

સાવધાન (સજાગ) બુધ્ધિવાળા, અને અતિશય હર્ષથી ઉલ્લાસ પામતાં એવાં રોમાંચો દ્વારા પ્રસન્ન છે શરીરના ભાગો જેના એવા, તથા તમારી જ પ્રતિમાના નિર્મલ મુખ કમલ ઉપર બાંધ્યું છે લક્ષ્ય જેઓએ એવા જે જે મનુષ્યો હે જિનેશ્વર પ્રભુ ! આ પ્રમાણે તમારૂં સ્તવન રચે છે. (ભણે છે, ગાય છે, કહે છે). ।।૪૩।।

**Ittham̤ Samāhitadhiyō Vidhivajjinēndra ! I**
**Sāndrōllasatpulakakañcukitāṅgabhāgāḥ II**
**TvadibimbanirmalamukhāmbujabaddhalakṣyāḥI**
**Yē Sam̤stavanam̤ Tava Vibhō Racayanti Bhavyāh**
**II 43 II**

O Lord Jina ! Those men, who are possessed of prompt and alert intellect, who are joyous and who have focused their attention on you pure lotus face, recite, sing and compose your hymn..... II43II

जननयनकुमुदचन्द्र, !
प्रभास्वराः स्वर्गसम्पदो भुक्त्वा ।।
ते विगलितमलनिचया,
अचिरान्मोक्षं प्रपद्यन्ते ।।४४।।

મનુષ્યોના નેત્રરૂપી કુમુદ માટે ચંદ્રસમાન એવા હે પરમાત્મા ! તે મનુષ્યો પ્રકાશ વડે દેદીપ્યમાન એવી સ્વર્ગની સંપત્તિઓ ભોગવીને દૂર થયો છે કર્મોના મલનો સમૂહ જેનો એવા થયા છતા, જલ્દી જલ્દી મોક્ષે જાય છે. (અર્થાત્ મોક્ષને પામે છે.). ॥૪૪॥

**Jananayanakumudacandra,**
**Prabhā Svarāh Svargasampadō Bhūktvā ||**
**Tē Vigalitamalanicayā,**
**Acirānmōkṣaṃ Prapadyantē || 44 ||**

..... O Lord, you who are like the moon to the lily, after they enjoy the dazzling heavenly wealth and get rid of the dirt of Karmas, they speedily attain liberation. ||44||

# બૃહત્છાન્તિ સ્તોત્ર (સ્મરણ)
## નવમું સ્મરણ

भो भो भव्याः ! शृणुत वचनं प्रस्तुतं सर्वमेतद् ।
ये यात्रायां त्रिभुवनगुरोरार्हता भक्तिभाजः ।।
तेषां शान्तिर्भवतु भवतामर्हदादिप्रभावा-
दारोग्यश्रीधृतिमतिकरी क्लेशविध्वंसहेतुः ।।१।।

હે હે ભવ્ય જીવો ! પ્રાસંગિક આ સર્વ વચન તમે સાંભળો, કે ત્રણ ભુવનના ગુરુ એવા શ્રી પરમાત્માની તીર્થયાત્રામાં જે મનુષ્યો અરિહંત ભગવન્તોની ભક્તિ કરનારા છે તેઓને (ઘરે) અરિહંતાદિ ભગવન્તોના પ્રભાવથી આરોગ્ય, લક્ષ્મી, ધીરજ અને બુદ્ધિને કરનારી અને ક્લેશ-કંકાસના વિનાશનું કારણ એવી શાન્તિ થજો. શાન્તિ થજો. ॥૧॥

## Invocation Nine
# Bruhatchhanti Stotra (Invocation)

Bhō Bhō Bhavyāḥ ! Śṛṇuta Vacanaṃ Prastutaṃ Sarvamētad I

Yē Yātrāyāṃ Tribhuvanagurōrārhatāṃ BhaktibhājaḥII

Tēṣāṃ Śāntirbhavatu Bhavatāmarhadādi prabhāvā- I

Dārōgyaśrīdhṛtimatikarī Kalēśavidhvaṃsahētuḥ II1II

O you exalted Souls ! May you listen to these teachings, that those men who are devotees of the Lords Arihanta, during their pilgrimage of the Supreme Souls, the lords, who are the lords of the three worlds, may they have peace in their houses through the power of Lord Arihanta, the peace which brings about health, wealth, patience and itelligence and without any quarrel and fight. II1II

भो भो भव्यलोका ! इह हि भरतैरावतविदेहसंभवानां समस्ततीर्थकृतां जन्मन्यासनप्रकम्पानन्तरमवधिना विज्ञाय सौधर्माधिपतिः सुघोषाघंटाचालनानन्तरं सकल-सुरासुरेन्द्रैः सह समागत्य सविनयमर्हद्भट्टारकं गृहीत्वा, गत्वा कनकाद्रिशृङ्गे विहितजन्माभिषेकः शान्तिमुद्घोषयति, यथा ततोहम् कृतानुकारमिति कृत्वा महाजनो येन गतः स पन्थाः इति भव्यजनैः सह समेत्य स्नात्रपीठे स्नात्रं विधाय शान्तिमुद्घोषयामि, तत्पूजायात्रास्नात्रादिमहोत्सवानन्तरमिति कृत्वा, कर्णं दत्वा निशम्यतां निशम्यतां स्वाहा ।।

અરે અરે હે ભવ્ય લોકો ! આ જ મૃત્યુલોકમાં ભરતક્ષેત્ર, ઐરાવત ક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્રમાં જન્મેલા સર્વ તીર્થંકર ભગવન્તોના જન્મ સમયે આસન કંપાયમાન થયા પછી અવધિજ્ઞાનથી (પ્રભુનો જન્મ) જાણીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકનો સ્વામી સુઘોષા નામની ઘંટા વગડાવ્યા પછી સર્વ દેવો, દાનવો અને ઈન્દ્રો સાથે આવીને વિનય પૂર્વક અરિહંત ભગવાનને હાથમાં લઈને મેરૂ પર્વતના શિખર ઉપર જઈને કર્યો છે પરમાત્માનો જન્માભિષેક જેઓએ એવા તે ઈન્દ્ર જેમ શાન્તિ થાઓ, શાન્તિ થાઓ એવી શાન્તિની ઉદ્‌ઘોષણા કરે છે. તેવી જ રીતે કરેલાનું અનુકરણ કરવું જોઈએ એમ સમજીને તથા મોટા માણસો (ઈન્દ્રાદિ દેવો)

જે માર્ગે ગયા હોય તે જ સાચો માર્ગ છે એમ સમજીને ભવ્ય જીવોની સાથે મળીને સ્નાત્ર ભણાવવાની પીઠિકા ઉપર સ્નાત્ર કરીને હું પણ શાન્તિની ઉદ્દ્ઘોષણા કરૂં છું. તેથી તે પરમાત્માની પૂજા, યાત્રા, અને સ્નાત્રાદિનો મહોત્સવ કર્યા પછી કાન દઈને તમે સાંભળો, તમે સાંભળો.

**Bhō Bhō Bhavyalōkā Īha Hi Bharatairāvata Vidēhasambhavānāṃ Samastatīrthaṅkṛtāṃ Janmanyāsanaprakampānantaramavadhinā Vijñāya Saudharmādhipatiḥ Sughōṣāghaṇṭā-cālanāntaraṃ Sakala Sakkāsurāsurēndraih Saha Samāgatya Savinayamarhad-bhaṭṭārakaṃ Gṛhitvā, Gatvā Kanakādriśṛṅgē a Vihita janmābhiṣēkah Śāntamudghōṣayati, Yathā Tatōhm "Kṛtānukāramiti Kṛtvā" "Mahājanō Yēna Gatah Sa Panthā." Iti Bhavyajanaiḥ Saha Samētya Snātrapīṭhē Snātraṃ Vidhāya Śāntimudghōṣayāmi, Tatpūjāyātrāsnātrādi- mahōtsavānantaramiti Kṛtvā, Kaṃṃ Dattvā Niśamyatāṃ Niśamyatāṃ Svāhā ||**

O you Exalted ones ! Like the lord of the gods, who, at the time of the birth of all the Tirthankara lords who are born in this world of the mortals, the land of Bharata, the land of Airavata and the land of Mahavideha, upon his seat being shaken, coming to know (of the birth of the lord) through intuition, the first lord of the world of gods named Saudharma, causing the bell called Sughosa to be rung, and accompained by all the gods, demons and the Indras, taking the lord Arihanta into his hands, and climibing up the summit of the mount Meru, and celebrating the birth of the lord, announces the words of peace "Let there be peace ! Let there be peace !", I also, realising that "One should imitate what is already done" and "That is the right path which is beaten by the great people", joining hands with the exalted souls to perform the Snātra on the dais meant for reciting the Snātra, proclaim peace. So you are requested again and again to listen patiently, after performing the worship, pilgrimage and the celebration called Snātra etc.

ॐ पुण्याहं पुण्याहं, प्रीयन्तां प्रीयन्ताम्, भगवन्तोर्हन्तः, सर्वज्ञाः सर्वदर्शिनस्त्रिलोकनाथास्त्रिलोकमहितास्त्रि-लोकपूज्यास्त्रिलोकेश्वरास्त्रिलोकोद्योतकराः ।।

ॐ ऋषभ-अजित-संभव-अभिनंदन-सुमति-पद्मप्रभ-सुपार्श्व-चंद्रप्रभ-सुविधि-शीतल-श्रेयांस-वासुपूज्य-विमल-अनंत-धर्म-शान्ति-कुंथु-अर-मल्लि-मुनिसुव्रत-नमि-नेमि-पार्श्व-वर्धमानान्ता जिनाः शान्ताः शान्तिकरा भवन्तु स्वाहा ।।

આજનો દિવસ ઘણો જ પવિત્ર છે. ઘણો જ પવિત્ર છે. પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ, અરિહંત તીર્થંકર ભગવન્તો સર્વજ્ઞ છે. સર્વદર્શી છે. ત્રણલોકના નાથ છે. ત્રણે લોક વડે પૂજાયા છે. ત્રણે લોકને પૂજ્ય છે. ત્રણે લોકના સ્વામી છે અને ત્રણે લોકમાં પ્રકાશ કરનારા છે.

તથા શ્રી ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન સ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભસ્વામી, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભસ્વામી, સુવિધિનાથ, શીતળનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્યસ્વામી, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાન્તિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, નેમિનાથ પાર્શ્વનાથ અને વર્ધમાન સ્વામી સુધીના શાન્ત સ્વભાવવાળા તીર્થંકર ભગવન્તો સર્વત્ર શાન્તિ કરનારા થજો. શાન્તિ કરનારા થજો. ॥

Ōṃ Puṇyāhaṃ Puṇyāhaṃ, Priyantāṃ Prīyantām, Bhagavantōrhantaḥ, Sarvajñāḥ Sarvadarśinastrilōkanāthāstrilōkamahitāstri-lōkapūjyāstrilōkēśvarāstrilōkōdyōtakarāḥ I

Ōṃ Ṛṣabha-Ajita-Sambhava-Abhinandana-Sumati-Padmaprabha-Supārśva-Candraprabha-Suvidhi-Śītala-Śrēyāṃsa-Vāsupūjya-Vimala-Ananta-Dharma-Śānti-Kunthu-Ara-Ṃalli-Munisuvrata-Nami-Nēmi-Pārśva-Vadhamānānta Jināḥ Śāntāḥ Śāntikarā Bhavantu Svāhā II

Today is a great holy day. Be happy, be habbpy. The Lord Arihanta is Omniscient; he perceives everything. He is the lord of three worlds. Every one from three worlds worships him. He is worthy of worship from them. He enlightens the three worlds.

Let the lords Rushabhdeva, Ajitanatha, Sambhavanatha, Abhinandana Swami, Sumatinatha, Padmaprabha Swami, Suparsvanatha, Candraprabha Swami, Suvidhinatha, Shitalnath, Sreyansanatha, Vasupujya Swami, Vimalnatha, Anantanatha, Dharmanatha, Shantinatha, Kunthunatha, Aranatha, Mallinatha, Muni Suvrata Swami, Naminatha, Neminatha, Parśvanatha and Vardhamana Swami, spread peace everywhere. II

ॐ मुनयो मुनिप्रवरा रिपुविजयदुर्भिक्षकान्तारेषु दुर्ग-
मार्गेषु रक्षन्तु वो नित्यं स्वाहा ।।
ॐ ह्रीं श्रीं धृति-मति-कीर्ति-कान्ति-बुद्धि-लक्ष्मी-मेधा-
विद्यासाधन-प्रवेश-निवेशनेषु सुगृहीतनामानो जयन्तु
ते जिनेन्द्राः ।। ॐ रोहिणी, प्रज्ञप्ति, वज्रशृंखला,
वज्रांकुशी-अप्रतिचक्रा-पुरुषदत्ता-काली-महाकाली-गौरी-
गान्धारी-सर्वास्त्रा-महाज्वाला-मानवी-वैरुट्या-अच्छुप्ता-
मानसी-महामानसी षोडश विद्यादेव्यो रक्षन्तु वो नित्यं
स्वाहा ।।

તથા મુનિઓમાં શ્રેષ્ઠ એવા સાધુસંતો શત્રુના વિજય કાળે, દુકાળના અવસરે, જંગલમાં, અને ભયંકર માર્ગોમાં અમારૂં હંમેશાં રક્ષણ કરો, રક્ષણ કરો. તથા ધીરજ, મતિ, કીર્તિ, કાન્તિ, બુદ્ધિ, લક્ષ્મી, તાર્કિક શક્તિ અને વિદ્યાદિની સાધનામાં પ્રવેશ કરતાં તથા સાધનામાં બેસતાં સારી રીતે ગ્રહણ કરાયું છે. નામ જેઓનું એવા તે જિનેશ્વર ભગવન્તો જય પામો જય પામો. તથા રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશ્રૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા, પુરુષદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાન્ધારી, સર્વાસ્ત્રા, મહાજ્વાલા, માનવી, વૈરુટ્યા, અચ્છુપ્તા, માનસી, મહામાનસી, એમ સોળે વિદ્યાદેવીઓ હંમેશાં અમારું રક્ષણ કરો, રક્ષણ કરો. ॥

Ōṃ Munayō Munipravarā Ripuvijaya - durbhikṣakāntārēṣu Durgamārgēṣu

Rakṣantō Vō Nityaṃ Svāhā II

Ōṃ Hrīṃ Śrīṃ Dhṛtimatikīrtikāntibuddhi-lakṣmīmēdhāvidyāsādhanapravēśa- nivē-śanēṣu sugṛhītanāmānō Jayantu Tē Jinēndrāḥ II Ōṃ Rōhiṇī-Prajñapti-Vajra-śṛṅkhalā-Vajrāṅkuśī-Apraticakrā-Purūṣa-dattā-Kālī-Mahākālī-Gaurī-Gāndhārī-Sarvāstrā-Mahājvālā-Mānavī-Vairuṭyā-Acchuptā-Mānasī-Mahāmānasī-Ṣōḍaśa-Vidyādēvyō Rakṣantu Vō Nityaṃ Svāhā II

May the best among the monks and the saints protect us at all times, at the time of enemy victory, at the time of famine, in the forest and in the dangerous roads. Let the lord Jinas, whose name is very well recited, while embarking on the propitiation of patience, intelligence, glory, lustre, wealth, logic also knowledge etc., be victorious, be victorious. (And) May the sixteen goddesses of Learning called Rōhini, Prajñapti, Vajraśṛṅkhalā, Vajrāṅkuśi, Apraticakrā, Purusadattā, Kālī, Māhākāli, Gauri, Gāndhāri, Sarvāstrā Mahājvālā, Mānavi, Vairuṭā, Acchuptā, Mānasī, and Mahāmānasī protect us hereafter.

ॐ आचार्योपाध्याय-प्रभृति-चातुर्वर्णस्य श्रीश्रमणसंघस्य शान्तिर्भवतु तुष्टिर्भवतु पुष्टिर्भवतु ।। ॐ ग्रहाश्चन्द्र-सूर्यांगारक-बुध-बृहस्पति-शुक्र-शनैश्चर-राहुकेतु-सहिताः सलोकपालाः सोम-यम-वरुण-कुबेर-वासवादित्य-स्कन्द-विनायकोपेता ये चान्येपि ग्राम-नगर-क्षेत्र-देवता-दयस्ते सर्वे प्रीयन्तां प्रीयन्तां, अक्षीणकोश-कोष्ठागारा नरपतयश्च भवन्तु स्वाहा ।।

તથા આચાર્ય મહારાજ, અને ઉપાધ્યાયજી મહારાજ વગેરે ચારે પ્રકારના શ્રી શ્રમણસંઘની શાન્તિ થાઓ, તુષ્ટિ થાઓ, અને પુષ્ટિ થાઓ તથા ચંદ્ર, સૂર્ય, અંગારક, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનૈશ્ચર, રાહુ, કેતુથી સહિત જે જે ગ્રહો છે, તે, તથા સોમ, યમ, વરુણ અને કુબેર તથા ઈન્દ્ર, સૂર્ય, સ્કંદ અને વિનાયકાદિ સહિત જે જે લોકપાલ દેવો છે તે, તથા બીજા પણ ગામ, નગર અને ક્ષેત્રના નાયક જે જે દેવો છે તે સર્વે અમારા ઉપર ખુશ થાઓ ખુશ થાઓ. અને અમારા દેશના રાજાઓ પણ હંમેશાં અખુટ ધન ભંડાર અને અખુટ ધાન્યભંડાર વાળા થાઓ.

Ōṃ Ācāryōpādhyāyaprabhṛticāruvrṇasya Śrīśramaṇasanghasya Śāntirbhavatu Tuṣṭirbhavatu Puṣṭirbhavatu ll

Ōṃ Grahāścandrasūryāṅgārakabudhabṛhaspati-Śukraśanaiścararāhukētusahita Salōkapālā Sōmayamavaruṇakubēravāsavāditya-skandavināyakōpētā, Yē Cānyēpi Grāma-Nagarakṣētradēvatādayastē Sarvē Prīyantāṃ Prīyantāṃ, Akṣīṇakōśa-kōṣṭāgārā Narapatayaśca Bhavantu Svāhā ||

Let the fourfold Jaina Sangh consisting of the Rev. Acharya, Upadhyaya, etc. attain peace, fulfilment and progress. Let the planets such as the Moon, the Sun, the Mars, the Mercury, the Jupiter, the Venus and the Saturn along with the Rahu and the Ketu as well as the different guardians of the world such as Soma, Yama, Varuna and Kubera along with Indra, Surya, Skanda, Vinayaka etc; and the other deities of village, city and region, be pleased with us; be pleased with us. May the kings of our country, always, possess ample treasures of wealth as well as plenty of food grains. ||

ॐ पुत्र-मित्र-भ्रातृ-कलत्र-सुहृत्-स्वजन-सम्बन्धि-बन्धुवर्ग-सहिता नित्यं चामोद-प्रमोदकारिणः अस्मिंश्च भूमंडलायतन-निवासि-साधु-साध्वी-श्रावक-श्राविकाणां-रोगोपसर्ग-व्याधि-दुःख-दुर्भिक्ष-दौर्मनस्योपशमनाय शान्तिर्भवतु ।।

ॐ तुष्टि-पुष्टि-ऋद्धि-वृद्धि-मांगल्योत्सवाः सदा- प्रादुर्भूतानि पापानि शाम्यन्तु दुरितानि, शत्रवः पराङ्मुखा भवन्तु स्वाहा ।।

તથા પુત્ર, મિત્ર, ભાઈ, પત્ની, સજ્જન અને પોતાના કુટુંબીઓ સંબંધી મિત્ર વર્ગ સહિત સર્વ મનુષ્યો હંમેશાં આનંદ-પ્રમોદ કરનારા થજો. આ પૃથ્વી મંડલ ઉપર નિવાસ કરનારા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓના રોગ, ઉપસર્ગ, વ્યાધિ, દુઃખ, દુકાળ અને માનસિક દુષ્ટ વિચારોના ઉપશમન માટે શાન્તિ થાઓ, શાન્તિ થાઓ. તથા તુષ્ટિ, પુષ્ટિ, ઋધ્ધિ, વૃધ્ધિ અને મંગલભૂત એવા ઉત્સવો હંમેશાં થજો. પાપો શાન્ત થજો. દુઃખો અને શત્રુઓ અવળા મુખવાલા થજો. ॥

Ōṃ Putramitrabhrātṛkalatrasuhṛtsvajana-sambandhibandhuvargasahitā Nityaṃ cāmōda-pramōdakāriṇaḥ Asmiśca Bhū-maṇḍalā-yatananivāsisādhusādhvīśrāvaka-śrāvikāṇāṃ Rōgōpasarga vyādhi-duḥkha-

durbhikṣa - daurmanasyōpaśamanāya Śāntirbhavatu ||
Ōṃ Tuṣṭipuṣṭirdhdhivṛdhdhi-māṅgalyōtsavāḥ Sadā Prādurbhūtāni Pāpani Śāmyantu Duritāni Śatravaḥ Parāṅmukhā Bhavantu Svāhā ||

Let all the people, with their families and friends experience joy and happiness all the time. Let there be peace for the pacification of evil thoughts of the mind as well as of famine, misery, troubles and diseases of the laymen. Let there be festivals which mark auspiciousness, satisfaction, progress, prosperity and abundance. Let the sins subside. Let miseries and enemies turn their faces away (from us).

श्रीमते शान्तिनाथाय नमः शान्तिविधायिने ।
त्रैलोक्यस्यामराधीश, - मुकुटाभ्यर्चिताङ्घ्रये ।।१।।
शान्तिः शान्तिकरः श्रीमान्, शान्तिं दिशतु मे गुरुः ।
शान्तिरेव सदा तेषां येषां शान्ति र्गृहे गृहे ।।२।।

ત્રણે લોકની શાન્તિને કરનારા, તથા ઈન્દ્રોના મુકુટો વડે પૂજાયા છે ચરણો જેના એવા શ્રી શાન્તિનાથ ભગવાનને અમારા નમસ્કાર હો. તથા શાન્તિને કરનારા, લક્ષ્મીવાળા, અને મારા ધર્મગુરૂ એવા શ્રી શાન્તિનાથ ભગવાન મને શાન્તિ દેખાડો. તથા હંમેશાં તેઓને શાન્તિ થજો કે જેઓનાં ઘરે ઘરે આ શાન્તિપાઠ ભણાય છે.

**Śrīmatē Śāntināthāya Namaḥ Śāntividhāyinē I**
**Trailōkyasyamarādhīśa, Mukuṭābhyarcitāṅ-ghrayē II1II**
**Śāntih Śāntikaraḥ Śrīmān, Śānti Diśatu Mē Guruḥ I**
**Śāntirēva Sadā Tēṣāṃ Yēṣāṃ Śāntir Gṛhē Gṛhē II2II**

May our obeisance be to Lord Shantinatha, who has been worshipped by the lord Indras and who brings penle the three worlds. May lord Shantinatha, who is a peace maker and welathy by the virtue of the soul and who is my master, show me peace. Let those people have peace at whose houses this peaceful (chart) is recited.

उन्मृष्ट-रिष्ट-दुष्ट-ग्रहगति-दुःस्वप्न-दुर्निमित्तादिः ।
संपादित-हितसंपन्नामग्रहणं जयति शान्तेः ।।३।।
श्री संघ-जगज्जनपद-राजाधिप-राजसन्निवेशानाम् ।
गोष्ठिक-पुरमुख्याणां, व्याहरणैर्व्याहरेच्छान्तिम् ।।४।।

અવળાં (દુઃખદાયી) નક્ષત્રો હોય, દુષ્ટ ગ્રહોની ગતિ હોય, દુષ્ટ સ્વપ્નો આવ્યાં હોય તથા ખરાબ નિમિત્તાદિ થયાં હોય ત્યારે પ્રાપ્ત થયું છે હિત અને સંપત્તિ જેનાથી એવું શ્રી શાન્તિનાથ ભગવાનનું નામ ગ્રહણ જ જય પામે છે. શ્રી સંઘ, જગદ્વર્તી દેશો, મહારાજાઓ, રાજાનાં રહેઠાણો, ધર્મસભાના સભ્યો તથા નગરના મુખ્ય મનુષ્યોનાં નામ લેવા પૂર્વક શાન્તિની ઉદ્‌ઘોષણા કરવી. તે આ પ્રમાણે -

**Unmṛṣṭa-riṣṭa-duṣṭa-grahagati-duḥsvapna-durnimittādiḥ I Sampādita-hitasampannāma-grahaṇaṃ Jyati Śāntēh II3II**
**Śrīsaṅgha - jagajjanapada - rājādhipa-rājasannivēśānāṃI Gōṣṭikapuramukhyāṇāṃ, vyāharaṇai rvyāharē cchāntim II 4 II**

When the stars are asdverse (painful), the planets are evil, dreams are bad and things are not good, recite and chant the name of Lord Shantinatha. This will secure welfare and prosperity and will achieve vicfory.

Recite Shanti (peace) stora by taking the names of the Jaina Sangha, all the countries, the emperor, palaces, road, crossings, citizens and the mayor of the city, as follows -

श्रीश्रमणसंघस्य शान्तिर्भवतु,

श्रीजनपदानां शान्तिर्भवतु ।

श्रीराजाधिपानां शान्तिर्भवतु,

श्रीराजसन्निवेशानां शान्तिर्भवतु ।

श्रीगोष्ठिकानां शान्तिर्भवतु,

श्रीपौरमुख्याणां शान्तिर्भवतु ।

श्रीपौरजनस्य शान्तिर्भवतु,

श्रीब्रह्मलोकस्य शान्तिर्भवतु ।।

ॐ स्वाहा, ॐ स्वाहा, ॐ श्री पार्श्वनाथाय स्वाहा ।।

શ્રી શ્રમણસંઘની શાન્તિ થાઓ,

શ્રી સકળ દેશોની શાન્તિ થાઓ,

શ્રી મહારાજાઓની શાન્તિ થાઓ,

શ્રી રાજાના રહેઠાણોની શાન્તિ થાઓ,

શ્રી ધર્મસભાના સભ્યોને શાન્તિ થાઓ,

શ્રી નગરના મુખ્ય માણસોને શાન્તિ થાઓ,

શ્રીનગરના સામાન્યમાણસોને શાન્તિ થાઓ.

તથા શ્રી સમસ્ત બ્રહ્મલોકને શાન્તિ થાઓ.

(બાકીના બધા મંત્રાક્ષરો છે).

Śrīśramaṇasanghasya Śāntirbhavatu,

Śrī- janapadānāṃ Śāntirbhavatu I

Śrīrājādhipānāṃ Śāntirbhavatu,

Śrī- rājasannivēśānāṃ Śāntirbhavatu I

Śrīgōṣṭikānāṃ Śāntirbhavatu,

Śrī - pauramukhyāṇāṃ Śāntirbhavatu I

Śrīpaurajanasya Śāntirbhavatu,

Śrī-brahmalōkasya Śāntirbhavatu I

Ōṃ Svāhā, Ōṃ Svāhā, Ōṃ Śrī-Pārśvanāthāya Svāhā II

Let there be peace for the Jaina Sangha, let there be peace for all the countries, in the world let there be peace for the emperors, let there be peace for the kings' houses, let there be peace at the cross roads and the market places, let there be peace for the leading citizens as well as the common men and let ther be peace for the celestial worlds. (The rest are the words for chanting).

एषा शान्तिः प्रतिष्ठा-यात्रा-स्नात्राद्यवसानेषु शान्तिकलशं गृहीत्वा, कुंकुम-चंदन-कर्पुरागरु-धूपवास-कुसुमांजलि-समेतः स्नात्रचतुष्किकायां, श्री संघसमेतः, शुचि-शुचि-वपुः-पुष्प-वस्त्र-चंदनाभरणालंकृतः पुष्पमालां कंठे कृत्वा, शान्तिमुद्घोषयित्वा, शान्तिपानीयं मस्तके दातव्यमिति ।।

તીર્થંકર પરમાત્માની પ્રતિષ્ઠાના પ્રસંગે, તીર્થયાત્રાદિના પ્રસંગે તથા સ્નાત્રાદિ ભણાવ્યા પછી અંતે શાન્તિકલશ હાથમાં લઈને, કેશર, ચંદન, કપુર અને અગરૂધૂપની સુગંધોથી વાસિત એવી ઉત્તમ કુસુમાંજલિ સહિત થઈને સ્નાત્ર ભણાવવાની પીઠિકા સામે (બેસીને) શ્રી સંઘ સાથે પવિત્રમાં પવિત્ર શરીર વાળા થઈને, ઉત્તમ પુષ્પો, વસ્ત્રો, ચંદન અને અલંકારોથી અલંકૃત થઈને ગળામાં પુષ્પોની માલા નાખીને આ શાન્તિપાઠ બોલવો. તથા શાન્તિની ઉદ્‌ઘોષણા કરીને માથા ઉપર આ શાન્તિકળશનું પાણી નાખવું. ॥

Ēṣā Śāntih Pratiṣṭhā Yātrā Snātrādyavasānēṣu Śāntikalaśaṃ Gṛhitvā, Kuṅkamacandana-karpurāgarudhūpavāsakusumāñjalisamētaḥ Snātracatuṣkikāyāṃ, Śrīsaṅghasamētaaḥ, Śuci Śuci Vapuh Puṣpavastra-candanābharaṇālaṅkṛtaḥ Puṣpamālāṃ Kaṇṭhē Kṛtvā, Śāntimudghōṣayitvā, Śāntipānīyaṃ Mastakē Dātavyamiti ||

On the occasion of the consecration ceremony of Lord Tirhankara, the time of religious pilgrimage and after reciting the Snātra, Sutra, taking the pitcher in hands at the end of the ceremony, taking up an excellent offering of fragrant flowers with the scents of kumkum and sandal paste, camphor and incense of Agaru, sitting and reciting the Snātra, with pure mind and with the Jain Sangha, being decorated with exellent flowers, clothes, sandal paste and ornaments, one should recite this text for Shanti or peace. After proclaimation of peace, pour water from pitcher on statue, chanting the stotra for peace.

नृत्यन्ति नृत्यं मणिपुष्पवर्षं, सृजन्ति गायन्ति च मंगलानि ।
स्तोत्राणि गोत्राणि पठन्ति मंत्रान्,
कल्याणभाजो हि जिनाभिषेके ।।१।।
शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवतु लोकः ।।२।।

જિનેશ્વર પરમાત્માના જન્માભિષેક વખતે કલ્યાણમાં ભાગ લેનારા મનુષ્યો નાચ નાચે છે. મણિઓ અને પુષ્પોનો વરસાદ વરસાવે છે. મંગલપાઠો ગાય છે. સ્તોત્રો, ગાયનો અને મંત્રોને ભણે છે. ॥૧॥

સર્વ જગતનું કલ્યાણ થાઓ. પ્રાણીઓનો સમૂહ પરોપકારમાં પરાયણ થાઓ. દોષો નાશ પામો. અને લોક સર્વ ઠેકાણે સુખી થાઓ. ॥૨॥

**Nṛtyanti Nṛtyaṃ Maṇipuṣpavarṣaṃ, Sṛjanti Gāyanti Ca Maṅgalāni | Stōtrāṇi Gōtrāṇi Paṭhanti Mantrān Kalyāṇabhājō Hi Jinābhiṣēkē || 1 ||**
**Śivamastu Sarvajagataḥ Parahitaniratā Bhavantu Bhūtagaṇāḥ | Dōṣāḥ Prayāntu Nāśaṃ, Sarvatra Sukhībhavantu Lōkāḥ || 2 ||**

At the time of the birth bathing celebration of Lord Jina, the participants are dancing. They are showering gems and flowers, reciting auspicious songs, chant hymns, and recite religious texts. ||1||
May the whole world get the blessing. May all beings help each other. Let the bad deeds get destroyed and all human beings become happy. ||2||

अहं तित्थयरमाया, सिवादेवी तुम्ह नयरनिवासिनी ।
अम्ह सिवं तुम्ह सिवं, असिवोवसमं सिवं भवतु स्वाहा ।।३।।

उपसर्गाः क्षयं यान्ति च्छिद्यन्ते विघ्नवल्लयः ।
मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ।।४।।

सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ।।५।।

તમારા જ નગરમાં રહેવાવાળી, તીર્થંકર પરમાત્મા પ્રત્યે વાત્સલ્ય ભાવવાળી, હું કલ્યાણ કરનારી દેવી છું. અમારૂં પણ કલ્યાણ થાઓ અને તમારૂં પણ કલ્યાણ થાઓ અને સર્વ ઠેકાણે અશિવ શાન્ત થાઓ તથા કલ્યાણ જ કલ્યાણ થાઓ. ॥૩॥

જિનેશ્વર પરમાત્માને પૂજતે છતે ઉપસર્ગો ક્ષય પામે છે. વિઘ્નોની વેલડીઓ છેદાય છે અને મન પ્રસન્નતાને પામે છે. ॥૪॥

સર્વ મંગલોમાં મંગલભૂત, સર્વ કલ્યાણોનું કારણ, અને સર્વ ધર્મોમાં પ્રધાન એવું જૈનશાસન જય પામો, જય પામો. ॥૫॥

Ahaṃ Titthayaramāyā, Sivādēvī Tumha Nayara Nivāsinī I
Amha Śivaṃ Tumha Śivaṃ, Asivōvasamaṃ Sivambhavatu Svāhā II 3 II

Upasargāh Kṣayaṃ Yānti Cchidyantē Vighnavallayaḥ I
Manah Prasannatāmēti, Pūjyamānē Jinēśvarē II4II

Sarvamaṅgalamāṅgalya Sarvakalyāṇakāraṇaṃ I
Pradhānaṃ Sarva Dharamāṇāṃ, Jainaṃ Jayati Śāsanaṃ II 5 II

I am the goddess that brings about wefare, living in your city and affectionate towards the lord Tirthankara. May good be to us and to you, too. May inauspicious be pacified everywhere and let only auspicious preyali. II3II

When one worships the Lord Jina, troubles and obstacles vanish, the creepers of obstructions are cut asunder and the mind attains bliss. II4II

May the Jaina order, which is the highest expression of goodness, auspiciousness and which is the best faith among faiths, remain victorious. II5II

**END**

## અમારાં લખાયેલાં પ્રકાશિત થયેલાં પુસ્તકો :

(૧) યોગવિંશિકા
(૨) યોગશતક
(૩) શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત
(૪) શ્રી જૈન તત્ત્વ પ્રકાશ
(૫) શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર
(૬) જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોશ
(૭) જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માળા
(૮) કર્મવિપાક (પ્રથમ કર્મગ્રંથ)
(૯) કર્મસ્તવ (દ્વિતીય કર્મગ્રંથ)
(૧૦) બંધસ્વામિત્વ (તૃતીય કર્મગ્રંથ)
(૧૧) ષડશીતિ (ચતુર્થ કર્મગ્રંથ)
(૧૨) પૂજા સંગ્રહ સાર્થ
(૧૩) સ્નાત્રપૂજા સાર્થ
(૧૪) સમ્યક્ત્વની સજઝાય
(૧૫) નવસ્મરણ સાર્થ (ઈંગ્લીશ સાથે)
(૧૬) રત્નાકરાવતારિકા ભાગ – ૧
(૧૭) રત્નાકરાવતારિકા ભાગ – ૨
(૧૮) શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય
(૧૯) શ્રી આઠ દૃષ્ટિની સજઝાય

Bharat Graphics, Ahmd. Ph. : 2134176, 2124723